


દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 218 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 September 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26




સોમવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ૨૧ રાજ્યમાં સમાન નાગરિક ધારો: અમિત શાહ

## મુંબઈમાં અમિત શાહે કરી જાહેરાત: ભાજપશાસિત આ રાજ્યોમાં ૨૦૨૯ સુધીમાં યુસીસી અમલી બનશે: મોદી યુગે ભારતને ભ્રષ્ટાચાર, જાતિવાદ, વંશવાદના રાજકારણમાંથી આઝાદ કર્યો હોવાનું પણ કહ્યું

મુંબઈ: દેશમાં ભાજપ શાસિત ૨૧ રાજ્યમાં ૨૦૨૯ સુધીમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) કે સમાન નાગરિક ધારો અમલી બનશે એમ જણાવતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે અહીં ઉમેર્યું હતું કે, મોદી યુગે ભારતને ભ્રષ્ટાચાર, જાતિવાદ, વંશવાદના રાજકારણમાંથી મુક્તિ કરી પર્ફોર્મન્સ આધરિત રાજકારણની દિશામાં વાળ્યું છે. તેમણે અહીં પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે અનેક રાજ્યોમાં યુસીસી અમલમાં મુકાઈ ગયો છે અને વર્ષ ૨૦૨૯ની લોકસભાની ચૂંટણી અગાઉ ભાજપ-એનડીએ શાસિત તમામ ૨૧ રાજ્યમાં તે અમલી બનશે.

મોદીએ દેશને લકવાગ્રસ્ત નીતિઓ, સંયુક્ત મોરચા સરકાર અને નબળા નિર્ણયોમાંથી મુક્ત કર્યો છે, એમ તેમણે કહ્યું હતું. વર્ષ ૨૦૧૪ અગાઉ દેશ ભ્રષ્ટાચાર, જાતિવાદ અને વંશવાદના રાજકારણથી પીડાતો હતો. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૬ના રાજકારણના યુગમાં આ ત્રણે દૂષણનો અંત આવ્યો હતો અને લોકો પર્ફોર્મન્સના રાજકારણની દિશામાં આગળ વધ્યા હતા.

‘જનસેવા એ જ પ્રભુસેવા’ સૂત્ર ધરાવતી ઝુંબેશનું લક્ષ્ય દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાનાં લક્ષ્યમાં લોકોની ભાગીદારી વધારવાનું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■


the ultimate OLD GOLD UPGRADE
SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## ટૅક્નોલૉજી-દુર્લભ ખનીજોને હથિયાર બનાવવા સામે મોદીની ચેતવણી

નવી દિલ્હી: ભૂરાજકીય તંગદિલી વૈશ્વિક સ્તરે સામાન્ય માનવીને પ્રભાવિત કરી રહી છે ત્યારે બ્રિક્સે સહકાર અને સમાવેશક વિકાસ વડે આ પડકારોનો સામનો કરવો જોઈએ અને માનવ આલમને કાજે ખીલવું જોઈએ, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું. ભારતે આયોજિત બ્રિક્સ શિખર પરિષદના પૂર્ણાહુતિ સત્રમાં બોલતા મોદીએ તંત્રજ્ઞાન અને દુર્લભ ખનીજોને હથિયાર બનાવવા સામે લાલ ઝંડી ધરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે આવા અભિગમથી સહિયારી પ્રગતિ અને સમૃદ્ધિ પર વિપરિત અસર થાય છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે ગ્લોબલ સાઉથના દેશો બ્રિક્સનો વિશ્વાસ કરે છે, કારણ કે તેમનો અવાજ અહીં સાંભળવામાં આવે છે, તેમના અનુભવની કિંમત થાય છે અને ઉકેલો તેમના પર લાદવાને બદલે ભાગીદારીમાં શોધવામાં આવે છે.

બ્રિક્સ ૧૧ દેશનાું જૂથ છે જે વિશ્વની કુલ વસતીના ૪૯.૫ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે અને વિશ્વની જીડીપીના ૪૦ ટકાનું યોગદાન આપે છે. સંમેલનનું સમાપન લોજિસ્ટિક્સ સપ્લાઈ ચેન, સ્ટાર્ટ-અપ્સ અને

(જુઓ પાનું ૨) ▶▶

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ ગણેશચતુર્થી નિમિત્તે તા. ૧૪-૦૯-૨૦૨૬, સોમવારે બંધ રહેવાની હોવાથી તા. ૧૫-૦૯-૨૦૨૬, મંગળવારનો અંક પ્રસિદ્ધ નહિ થાય તેની નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## બ્રિક્સ માટેના ઑપન-સૉર્સ એઆઇના સર્જનમાં ચીન આગેવાની લેશે: જિનપિંગ

### આના ઉપરાંત તેમણે બ્રિક્સ માટે સંકલિત બજારનું નિર્માણ સહિતની પાંચ મુદ્દાની પહેલનો પણ પ્રસ્તાવ માંડ્યો

નવી દિલ્હી: બ્રિક્સે તેની ઊભરતી બજારો અને ગ્લૉબલ સાઉથ સાથેના ગાઢ સંબંધોનો ઉપયોગ કરીને પુરવઠાની સાંકળ કે સપ્લાય ચેઇનની સલામતીની ખાતરી કરી લેવી જોઈએ અને એક મોટી સંકલિત બજારનું નિર્માણ કરવું જોઇએ એમ રવિવારે અહીં જણાવનાર ચીનના પ્રમુખ શી જિનપિંગે સાથે-સાથે ઉત્પાદન, વ્યાપાર અને ટેક્નોલોજીમાં સહકાર માટેની પાંચ મુદ્દાની પહેલનો પણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે સાથે -સાથે એવી જાહેરાત કરી હતી કે, પાંચ મુદ્દાની પહેલના ભાગરૂપે ચીન બ્રિક્સના સભ્ય દેશો માટે ઑપન-સૉર્સ એઆઇના સર્જનની પ્રક્રિયામાં આગેવાની લેશે.

બ્રિક્સ સમિટના સમાપન સત્રને સંબોધતા શી

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય મહિલા ક્રિકેટરો એશિયન ચૅમ્પિયન

દુબઈ: હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતે અહીં રવિવારે શ્રીલંકાને ફાઇનલમાં ૭૨ રનથી હરાવીને ટી-૨૦ એશિયા કપનું ટાઇટલ જીતી લીધું હતું. ભારતે વન-ડે અને ટી-૨૦, બન્ને ફૉર્મેટ મળીને કુલ આઠ એશિયન ટાઇટલ જીત્યા છે.

ભારતે ૧૮૪ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ શ્રીલંકાની ટીમે છેલ્લા બૉલ પર ૧૧૧ રને ૧૦મી વિકેટ ગુમાવી હતી. સ્પિન-આક્રમણની હરીફાઈમાં ભારતે શ્રીલંકાને જબરદસ્ત માત આપી છે. ભારતીય સ્પિનર શ્રી ચરની (૪-૧-૨૦-૪) સૌથી સફળ સ્પિનર સાબિત થઈ હતી. બીજી સ્પિનર દીપ્તિ શર્માએ ૧૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. જોકે ભારતીય ફીલ્ડરોએ પાંચ જેટલા કૅચ પડતા મૂક્યા હતા. ક્રાંતિ ગૌડ, શેફાલી વર્મા, પ્રેમા રાવતે એક-એક વિકેટ મેળવી હતી.

### શેફાલી-સ્મૃતિની ૧૨૯ની ભાગીદારી

ભારતે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા. શેફાલી વર્મા (૬૮ રન, ૩૯ બૉલ, બે છગ્ગા, નવ ચોગ્ગા) અને સ્મૃતિ મંધાના (૫૯ રન, ૩૯ બૉલ, ત્રણ છગ્ગા, પાંચ ચોગ્ગા) વચ્ચે ૧૨૯ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. સ્મૃતિ આ ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત રનઆઉટ થઈ

(જુઓ પાનું ૮) ▶▶


### તપસ્વીઓની અનુમોદના...

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નિમિત્તે ‘મુંબઈ સમાચાર’ પરિવાર તરફથી સર્વે જૈન આરાધકો, તપસ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની ભાવપૂર્વક ભૂરી-ભૂરી અનુમોદના! તમારા પરિવાર કે સ્નેહીજનોમાં કોઈએ અઠ્ઠાઈ, માસખમણ, સિદ્ધિતપ કે અન્ય કોઈ વિશિષ્ટ તપશ્ચર્યા-સંયમની આરાધના કરી હોય, તો તેમની આ કઠોર સાધનાને પોંખીએ...

તપસ્વીનું પૂરું નામ, તપશ્ચર્યાની વિગત, શહેરનું નામ લખીને મોકલી આપો.
અમારો વૉટ્સઍપ નંબર: 70454 30579


## સંયુક્ત અનાજ બજાર સ્થાપો: પુતિન

નવી દિલ્હી: વૈશ્વિક પડકારોનો સામનો કરવા બ્રિક્સે સંપૂર્ણ દૃષ્ટિકોણ ધરાવતો અભિગમ અપનાવવો જોઈએ એવો અનુરોધ કરતા રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને રવિવારે બ્રિક્સ શિખર પરિષદમાં નવા વીમા તંત્ર અને સંયુક્ત અનાજ બજાર સ્થાપવાની દરખાસ્ત મૂકી હતી. રશિયાના યુક્રેન સાથેના યુદ્ધને લીધે તેના પર પશ્ચિમના દેશોએ પ્રતિબંધો મૂક્યા છે ત્યારે પુતિને બ્રિક્સ સભ્યદેશો અને ગ્લોબલ સાઉથના દેશોના આર્થિક વિકાસ માટે નવી પહેલ કરી હતી.

જી-સાત દેશો, યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ કિંગડમે તેલ નક્કી કરવામાં આવેલા ભાવથી નીચા દરે ન લેવાય તો રશિયાના ખનિજ તેલના પરિવહન કરનારા જહાજનો વીમો લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. વીમા ક્ષેત્રના અંકુશોને લીધે રશિયાની ખનિજ તેલની

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતનો સુપર સન્ડે



અભિષેકની આતશબાજીથી અફઘાનને ટી૨૦માં હરાવ્યું

જુનિયર હૉકીમાં મેન્સ અને વિમેન્સ એશિયા કપ પણ જીત્યો

૮

## યુકેના ટુકડા થશે?

### સ્કૉટલૅન્ડ, વેલ્સ, નૉર્ધન આયરલૅન્ડના નેતાઓ આ સંબંધી ડીલ કરે એવી શક્યતા

નવી દિલ્હી: યુનાઈટેડ કિંગડમ (યુકે)ના બ્રેક-અપ (વિભાજન)ની પ્રક્રિયાનો આરંભ કરવા સ્કૉટલૅન્ડ, વેલ્સ અને નૉર્ધન આયરલૅન્ડના નેતાઓ સોમવારે કરાર પર સહી કરે એવી શક્યતા છે એમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

કાર્ડિફ ખાતે યોજાનારી શિખર પરિષદમાં સ્કૉટલૅન્ડ, વૅલ્સ અને આયરલૅન્ડના પ્રધાનો સ્વતંત્રતા માટે જનમતનો અધિકાર જાળવી રાખવાની માગણી કરતા સંયુક્ત જાહેરનામા પર સહી કરશે.

યુનાઈટેડ આયરલૅન્ડ જોવાનું મને ગમશે એ પ્રકારના અમેરિકાના

(જુઓ પાનું ૨) ▶▶

## એઆઇની ઝડપ બેકાબૂ, પણ ટ્રમ્પ બ્રેક નહીં મારે

### ડારિયો અમોદેઇ, સૅમ ઑલ્ટમેન અને ઈલોન મસ્કની ચેતવણી અમેરિકી પ્રમુખ કાને ધરવા તૈયાર નથી

ન્યૂ યૉર્ક: આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સ (એઆઇ)ના અગ્રણી ઍન્થ્રોપિકના ડારિયો અમોદેઇ, ઑપનએઆઇના સૅમ ઑલ્ટમેન અને ઇલોન મસ્કે એઆઇના વિકાસની ઝડપ ધીમી કરો નહીં તો એઆઇ માનવના નિયંત્રણની બહાર નીકળી જશે એવી ચેતવણી ઉચ્ચારી એ પછી આ મામલે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રવિવારે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે એઆઇના વિકાસને ધીમો પાડવાનો સવાલ નથી થતો.

તેમણે એઆઇની ગતિ પર બ્રેક મારવાની સાફ ના પાડતા કહ્યું હતું કે, અમેરિકા એઆઇ રેસમાં ચીનથી પાછળ રહી જવા માગતુ નથી.

ઍન્થ્રોપિકના સીઇઓ ડારિયો અમોદેઇએ શનિવારે એઆઇ ઉદ્યોગની ઝડપી ગતિ ધીમી કરવાની હિમાયત કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જો એઆઇ મૉડેલે આટલી ઝડપી ગતિએ સુધરતા રહેશે, તો માનવીઓ આ સિસ્ટમોને સમજવા અને નિયંત્રિત કરવાની ક્ષમતામાં પાછળ રહી શકે છે.

ઍન્થ્રોપિક સાથે સંકળાયેલા સંશોધકોના જાહેર રાજીનામા બાદ અમોદેઇએ એઆઈ વિકાસને ધીમો પાડવાની તેમની યોજનાની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ઍન્થ્રોપિક પોતાની સિસ્ટમ સુધી ત્રીજા પક્ષના મૂલ્યાંકનકારોને કાયમી અને કર્મચારીઓના સ્તરની પહોંચ આપશે જેથી તે સુરક્ષા પગલાંનું પાલન ચકાસી શકે, ઘટનાઓને રિપોર્ટ કરી શકે અને તાલીમ દરમિયાન માનવ હિતોમાં

(જુઓ પાનું ૨) ▶▶

## હુતીઓએ સઉદી પર ડ્રૉન ને મિસાઇલથી હુમલો કર્યો

કાઇરો: યમનમાં ઇરાન સમર્થિત હુતીઓએ પડોશી દેશ સઉદી અરેબિયા પર નવા હુમલાઓ કર્યાનો દાવો કર્યો છે. જ્યારે સઉદી અરેબિયા સમર્થિત યમન સરકારે રાતા સમુદ્રના કિનારે બળવાખોરોની ગતિવિધિઓને ઇરાન યુદ્ધનો એક નવો મોરચો ગણાવ્યો હતો.

તાજેતરના દિવસોમાં હુતીઓએ બાબ અલ-મંદેબ સ્ટ્રેટ પર એક મુખ્ય બંદર શહેર અને એક ટાપુ પર કબજો કર્યો છે, જે હોર્મુઝ સ્ટ્રેટનો મહત્વપૂર્ણ શિપિંગ વિકલ્પ છે. આના કારણે બજાર અને યમનના નાગરિકોની ચિંતા વધી છે. લોકોને ભય છે કે વિનાશક

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝમાં ઈરાનના વેપારી જહાજ પર હુમલો: એકનું મોત

કાઇરો: હોર્મુઝ સામુદ્રધુનીમાં કેશ્મ ટાપુ પાસે રવિવારે વહેલી સવારે ઇરાનના વેપારી જહાજ પર કરવામાં આવેલા હુમલામાં એક જણનું મોત થયું હોવા ઉપરાંત ચાર જણ જખમી થયા હોવાનું પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. આ ઘટના તેના એક દિવસ પહેલાં બની હતી જ્યારે ઇરાન ત્યાંનાં વિવાદાસ્પદ શિપિંગ ટ્રાફિકને વ્યવસ્થિત કરવા અંગે પ્રાદેશિક દેશને માહિતી આપવા માગતો હતો.

સમાચાર સંસ્થાના જણાવ્યા અનુસાર આ માટે ‘આતંકવાદી દુશ્મન’ જવાબદાર હોવાનો કેશ્મના ગવર્નરે દાવો કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે મૃતક વ્યક્તિ કાર્ગો જહાજના ૧૦ ક્રૂ મેમ્બરોમાંનો એક હતો. જોકે કયા પ્રક્ષેપાસ્ત્રથી હુમલો કરવામાં આવ્યો હતો તે હજુ સુધી જાણી શકાયું ન હોવાનું તેમણે કહ્યું હતું. હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થઈ રહેલા એક જહાજને પ્રક્ષેપાસ્ત્રથી નુકસાન થયું હોવાનું યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઑપરેશન્સ મોનિટરે અલગથી જણાવ્યું હતું. જોકે તેની વધુ વિગતો આપી નહોતી. આ મામલે અમેરિકી સૈન્ય તરફથી તાત્કાલિક કોઈ નિવેદન આવ્યું નહોતું. અમેરિકી સૈન્ય અગાઉ ઇરાનના ધ્વજવાળા જહાજોને નિશાન બનાવી ચૂક્યું છે અને હજુ પણ ઇરાનનાં બંદરોની નાકાબંધી ચાલુ જ રાખી છે. (એજન્સી)■

## બ્રિક્સ: મોદીએ ૧૫ દેશના નેતાઓ સાથે બેઠક કરી

નવી દિલ્હી: બ્રિક્સ સમિટ દરમિયાન ત્રણ દિવસમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વિપક્ષી વાટાઘાટ માટે વિવિધ દેશ કે સરકારના વડા સાથે ૧૫ બેઠક કરી હતી.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઉપરાંત વડા પ્રધાને રવિવારે વિવિધ દેશ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાના નેતાઓ સાથે પણ બેઠક કરી હતી.

મોદીએ જેમની સાથે દ્વિપક્ષી વાટાઘાટ કરી હતી એવા નેતાઓમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ, ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન અને અબુધાબીના ક્રાઉન પ્રિન્સ મોહંમદ બિન ઝાયેદ અલ નાહ્યાનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મોદીએ મલયેશિયાના વડા પ્રધાન અનવ રઈબ્રાહિમ, વિયેતનામના વડા પ્રધાન લી મિન્હ હન્ગ, ઈન્ડોનેસિયાના પ્રમુખ પ્રાબોવો સુબિયાન્તો, ઈજિપ્તના પ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સિસિ, ફિલિપાઈન્સના પ્રમુખ ફર્નિડનાન્ડ આર. માર્કોસ જુનિયર અને યુગાન્ડાના ઉપપ્રમુખ

(જુઓ પાનું ૨) ▶▶

## ઇન્ડોનેશિયામાં જહાજ ડૂબ્યું, ૧૩૦ જણ ગુમ

જકાર્તા: ઇન્ડોનેશિયાનું પ્રવાસીઓ માટેનું એક જહાજ જાવા સમુદ્રમાં ખરાબ હવામાનને કારણે ડૂબી ગયું હતું. જાવા સમુદ્રમાં ૨૪૦થી વધુ લોકોને લઇ જતું જહાજ પલટી જતાં લગભગ ૧૩૦ મુસાફરો અને ક્રૂ સભ્યો ગુમ હોવાના અહેવાલ છે. આ જાણકારી ઇન્ડોનેશિયાના બચાવ દળે આપી હતી.

આ દુર્ઘટના બાદ ૧૧૨ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. તેમજ

(જુઓ પાનું ૨) ▶▶

## રશિયાની ઑઇલ રિફાઇનરીઝ પર યુક્રેન હુમલા બંધ કરે: ટ્રમ્પ

કીવ: રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીને રશિયાની અંદર તેલ અને ઊર્જા મથકો પરનાં હુમલા બંધ કરવા કહ્યું છે. ટ્રમ્પે આ હુમલાઓને લીધે ડીઝલની અછત સર્જાઇ રહી હોવાનું જણાવ્યું હતું.

એક પત્રકારે ટ્રમ્પને પૂછ્યું કે શું તેમણે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે તાજેતરમાં થયેલી વાતચીત બાદ ઝેલેન્સ્કી સાથે વાત

(જુઓ પાનું ૨) ▶▶


ભક્તિ, સર્જન, ઉત્સવનો મહાકુંભ
મુંબઈ સમાચાર મહા ગણેશોત્સવ

મુંબઈ સમાચાર સાથે ઉજવો તમારાં ઘરના અનોખા ગણેશોત્સવને... અને જીતો આકર્ષક ઇનામો! આ વર્ષે તમારા ઘરમાં બિરાજેલા શ્રી ગણેશજીની સુંદર મૂર્તિ, અનોખું ડેકોરેશન અને ભક્તિભાવથી સજાવેલો પૂજા મંડપનો વીડિયો અમને મોકલો. તમારી સર્જનાત્મકતા અને શ્રદ્ધાને મુંબઈ સમાચાર પહોંચાડશે લાખો વાચકો અને દર્શકો સુધી.

બાપ્પાની દરેક એન્ટ્રીને એક ગિફ્ટ હૅમ્પર તો ખરું જ

બેસ્ટ ઘરગથ્થુ ગણપતિ ડેકોરેશન: પ્રથમ ઈનામ, દ્વિતીય ઈનામ, તૃતીય ઈનામ
બેસ્ટ ક્રિયેટિવ ગણપતિ ડેકોરેશન: ૧ વિજેતા
બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણપતિ ડેકોરેશન: ૩ વિજેતા
ટોપ ૧૦ બેસ્ટ ગણેશ પ્રતિમા
ટોપ ૧૦ બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા
બેસ્ટ થીમ બેઝ ગણપતિ ડેકોરેશન: ૩ વિજેતા

GIFTING PARTNER: HEM® AGARBATTI

આ સ્પર્ધા મુંબઈ અને થાણે પૂરતી સીમિત

ફોટો અને વીડિયો મોકલવાની માર્ગદર્શિકા
- વીડિયો ઓછામાં ઓછો 30 સેકન્ડ અને વધુમાં વધુ ૧થી ૨ મિનિટનો હોવો જોઈએ.
- વીડિયો મોબાઇલથી શૂટ કરેલો હોય તો ફોન ઊભો (Vertical) રાખવો.
- Horizontal વીડિયો માન્ય રહેશે નહીં. • ફોટો અને વીડિયો What'sApp અથવા રજિસ્ટર્ડ ઈ-મેઈલ દ્વારા મોકલવાના રહેશે.
- પાંચ નિષ્ણાત જજોની પેનલ દ્વારા વિવિધ માપદંડોના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.
- જ્યૂરીનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય રહેશે. • સ્પર્ધાના તમામ નિર્ણય અને હકક મુંબઈસમાચારને આધીન રહેશે
- આવેલા તમામ વીડિયોને મુંબઈસમાચારની ગુજરાતી, મરાઠી, હિંદી અને અંગ્રેજી યુ-ટ્યૂબ ચૅનલ તેમ જ ફોટાને મુંબઈસમાચારમાં **સ્થાન અપાશે.**

દરેક એન્ટ્રી સાથે નીચેની વિગતો મોકલવી જરૂરી રહેશે: • ડેકોરેશનની થીમનું નામ • ઈકો-ફ્રેન્ડલી ડેકોરેશન (હા/ના) • ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ (હા/ના) • સહભાગીનું પૂરું નામ • મોબાઇલ નંબર • સરનામું

એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ: ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬
વીડિયો મોકલવાનો નંબર અને વેબસાઈટ : +91 70211 15823
https://ganpati.bombaysamachar.com/

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બ્રિક્સના ઠરાવથી પાકિસ્તાન ભારતમાં આતંકવાદ બંધ કરી દેશે?

**ભારત** સહિત ૧૧ દેશોના બનેલા બ્રિક્સ સંગઠનનું બે દિવસનું શિખર સંમેલન નવી દિલ્હીમાં સમાપ્ત થઈ ગયું. આ સંમેલનમાં ઘણી ચર્ચાઓ થઈ અને વાતો પણ થઈ. રશિયા અને ચીન જેવા દુનિયાના સૌથી મહત્ત્વના બે દેશો બ્રિક્સ સંમેલનમાં સભ્ય છે. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ બંને આ સંમેલનમાં હાજર હતા. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બંને દેશના વડાઓ સાથે મંત્રણાઓ થઈ તેમાં દ્વિપક્ષી મુદ્દાઓ અંગે કેટલાક નિર્ણયો પણ લેવાયા.

બ્રિક્સમાં ઈરાન, યુએઈ વગેરે દેશો પણ સભ્ય છે. આ દેશો સાથે આર્થિક સહકાર વધારવા સહિતના મુદ્દે પણ ભારતે ચર્ચા કરી. દુનિયામાં અમેરિકાની વધતી દાદાગીરી, ઈરાન પરના પ્રતિબંધો, ઈરાન પર હુમલાની ઝાટકણીને લગતા ઠરાવો દ્વારા અમેરિકા સામે લાલ આંખ પણ કરાઈ. અમેરિકા દ્વારા ધડાધડ લદાઈ રહેલા ટૅરિફ્સની પણ ટીકા કરાઈ છે પણ ભારત માટે સૌથી મહત્વની બાબત પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ટીકા કરીને આતંકવાદ અંગે કરેલો ઠરાવ છે.

પહલગામનો આતંકવાદી હુમલો ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોમાં થયેલા સૌથી ભીષણ આતંકવાદી હુમલામાંથી એક છે. ૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામની બૈસરન ઘાટીમાં થયેલા આ ભયંકર આતંકવાદી હુમલામાં પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી નાખી હતી. જેમની હત્યા કરાઈ એ બધા જમ્મુ અને કાશ્મીર ફરવા આવેલા પ્રવાસીઓ હતા. આતંકવાદીઓએ તેમના ધર્મ પૂછીને હત્યા કરી હતી. સીધા શબ્દોમાં કહીએ તો હિંદુઓને ગોળીએ દઈને ઉપર પહોંચાડી દેવાયા હતા.

બ્રિક્સ શિખર સંમેલનમાં રશિયા અને ચીન સહિત તમામ દેશોએ પહલગામ આતંકી હુમલાની ઝાટકણી કાઢીને આતંકવાદીઓને આશ્રય આપનારા વિરુદ્ધ સાથે મળીને કાર્યવાહી કરવાનો ઠરાવ કર્યો છે. આતંકવાદીઓને મળતાં નાણાં એટલે કે ટેરર ફંડિંગને રોકવા અને આતંકીઓને આશ્રય આપનારાં સામે કડક કાર્યવાહી કરવા પણ બધા દેશો સહમત થયા છે.

આ ઠરાવમાં તમામ પ્રકારના આતંકવાદની ટીકા કરીને આતંકવાદને કોઈ ધર્મ, રાષ્ટ્રીયતા કે સમુદાય સાથે જોડવાની ટીકા કરાઈ છે. આતંકવાદીઓ અને આતંકી સંગઠનો સામે સામૂહિક કાર્યવાહીની તરફેણ કરાઈ છે અને યુનાઈટેડ નેશન્સ આતંકવાદ સામે લડવા માટે ઝડપથી આંતરરાષ્ટ્રીય સંધિને આગલી બનાવે એ મુદ્દા પર ભાર મુકાયો છે.

બ્રિક્સ દુનિયામાં અમેરિકાની સાથે ના હોય એવા દેશોનું સૌથી મોટું સંગઠન છે. આ સંગઠન ભારતમાં થયેલા આતંકવાદી હુમલાની ટીકા કરતો ઠરાવ કરે એ સારી વાત છે. રાજદ્વારી રીતે આ ઠરાવ મહત્વનો ગણાવાય છે પણ તેનાથી વાસ્તવિક રીતે કોઈ ફરક પડે ખરો ? બિલકુલ નહીં. મોદી સરકારના ચમચા આ ઠરાવને ભારતની મોટી સિદ્ધિ ગણાવે છે પણ રાજદ્વારી રીતે પણ આ સિદ્ધિ નથી. ભારતે પાકિસ્તાનના નામજોગ ઠરાવ કરાવ્યો હોત ને બીજા દેશોએ તેને ટેકો આપ્યો હોત તો એ સિદ્ધિ કહેવાય પણ ઠરાવમાં ગોળગોળ વાતો છે ને પાકિસ્તાનનો તો ઉલ્લેખ જ નથી.

પહલલગામ હુમલો પાકિસ્તાને કરાવેલો એવું આપણે કહીએ છીએ ને તેનો ઉલ્લેખ જ ના હોય એવા ઠરાવનો કોઈ મતલબ ખરો ? આ હુમલાનો બદલો લેવા માટે સર્જિકલ સ્ટ્રાઈક કરીને પાકિસ્તાનને ધોળે દિવસે તારા બતાવી દીધા એવા દાવા કરીએ છીએ. પહલગામ હુમલા પછી હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂરે આતંકવાદીઓની કમર તોડી નાખી એવા દાવા પણ કરાય છે પણ હુમલાની ટીકા કરતા ઠરાવમાં પાકિસ્તાનની વાત જ નથી.

આપણે બીજી એક વાત પણ સમજવા જેવી છે. ભારત બ્રિક્સનો યજમાન દેશ છે તેથી ભારતને રાજી રાખવા રશિયા, ચીન, સઉદી અરેબિયા સહિતના દેશોએ પહલગામ હુમલાની ટીકા પણ કરી નાખી અને આતંકવાદ સામે લડવાના મુદ્દે ડાહી ડાહી વાતો કરતા ઠરાવને ટેકો પણ આપી દીધો પણ આતંકવાદ સામેની લડાઈમાં વાસ્તવિક રીતે આ દેશો ભારતની સાથે નથી રહેતા કે પોતે ઠરાવમાં જેના માટે સહમતિ આપી છે તેનું પાલન પણ નથી કરતા. આ નક્કર વાસ્તવિકતા છે એ જોતાં આ ઠરાવથી ભારતે બહુ ખુશ થવાની જરૂર નથી કે તેના કારણે કશું બદલાઈ જશે એવી આશા પણ રાખવા જેવી નથી.

આપણે બીજા આતંકવાદી હુમલાની વાત ના કરીએ ને બ્રિક્સના ઠરાવમાં જેની નિંદા કરાઈ છે એ પહલગામ હુમલાની જ વાત કરીએ તો સમજાશે કે, બ્રિક્સના સભ્ય દેશોની જ કથની અને કરણીમાં બહુ મોટો ફરક છે. પહલગામમાં આતંકવાદી હુમલો કોણે કરાવ્યો એ જગજાહેર છે. પાકિસ્તાને આ હુમલો કરાવેલો એવું ભારતે ગાઈવગાડીને કહ્યું છતાં હજુ સુધી રશિયા, ચીન, સઉદી અરેબિયા કે બ્રિક્સના સભ્ય એવા બીજા કોઈ દેશે પાકિસ્તાન સામે આકરું વલણ લીધું નથી.

પહલગામ હુમલાની તપાસ કરી રહેલી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી એનઆઇએની ચાર્જશીટ મુજબ, આ હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ હતો અને લશ્કર-એ-તૈયબાના આતંકી સૈફુલ્લાહ ઉર્ફે લંગડા દ્વારા હુમલાનું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. આ હુમલા માટે ચાર વર્ષથી તૈયારી કરવામાં આવી હોવાનો દાવો પણ તપાસમાં થયો છે. આ ચાર્જશીટ ત્રણેક મહિના પહેલાં મૂકાયેલી પણ બ્રિક્સના કોઈ દેશે તેને ધ્યાનમાં લઈને હુમલાનું કાવતરું ઘડનારાને ભારતને સોંપવા પાકિસ્તાન પર દબાણ કર્યું નથી.

ભારતમાં પાકિસ્તાન આતંકવાદ ફેલાવે છે એવું બધા સ્વીકારે છે છતાં કોઈ દેશ આ આતંકવાદી આકાઓને ભારતને સોંપવાની માગણીમાં સૂર પુરાવતો નથી. ચીન તો આતંકવાદીઓ સામે પગલાં લેવાના ભારતના પ્રયત્નોમાં વિઘ્નો ઊભાં કર્યા કરે છે. ભારતે હફીઝ સઈદ તથા બીજા આતંકવાદીઓને ગ્લોબલ ટેરરિસ્ટ જાહેર કરવા માટે યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલમાં ઠરાવ રજૂ કર્યા ત્યારે અમેરિકા સહિતના દેશોએ ભારતને ટેકો આપ્યો છે પણ ચીને વીટો વાપરીને આ ઠરાવોને ઉડાવી દીધા છે.

ચીન એક તરફ આ ધંધા કરે ને બીજી તરફ બ્રિક્સના ઠરાવમાં પહલગામ હુમલાની ટીકા કરે તેનો મતલબ ખરો? સઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશોનું વલણ પણ ચીનથી અલગ નથી. સઉદી અરેબિયા તો મક્કા કરાર દ્વારા પાકિસ્તાન પર થનારા હુમલાને પોતાના પરનો હુમલો ગણીને પાકિસ્તાનને મદદ કરવા બંધાયું છે ત્યારે આ ઠરાવમાં તેમનો ટેકો દંભથી વધારે કંઈ નથી.

આતંકવાદ સામેની લડાઈ ભારતે એકલા જ લડવાની છે ને એકલા જ પાકિસ્તાનને પછાડવાનું છે એ વાસ્તવિકતા છે એ જોતાં બ્રિક્સના કે બીજા કોઈ પણ સંગઠનના ઠરાવની કોઈ કિંમત નથી. રશિયા, ચીન કે બીજો કોઈ દેશ ભારતમાં આતંકવાદ ફેલાવવા બદલ પાકિસ્તાન સામે આકરાં નિયંત્રણો મૂકે કે સંબંધોમાં કાપ મૂકે તો એ દેશ આતંકવાદ સામેની લડતમાં ભારત સાથે છે એ સાબિત થાય. બાકી ઠરાવોમાં ટેકાથી ખુશ થવું નહીં. ઠરાવોથી આતંકવાદ પણ મટતો નથી તેથી આવા ઠરાવો ચમચાઓને ખુશ કરવા ચાલે, દેશને કોઈ ફાયદો નથી. ■

## એકતરફી પ્રતિબંધો વૈશ્વિક ખાદ્ય સુરક્ષા માટે ખતરોઃ ઈરાનના પ્રમુખ

નવી દિલ્હીઃ ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને રવિવારે જણાવ્યું હતું કે બ્રિક્સે પોતાના રાષ્ટ્રીય ચલણોમાં વેપાર વધારવો જોઇએ અને એક સમાવિષ્ટ વૈશ્વિક આર્થિક માળખા તરફ કામ કરવું જોઈએ કારણ કે વર્તમાન નાણાકીય અને વેપાર પ્રણાલીઓ પર વધુ પડતી નિર્ભરતાને કારણે ઉભરતી અર્થવ્યવસ્થાઓ રાજકીય આંચકાઓ માટે સંવેદનશીલ બની છે. બે દિવસીય બ્રિક્સ સમિટના સમાપન સત્રમાં પોતાના સંબોધનમાં પેઝેશ્કિઆને પશ્ચિમી શક્તિઓ પર નિશાન સાધતા 'એકપક્ષી પ્રતિબંધો'ની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેની સીધી અસર વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને લોકોના કલ્યાણ પર પડી રહી છે. ઇરાની નેતાની આ ટિપ્પણી અમેરિકા દ્વારા ઇરાન પર નવા આર્થિક પ્રતિબંધો લાદ્યાના અઠવાડિયા પછી આવી છે, જેનાથી બંને પક્ષો વચ્ચે ચાલી રહેલી લશ્કરી તણાવ વચ્ચે તહેરાનની આર્થિક સ્થિતિ પર દબાણ વધ્યું છે. (એજન્સી) ■

## બ્રિક્સ સમિટમાં કિશોર કુમાર અને મુકેશનાં ગીતો છવાયાં

### મલયેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે 'સંગમ'નું 'દોસ્ત દોસ્ત ના રહા' અને 'તીન દેવિયાં'નું 'ખ્વાબ હો તુમ યા કોઇ હકીકત' ગાઇને સૌના મન જીતી લીધા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાન નવી દિલ્હીમાં ચાલી રહેલી બ્રિક્સ સમિટ દરમિયાન ભારતીય સંગીત અને હિન્દી ભાષા પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો હતો. બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા ભારત આવેલા મલયેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમનો હિન્દી ભાષા પ્રત્યેનો પ્રેમ સામે આવ્યો હતો. દિલ્હીમાં નિરાંતની પળો દરમિયાન તેમણે ફિલ્મ 'તીન દેવિયાં'નું લોકપ્રિય ગીત 'ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત'ને ગાયું હતું. અનવર ઇબ્રાહિમ નામના એક ભારતીય પિયાનોવાદક સાથે આ ગીત ગાયું હતું. તેનો વીડિયો સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો, જેને લોકોના દિલ જીત્યાં હતા. હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બરે છે. તેના એક દિવસ પહેલાં વિદેશી રાષ્ટ્રના વડા દ્વારા લોકપ્રિય હિન્દી ગીત ગાવાની ઘટના ખાસ પ્રતીકાત્મક માનવામાં આવી રહી છે. ■

## યુક્રેન હુમલાઓની અસરઃ રશિયાએ ભારતથી ઈંધણની આયાત વધારી

નવી દિલ્હીઃ રશિયાએ ઑગસ્ટમાં રેકોર્ડ ૧૭૨,૦૦૦ ટન તેલ ઉત્પાદનોની આયાત કરી હતી. આમાં ભારતની એક રિફાઈનરીમાં રશિયાના ક્રૂડ ઓઈલની રિફાઇન કરવામાં આવેલા ગેસોલીન (પેટ્રોલ) પણ સામેલ છે. આ રિફાઈનરીમાં રશિયન કંપની રોસનેફ્ટની આંશિક હિસ્સેદારી છે. યુક્રેનિયન ડ્રૉન હુમલાઓએ મૉસ્કોની સ્થાનિક રિફાઇનિંગ ક્ષમતાને ખોરવી નાખી, જેના કારણે આયાત કરવાની ફરજ પડી હતી. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (સીઆરઈએ) ના અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. સીઆરઇએએ રશિયન ફોસિલ ફ્યુઅલના એક્સપોર્ટ અને પ્રતિબંધો પર પોતાના માસિક વિશ્લેષણમાં કહ્યું હતું કે ઓગસ્ટમાં રશિયાની તેલ ઉત્પાદન આયાતનો ૭૦ ટકા હિસ્સો ભારતમાંથી આવ્યો હતો. આમાં ૭.૮ કરોડ યુરોના મૂલ્યનો ૧૨૦,૦૦૦ ટન પેટ્રોલ પણ સામેલ છે. રશિયન ઇંધણ આયાતનો આ જથ્થો અગાઉના માસિક રેકોર્ડ કરતા સાત ગણો વધુ અને સમગ્ર ૨૦૨૫માં થયેલા કુલ આયાતથી ત્રણ ગણો વધારે હતો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, સોમવાર, તા. ૧૪-૯-૨૦૨૬, ગણેશ ચતુર્થી, વરદ્ ચતુર્થી,**

- ભારતીય દિનાંક ૨૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૩જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૩-૫૬ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ :- ભરતી : બપોરે ક. ૧૩-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૩ (તા. ૧૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૩૪, રાત્રે ક. ૧૯-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - તૃતીયા. હરિતાલિકા તૃતીયા, કેવડા ત્રીજ, ગૌરીવ્રત (ઓરિસ્સા), વિનાયક ચતુર્થી, ગણેશ ચતુર્થી, વરદ્ ચતુર્થી, ચંદ્રાસ્ત રાત્રે ક. ૨૦-૪૪. સૌભાગ્ય ચતુર્થી (બંગાળ), સરસ્વતી પૂજા (ઓરિસ્સા), પારસી ૨જો અર્દીબહેશ્ત માસારંભ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯-૨૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, બિલિના વૃક્ષનું પૂજન ,આજ રોજ વિશેષરૂપે મગદળ અર્પણ કરવા. અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, યંત્રારંભ, દુકાન-વેપાર, માલલેવો. બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,
- શ્રી ગણેશ મહિમાઃ આજથી ગણેશ મહાપર્વનો પ્રારંભ થાય છે. દેશ દેશાવરમાં, દરેક ખંડમાં દરેક વર્ણમાં શ્રી ગણેશજી સર્વમાન્ય દેવ છે. શ્રી ગણેશનું માહાત્મય આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક છે. શ્રી ગણેશપૂજા સરળ અને સમજમાં આવે તેમ શિવપૂજા સમાન છે. શ્રદ્ધા ભક્તિ પૂર્વક થયેલી શ્રી ગણેશપૂજાના ફળ તુરંત પ્રાપ્ત થાય છે. શુભ પ્રસંગોના આરંભોમાં કોઈપણ પૂજાના પ્રારંભમાં શુભ મંગળ કાર્યો, પ્રસંગો, પ્રવાસ, લખાણ, નાટ્ય, નૃત્ય કાર્યક્રમો ઈત્યાદિમાં પ્રથમ શ્રી ગણેશનું આવાહ્ન સ્મરણ, પૂજા કરવામાં આવે છે. આવાસો, સ્ટેજ ઈત્યાદિ ઉપર શ્રી ગણેશમૂર્તિનું અવશ્ય સ્થાપન કરવામાં આવે છે. લગ્ન પ્રસંગમાં મંડપ મુહૂર્તમાં પ્રથમ શ્રી ગણેશનું સ્થાપન કરવામાં આવે છે. કોઈપણ કાર્યના પ્રારંભાય એટલે સ્વાભાવિક રીતે શ્રી ગણેશ થયા એમ ઉચ્ચારવામાં આવે છે. શ્રી ગણેશ કર્યા એટલે માંગલિક કાર્ય કે કોઈપણ કામકાજ આયોજનનો પ્રારંભ કર્યો તેમ સમજવામાં આવે છે.
- આચમનઃ બુધ-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવના, ચંદ્ર-રાહુ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ બુધ-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

---

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, મંગળવાર,તા. ૧૫-૯-૨૦૨૬, સંવત્સરી (ચતુર્થી પક્ષ જૈન), ઋષિ પંચમી**

- ભારતીય દિનાંક ૨૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૪થો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૫-૨૧ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૪-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૯ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૬, રાત્રે ક. ૨૦-૧૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્થી. સંવત્સરી (ચતુર્થી પક્ષ જૈન), ઋષિ પંચમી, રક્ષા પંચમી (બંગાળ), ગુરુ પંચમી (ઓરિસ્સા), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭-૪૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા. મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, વાયુદેવતાનું પૂજન, ચતુર્થી તિથિ હોય સાંસારિક, માંગલિક કાર્યો વર્જ્ય છે. પર્વ નિમિત્તેની ઉજવણીનો મહિમા છે. શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, મહેંદી લગાવવી, માલ લેવો, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, રત્નધારણ, વૃક્ષ રોપવા, બાગ બગીચાના નિત્ય થતાં કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- શ્રી ગણેશ મહિમાઃ આજ રોજ વિશેષરૂપે શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજાનો મહિમા પણ છે. જૈનોના સંવત્સરી પર્વનો મહિમા અલૌકિક છે. ઋષિ પંચમી હોય સપ્તાઋષિનું પૂજન, પણ કરવું, સપ્તઋષિઓનું પૂજન પાપમુક્તિ અને કાયિક-વાચિક શુદ્ધિ માટેનું વ્રત છે. જેઓ પોતાના કાર્યક્ષેત્ર માટે સંતુષ્ટ ન હોય, અવારનવાર, કામધંધા-નોકરી બદલવાના વિચારો આવતા હોય તેમણે ચંદ્ર-ગુરુના જાપ તથા શ્રી ગણેશયાગ બ્રાહ્મણ દ્વારા અવશ્ય કરાવવા. શ્રી ગણેશ આજરોજ મીઠા ફળ અર્પણ કરવા. આજ રોજ શ્રી ગણેશ અને વિષ્ણુની ઉપાસનાનો મહિમા છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટો કરવાનો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટૅક્નોલૉજી-દુર્લભ

ચેપી રોગના નિયંત્રણ જેવા ચાવીરૂપ પરિણામો વડે થયું હતું.

મોદીએ ટોચના વિશ્વ નેતા જેવા કે ચીનના પ્રમુખ શી જિનપિંગ, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને ઇરાનના પ્રમુખ મસુદ પેઝેશ્કિયાન સહિતના નેતાની હાજરીમાં કહ્યું હતું કે આપણે અલગ વાસ્તવિકતાના મૂળ ધરાવી છીએ, પરંતુ આપણે સહકાર વડે વિકાસ કરીશું અને માનવ આલમ માટે ખીલવા માગીએ છીએ. આપણી વિવિધતા આપણી ઓળખ બને, આપણો સહકાર આપણી પ્રેરણા બને અને આપણી પ્રગતી આખી માનવ આલમની સેવા કરે.

મોદીએ એ વાત રેખાંકિત કરી હતી કે બ્રિક્સ દેશોના ઉલ્લાસ ખંડિત ભૂરાજકીય માહોલ માટે કેટલો મત્તત્ત્વનો છે. નવી દિલ્હીની અધ્યક્ષતા ચાર સ્તંભ-ઉલ્લાસ.. ઈનોવેશન, સહકાર અને ટકાઉપણા પર અવલંબિત છે. આજે વિશ્વમાં અથડામણ અને તંગદિલી વધતી જાય છે અને આની સામાનય માનવી પર નકારાત્મક અને દૂરગામી અસર પડે છે. મહામારી. હવામાનની આફતો અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપોએ બતાડી દીધુ છે ક્રે આજના જોડાયેલા વિશ્વમાં એક કટોકટી એક પ્રદેશ સુધી સીમિત રહેતી નથી.તેમણે કહ્યું હતું કે તમારા સહકાર અને ટેકાથી આપણે આપણા સામાન્ય વિઝનને વિન-વિન સહકારમાં ફેરવી શકીશું. (એજન્સી) ■

### સંયુક્ત અનાજ

નિકાસ પર માઠી અસર પડી રહી છે. રશિયાના પ્રમુખે બ્રિક્સ દેશોના આર્થિક વિકાસ માટે એક સમર્પિત મંચ સ્થાપવાની હિમાયત પણ કરી હતી. પુતિને બ્રિક્સના સમાપન સત્રમાં કહ્યું હતું કે અમે મૂડી, શ્રમ અને ટૅક્નોલૉજીનું પરિવહન કરવા સ્વતંત્ર રૂટ ધરાવીએ છીએ. હકીકતમાં બાહ્ય દબાણ છતાં અમે ઑપરેટ કરી શકીએ છીએ.

તેમણે ફોડ પાડ્યા વિના કહ્યું હતું કે આપણી પાસે વીમા તંત્ર અને અનાજની બજાર ઊભી કરવાની આશાસ્પદ પહેલ છે. આ રશિયાની દરખાસ્તો છે અને અમે સભ્યદેશોને આનો ઉપયોગ કરવાનું આમંત્રણ આપીએ છીએ.

પુતિને ન્યૂ ડેવલપમેન્ટ બૅન્કના કાર્યની સરાહના કરતા કહ્યું હતું કે તે ૧૪૦ અબજ ડૉલરના પ્રોજેક્ટ હાથ ધરી રહી છે.

પુતિને કહ્યું હતું કે ગ્લોબલ સાઉથના દેશોએ સંયુક્ત રીતે વહીવટનું માળખું ઊભું કરવું જોઈએ જે પરંપરાગત અને બિનપરંપરાગત સુરક્ષા સામેના જોખમને પહોંચી વળે. બ્રિક્સના સંમેલનમાં વ્યાપક સહભાગથી સિદ્ધ થાય છે કે બ્રિક્સ દેશોમાં આંતરરાષ્ટ્રીય રસ વધતો જાય છે. (એજન્સી) ■

### યુકેના ટુકડા

પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ડબલિનની મુલાકાત દરમિયાન કરેલા નિવેદનને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

યુકેના વડા પ્રધાન ઍન્ડી બર્નહામે પણ દેશના સાંસદોને સૂચવ્યું હતું કે જો સ્વતંત્રતાના પક્ષમાં સર્વસંમિત હોય તો તેઓ અન્ય એક સ્કૉટિશ જનમતને મંજૂરી આપશે. (એજન્સી) ■

### બ્રિક્સ માટેના

જિનપિંગે સંગઠનના સભ્ય દેશોના નેતાઓને 'ગ્લૉબલ સાઉથ માટે એકતા મારફતે તાકાતનો નવો અધ્યાય' લખવાની દિશામાં કામ કરવાની હાકલ કરી હતી. 'ગ્લૉબલ સાઉથ'ને વિકાસશીલ અને ઓછા વિકસિત દેશોના સંદર્ભમાં કહેવામાં આવે છે જેમાંથી મોટાભાગના દક્ષિણ ગોળાર્ધમાં સ્થિત છે.

જિનપિંગે કહ્યું હતું કે, નિયમો વિનાની દુનિયા એવી જ છે જેવી ટ્રાફિક સિગ્નલ વિનાના ચાર રસ્તા જેવી. જ્યાં અરાજકતા અને અવ્યવસ્થા લગભગ નિશ્ચિત છે. દરેક વ્યક્તિ નિષ્પક્ષતા અને ન્યાય ઇચ્છે છે, અને આંતરરાષ્ટ્રીય નિયમો બધા દેશો દ્વારા સંયુક્ત રીતે ઘડવામાં આવવા જોઈએ.

ચીનના પ્રમુખે કહ્યું કે ગ્લૉબલ સાઉથના દેશોએ સંયુક્ત રીતે આંતરરાષ્ટ્રીય બાબતોમાં કાયદાના શાસનનું સમર્થન કરવું જોઈએ, આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળભૂત ધોરણોનું રક્ષણ કરવું જોઈએ - જેમ કે સાર્વભૌમ સમાનતા, આંતરિક બાબતોમાં દખલગીરી ન કરવી અને વિવાદોનું શાંતિપૂર્ણ નિરાકરણ અને ખાતરી કરવી જોઈએ કે આંતરરાષ્ટ્રીય કાયદો અને નિયમો બધાને લાગુ પડે છે. બધા દેશો તેમના કદ, શક્તિ અથવા સંપત્તિને ધ્યાનમાં લીધા વિના આંતરરાષ્ટ્રીય સમુદાયના સમાન સભ્યો છે.

તેમણે કહ્યું હતું કે, ગ્લૉબલ સાઉથના દેશોએ બહુપક્ષવાદને સમર્થન આપવું જોઈએ, સંયુક્ત રાષ્ટ્રની સત્તા અને ભૂમિકાને સમર્થન આપવું જોઈએ, તેમની કાર્યક્ષમતામાં સુધારા અને વધારો કરવામાં બહુપક્ષીય સંસ્થાઓને ટેકો આપવો જોઈએ અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં તમામ દેશોની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈએ.

જિનપિંગે બ્રિક્સ સહયોગ વધારવા માટે પાંચ-મુદ્દાની પહેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. આમાં એઆઇ માળખું બનાવવા, વેપાર અને રોકાણને સરળ બનાવવા, ડિજિટલ ઉદ્યોગ સંબંધોને મજબૂત બનાવવા, ઈન્ટેલિજન્સ ઉત્પાદનને આગળ વધારવા અને વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ માટે સંયુક્ત પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે ચીન બ્રિક્સ એઆઇ ઑપન સૉર્સ કમ્યુનિટીની સ્થાપનામાં અગ્રણી ભૂમિકા ભજવશે. તેનો હેતુ મોટા ભાષા મૉડેલોના વિકાસ અને ઉપયોગમાં સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. ચીન બ્રિક્સ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન પાર્ટનરશિપ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂકે છે, જેના હેઠળ દેશો એક ઇન્ટેલિજન્સ પોર્ટલ બનાવી શકે છે, નીતિઓનું સંકલન કરી શકે છે અને બધા માટે વિકાસ માટે એક નવો માર્ગ મોકળો કરી શકે છે. ચીન બ્રિક્સ ડિજિટલ ઇકોસિસ્ટમ ક્લાઉડ પ્લેટફોર્મ બનાવવા પર ભાર મૂકશે. ■

### એઆઇની ઝડપ

મોડલોની સુસંગતતાનું મૂલ્યાંકન કરી શકે.

અમોદેઇએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે, આપણે એઆઇની સીમાઓ પર વિકાસની ગતિ નક્કી કરવી જોઈએ. મેં એક નવો લેખ લખ્યો છે કે એઆઇ ઉદ્યોગ શા માટે ધીમો પડવો જોઈએ અને ત્રણ ભાગની યોજના આવું કરવા માટે કેવી હોઈ શકે છે. ઍન્થ્રોપિક આમાંથી પ્રથમ પગલાંને એકપક્ષી રીતે અપનાવવા માટે પ્રતિબદ્ધ છે. અમે થર્ડ પાર્ટી મૂલ્યાંકનકારોને અમારી સિસ્ટમ્સમાં કાયમી, કર્મચારી-સ્તરની ઍક્સેસ પ્રદાન કરીશું જેથી તેઓ અમારા સુરક્ષા પગલાંનું પાલન ચકાસી શકે, ઘટનાઓને રિપોર્ટ કરી શકે અને તાલીમ દરમિયાન માનવ હિતો સાથે મૉડેલોની સુસંગતતાનું મૂલ્યાંકન કરી શકે.

તેમના લેખમાં તેમણે જણાવ્યું હતું કે એઆઇ જીવનની ગુણવત્તા સુધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે, પરંતુ તેના ફાયદાઓ ગંભીર જોખમો સાથે પણ આવે છે. તેમણે લખ્યું, ''હું છેલ્લા ૧૨ વર્ષથી એઆઈ પર કામ કરી રહ્યો છું કારણ કે મારું માનવું છે કે તે માનવ જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે. મેં ઘણીવાર આ જબરદસ્ત ફાયદાઓ વિશે લખ્યું છે. મારું માનવું છે કે એઆઈ આગામી ૫-૧૦ વર્ષોમાં મોટાભાગના મુખ્ય રોગો માટે ઉપચાર શોધવામાં મદદ કરી શકે છે, આર્થિક વિકાસને નોંધપાત્ર રીતે વેગ આપી શકે છે, વિપુલતા અને સશક્તીકરણની દુનિયા બનાવી શકે છે અને લોકશાહી અને સ્વતંત્રતાના નવા યુગની શરૂઆત કરી શકે છે. ■

### હુતીઓએ

ગૃહયુદ્ધ ફરી શરૂ થઈ શકે છે. હુતીઓએ સઉદી અરેબિયા પર મિસાઇલો અને ડ્રૉનથી વધુ હુમલાઓ કર્યાનો દાવો કર્યો છે. સઉદી અરેબિયા યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારનું સમર્થન કરે છે જે બળવાખોરો સામે લડી રહી છે.

હુતી લશ્કરી પ્રવક્તા, બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે તેઓએ સઉદી અરેબિયાના નજરાન ક્ષેત્રમાં શરુરાહ પ્રાંતમાં એક લશ્કરી છાવણીને નિશાન બનાવી હતી. તેમણે પુરાવા આપ્યા નહોતા. આ હુમલો ક્યારે કરાયો તેની જાણ પણ કરાઈ નહોતી.

સઉદી નાગરિક સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે રાત્રે રાતા સમુદ્ર પાસે યમનની સરહદ નજીક અલ-તવ્વલ ગવર્નરેટમાં એક હુમલો કરાયો હતો. જેનાથી બે લોકો ઘાયલ થયા હતા અને એક મસ્જિદ અને અન્ય ઘણી ઇમારતોને નુકસાન થયું હતું. નિવેદનમાં હુતીઓને જવાબદાર ગણવામાં આવ્યા હતા. તેમાં કહેવામાં આવ્યું હતું કે શરુરાહ પ્રાંતમાં સાયરન વાગ્યા હતા પરંતુ જાનહાનિ કે નુકસાનની જાણ કરવામાં આવી ન હતી. રવિવારે હુથીઓને લક્ષ્ય બનાવતા કોઈપણ નવા હુમલા અંગે સાઉદી અરેબિયાએ નિવેદન આપ્યું નથી. હુથીઓએ તાજેતરમાં જાહેર કરાયેલા નાકાબંધીના ભાગરૂપે સઉદીના તેલ માળખા અને શિપિંગ પર હુમલાઓ કરી રહ્યા છે.જ્યારે બળવાખોરોએ કહ્યું છે કે અન્ય વાણિજ્યિક શિપિંગ માટે કોઈ ખતરો નથી. જોકે તેમ છતાં તેલના ભાવ ફરી વધ્યા છે. યમનના એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે તેના દળો રાતા સમુદ્ર પાસે પાછા ફરશે અને વળતો જવાબ આપશે. ■

### બ્રિક્સઃ મોદીએ

જૅસિકા અલુપો સાથે પણ બેઠક કરી હતી. ભારતે ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે બ્રિક્સ સમિટનું આયોજન કર્યું હતું અને બ્રિક્સના ૧૧ સભ્ય દેશો અને ગ્રૂપના ૧૦ ભાગીદાર દેશો તેમ જ અમુક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ તેમાં હાજરી આપી હતી. (એજન્સી) ■

### ઇન્ડોનેશિયામાં

એક મુસાફરનો મૃતદેહ મળી આવ્યો હતો. જહાજ પૂર્વ જાવાથી દક્ષિણ કાલીમંતન પ્રાંત તરફ જઇ રહ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. દક્ષિણ કાલીમંતનના શહેર બંજારમાસિનમાં બચાવ એજન્સીએ જણાવ્યું કે તેને શનિવારની મધરાતે બે વાગ્યે વર્કો ટ્રાન્સપોર્ટ ૮ સાથે સંપર્ક તૂટી ગયાના બે કલાક બાદ સૂચના મળી હતી. આ જહાજ ઇન્ડોનેશિયાના પૂર્વ જાવા પ્રાંતમાં દેશના બીજા સૌથી મોટા શહેર સુરાબાયાથી બોર્નિયો ટાપુ સ્થિત બંજારમાસિન માટે રવાના થયું હતું.

### રશિયાની ઑઇલ

કરી છે. જેના જવાબમાં ટ્રમ્પે ઝેલેન્સ્કીને રશિયા સામેના હુમલા બંધ કરવા કહ્યું હતું.

ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે મિસ્ટર ઝેલેન્સ્કીએ એક કામ કરવું પડશે. તેમણે રશિયામાં ડીઝલ ઈંધણને નુકસાન પહોંચાડનારા હુમલા બંધ કરવા પડશે. ટ્રમ્પે કહ્યું કે તેમને ટાર્ગેટ પર હુમલા કરવા દો, પરંતુ ડીઝલ રિફાઇનરીઝ પર નહીં. કારણ કે તેના લીધે ડીઝલની અછત સર્જાઇ રહી છે. ■

છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે
શ્રદ્ધાંજલિ



શ્રીમતી ભારતી ઠક્કર
૧૬ નવેમ્બર ૧૯૪૭ - ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦
ભગવાન એમના દિવ્ય આત્માને આશીર્વાદ આપે.
ૐ શાંતી
ભાવનાત્મક શ્રદ્ધાંજલિ
"We miss you, Mummy !"
પ્રીતી ઠક્કર - પુત્રી
જતીન ઠક્કર - પુત્ર
ચેશા ઠક્કર - પૌત્રી
અને સમગ્ર પરીવાર
thakkerj@hotmail.com
WhatsApp: 97236 88767


# મહારાષ્ટ્રના રાજ્યપાલ અને પ્રિન્સ રહીમ આગા ખાને કરી મુલાકાત

## ક્લાઈમેટ એક્શન અને આજીવિકા વિકાસ (સ્થિર રોજગારી અને આવક સુનિશ્ચિત કરવા માટે લોકોની ક્ષમતાઓ, સંપત્તિ અને કૌશલ્યોના નિર્માણનો ટકાઉ અભિગમ) અંગે થઈ ચર્ચા

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માએ રવિવારે શિયા ઇસ્માઈલી મુસ્લિમોના ૫૦મા વંશપરંપરાગત ઈમામ અને આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના ચેરમેન પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમા સાથે મુલાકાત લીધી હતી. આ બેઠક દરમિયાન પર્યાવરણ સુરક્ષા અને આજીવિકા વિકાસ (સ્થિર રોજગારી અને આવક સુનિશ્ચિત કરવા માટે લોકોની ક્ષમતાઓ, સંપત્તિ અને કૌશલ્યોના નિર્માણનો ટકાઉ અભિગમ) સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રિન્સ રહીમ આગા ખાને જણાવ્યું હતું કે એકેડીએન શહેરો માટે ક્લાઈમેટ એક્શન પ્લાન પર કામ કરી રહ્યું છે અને મહારાષ્ટ્રના શહેરો અને નગરોમાં ઠંડી આબોહવા માટેના ઉકેલો લાગુ કરી રહ્યું છે, જેનાથી સ્થાનિક લોકોને નોંધપાત્ર ફાયદો થયો છે.

તેમણે કહ્યું કે એકેડીએન મહારાષ્ટ્રની યુનિવર્સિટીઓ સાથે પર્યાવરણ સુરક્ષા, ક્લાઈમેટ એક્શન અને સંબંધિત મુદ્દાઓ પર નજીકથી કામ કરવા માટે ઉત્સાહિત છે. તેમણે રાજ્યપાલને જણાવ્યું કે એકેડીએન પહેલેથી જ પુણે, મીરા-ભાયંદર, ચંદ્રપુર અને અન્ય સ્થળોએ ક્લાઈમેટ એક્શન, ઉત્સર્જન ઘટાડવા અને કૂલિંગ સોલ્યુશન પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની પહેલ કરી રહ્યું છે.

તેમણે રાજ્યપાલ સાથે વસઈમાં તળાવો અને જળાશયોને પુનજીવિત કરવાના એકેડીએનના કાર્ય વિશે પણ વાત કરી હતી, જેણે ભૂગર્ભ જળ સ્તર સુધારવામાં મદદ કરી છે. તેમણે કહ્યું કે એકેડીએન વધતા તાપમાન અને ગ્લોબલ વોર્મિંગથી પ્રભાવિત લોકોને રાહત આપવા અને સમુદાયોના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે રાજ્યપાલને એમ પણ જણાવ્યું કે એકેડીએનએ હજારો સ્થળોએ માઈક્રો-ફોરેસ્ટ પહેલ હાથ ધરી છે. તેમણે સૂચન કર્યું કે આવા જ પ્રયાસો મહારાષ્ટ્રભરની યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ કરી શકાય છે. તેમણે હૈદરાબાદમાં આવેલી આગા ખાન એકેડેમી તેમજ સંગીત અને સાહિત્યના ક્ષેત્રમાં એકેડીએનની પહેલ વિશે પણ રાજ્યપાલને માહિતી આપી હતી. આ બેઠક દરમિયાન, વર્માએ પ્રિન્સ રહીમ આગા ખાનને એક ખાસ ફોટો આલ્બમ ભેટમાં આપ્યું હતું.

તેમના સ્વર્ગસ્થ પિતાની તસવીરો અને યાદોથી ભાવુક થઈને પ્રિન્સ રહીમ આગા ખાને કહ્યું, આ ખૂબ જ ભાવુક કરી દે તેવું છે. અદભૂત.

આગા ખાન પાંચમાએ દિવસ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે શનિવારે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી હતી. (પીટીઆઇ)■

# ૩૪.૧૮ કરોડના હેરોઇનના કેસમાં ડ્રગ માફિયા અને તેના ચાર સાગરીત સામે એમસીઓસીએ લગાવાયો

થાણેઃ થાણે જિલ્લામાં ૩૪.૧૮ કરોડના હેરોઇનની જપ્તીના કેસમાં પોલીસે ડ્રગમાફિયા અમજદ યુસુફ પઠાણ અને તેના ચાર સાગરીત સામે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લગાવ્યો હતો.

અમજદ પઠાણ વિરુદ્ધ ત્રણ રાજ્યમાં ૨૦ જેટલા ગંભીર ગુના નોંધાયેલા છે અને એમસીઓસીએ લાગુ કરવા માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની મંજૂરી મળ્યા બાદ પઠાણને થાણે સેન્ટ્રલ જેલમાંથી ૮ સપ્ટેમ્બરે કસ્ટડીમાં લેવાયો હતો. ડેપ્યુટી પોલીસ કમિશનર અતુલ ઝેન્ડેએ કહ્યું હતું કે ૯.૮ કિલો હેરોઇન જપ્ત કરીને કલ્યાણના મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ આ કાર્યવાહી કરાઇ હતી. પોલીસે પઠાણ સહિત તેના સાગરીતો કાસમ અબ્દુલ સત્તાર વસઇકર, કૃષ્ણા નાગપ્પા હલેમાની, ગણેશન પુથ્થુસ્વામી ઉર્ફે બુડુસ્વામી જંગમાર અને સદ્દામ ગફુર શેખની ધરપકડ કરી હતી.

આરોપી કાસમ વસઇકર પાસેથી પોલીસે ૩૪.૧૮ કરોડ રૂપિયાનું ૯.૭૬૮ કિલો હેરોઇન જપ્ત કરવામાં આવ્યું હતું. તેની પાસેથી મોબાઇલ અને રોકડ પણ મળી આવ્યાં હતાં. પોલીસ તપાસમાં પઠાણ ડ્રગ સિન્ડિકેટનો માસ્ટરમાઇન્ડ હોવાનું જાણા મળ્યું હતું.

પઠાણ વિરુદ્ધ મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં હત્યા, દંગલ અને ડ્રગ્સની તસ્કરી સહિત ૨૦ જેટલા ગંભીર ગુના નોંધાયેલા છે. પઠાણ વિરુદ્ધ ૨૦૨૦માં હત્યા બદલ મહાત્મા ફૂલે ચોક પોલીસ સ્ટેશનમાં અને ૨૦૨૫માં ડ્રગ્સની તસ્કરી બદલ કોનગાંવ પોલીસ સ્ટેશનમાં એમસીઓસીએ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)■

# ચિંચપોકલી ચા ચિંતામણિઃ ૧૦૭ વર્ષનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો

મુંબઈઃ મુંબઈમાં જાહેર ગણેશોત્સવની પરંપરા ફક્ત ધાર્મિક ઉજવણીઓ સુધી મર્યાદિત નથી. તે શહેરની ઐતિહાસિક જાગૃતિ, સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક જાગૃતિનો પણ એક મહત્ત્વપૂર્ણ ભાગ રહી છે. મધ્ય મુંબઈના ગિરગાંવનું પ્રતિનિધિત્વ કરતી 'ચિંચપોકલી કે ચિંતામણિ' (ચિંચપોકલી સાર્વજનિક ઉત્સવ મંડળ) આ પરંપરામાં ખૂબ જ ખાસ અને ઐતિહાસિક સ્થાન ધરાવે છે.



લોકમાન્ય બાળ ગંગાધર તિળકના જનજાગૃતિ અભિયાનથી પ્રેરિત, આ મંડળ આ વર્ષે તેના ૧૦૭મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આગામી ગણેશોત્સવ પ્રસંગે, મંડળનો આ સદી જૂનો સમૃદ્ધ વારસો ફરી એકવાર સામે આવ્યો છે. આ પરંપરા ગિરગાંવના મજૂર આંદોલનથી શરૂ થઈ હતી

નવરાત્રી ઉત્સવ અને રાષ્ટ્રીય તહેવારો દ્વારા લોક કલાકારોને પણ એક પ્લેટફોર્મ આપવામાં આવે છે. ગણેશોત્સવના ૧૦ દિવસ ઉપરાંત, મંડળ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સામાજિક કાર્ય કરવામાં આવે છે. વિવિધ આરોગ્ય સેવાઓની સાથે, અમારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં પણ મંડળ દ્વારા નિયમિતપણે વિવિધ પ્રકારની સહાય પૂરી પાડવામાં આવે છે.

આ વર્ષે ચિંચપોકલી જાહેર ઉત્સવ મંડળ દ્વારા ગણેશ મૂર્તિની સજાવટ તિરૂપતિ તિરૂમાલાના શ્રી વેંકટેશ્વર બાલાજીની થીમ પર કરવામાં આવી રહી છે. મંડપ પરિસરની સજાવટ હૈદરાબાદના સુવર્ણ મંદિરની જેમ કરવામાં આવશે.

શ્રી ગણેશની મૂર્તિની સજાવટમાં ભગવાન વિષ્ણુના અવતાર શ્રી બાલાજીની કલ્પના મુજબ ગરુડ, કીર્તિમુખ, શંખ, ચક્ર અને કપૂર-યુક્ત નામ (તિલક) જેવી સુવિધાઓનો સમાવેશ થશે. આ આભૂષણો અને ખાસ સજાવટથી આ આકર્ષક ગણેશ છબીને શણગારવાથી તેની ભવ્ય સુંદરતામાં વધારો થશે. તિરુપતિ બાલાજી મંદિરની સાથે, હૈદરાબાદમાં શ્રી વેંકટેશ્વર મંદિર (સ્વરંગીરી) અને ભુવનગીરીમાં મંદિરની સ્થાપત્ય અને સ્થાપત્ય પ્રતિકૃતિઓ પણ વિવિધ આકર્ષક સ્વરૂપોમાં બનાવવામાં આવશે. ■

# નેરુલમાં હૉટેલના પરિસરમાં પાર્કિંગને મુદ્દે થયેલો ઝઘડો હિંસામાં પરિણમ્યો

## હુમલો કર્યા બાદ યુવકને કાર નીચે કચડી મારી નાખ્યો

થાણેઃ નવી મુંબઈના નેરુલ વિસ્તારમાં હોટેલના પરિસરમાં પાર્કિંગને મુદ્દે થયેલો ઝઘડો હિંસામાં પરિણમ્યો હતો, જેમાં યુવક પર હુમલો કર્યા બાદ તેને કાર નીચે કચડીને મારી નાખવામાં આવ્યો હતો. નેરુલ પોલીસે આ પ્રકરણે હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી ફરાર આરોપીઓની શોધ આદરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નેરુલમાં શિરવણે ખાતે મિનિમહલ હોટેલ નજીક શનિવારે સવારે સાતથી આઠ વાગ્યા દરમિયાન આ ઘટના બની હતી.

હોટેલના પરિસરમાં પાર્કિંગને મુદ્દે ઝઘડો થયા બાદ આરોપીઓએ રંજિતસિંહ દલજીતસિંહ શેરગીલ અને સુજલ ખેડકર પર હુમલો કર્યો હતો. એક આરોપીએ હોકી સ્ટિકથી બંને પર હુમલો કરી તેમને ગંભીર ઇજા પહોંચાડી હતી. બાદમાં બીજા આરોપીએ કાર રિવર્સ લઇને રંજિતસિંહ અને સુજલ પર બે વાર ચડાવી દીધી હતી. બાદમાં આરોપીઓ કારમાં ફરાર થઇ ગયા હતા.

ઘવાયેલા બંને જણને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન રંજિતસિંહનું મૃત્યુ થયું હતું, જ્યારે ખેડકરની હાલત નાજુક છે. દરમિયાન બનાવની જાણ થતાં નેરુલ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને પંચનામું કર્યા બાદ તપાસ આદરી હતી. આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની શોધ ચલાવવામાં આવી રહી છે. જોકે હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પુણે-બેંગ્લૂરુ હાઈવે પર ટ્રકે ટેમ્પો- અન્ય વાહનોને ટક્કર મારતાં બેનાં મોત, ૧૨ ઘાયલ

પુણેઃ પુણે-બેંગ્લૂરુ હાઇવે પર જાંબુળવાડી નજીક ટ્રકે ટેમ્પો તથા અન્ય વાહનોને અડફેટમાં લેતાં બે જણનાં મોત થયા હતા, જ્યારે અન્ય ૧૨ લોકો ઘવાયા હતા. શનિવારે મોડી રાતે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા બંનેની ઓળખ હૃદયનાથ મોહન ગાયકવાડ (૪૭) અને આનંદીબાઇ રામચંદ્ર વાડકર (૫૦) તરીકે થઇ હતી.

સાતારાથી પુણે તરફ જઇ રહેલી ટ્રકે ટેમ્પોને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહન વિરુદ્ધ દિશામાં જતા રહ્યા હતા અને બે કાર સાથે ટકરાયા હતા. આ અકસ્માતમાં વાહનોને ખાસ્સું નુકસાન થયું હતું.

અકસ્માતમાં ઘવાયેલા લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં બે જણનાં મોત થયાં હતાં. ઘાયલોમાંથી બે જણની હાલત નાજુક છે.

અંબેગાંવ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ટ્રક ડ્રાઇવર પ્રમોદ વિઠ્ઠલ વાઘ (૪૦) અને માલિક સંદીપ ગોરખ સૂર્યવંશી (૪૫) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# પર્યુષણ મહાપર્વના છઠ્ઠા દિવસે રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે આપ્યો 'ટોલરન્સ'નો સંદેશ

મુંબઈઃ પર્યુષણ મહાપર્વના છઠ્ઠા દિવસે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે 'ટોલરન્સ' વિષય પર બોધ આપ્યો હતો. જેમાં મુખ્યત્વે પરિવારના સભ્યોમાં પરસ્પર પ્રેમ, લાગણી અને આદર ભાવની ભાવનાને કેન્દ્રમાં રાખવામાં આવી હતી અને તે હેતુથી ભાવિકોને પરિવાર સાથે બેસીને સાધના અને બોધનો લાભ મળે તેવી વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી. પરમ ગુરુદેવે સમૂહ સાધના દ્વારા રોગ, શોક, આપત્તિ, પીડા અને સંકટમાં પ્રભુના નામસ્મરણથી શાંતિ મળે તથા પ્રભુના પરિવારમાં સ્થાન મળે તેવી પ્રાર્થના કરાવી હતી. પરમ ગુરુદેવે પરિવારમાં ગુરુ અને પ્રભુને પણ સ્થાન આપવાની પ્રેરણા આપીને પરિવારજનો સાથે બ્લડ રિલેશન અને ગુરુ-પ્રભુ સાથે હાર્ટ રિલેશન રાખવાનો સંદેશ આપ્યો.

પરિવારના ઝઘડા અને મતભેદનું મૂળ એકાંતવાદ આય એમ રાઇટ, હું કહું એમ જ થવું જોઈએ હોવાનું સમજાવી અનેકાંતવાદની 'આમ પણ હોય શકે અને આમ પણ' ની દૃષ્ટિ કેળવવા પ્રેરણા આપી. ગુરુદેવે કહ્યું કે જ્યાં યુનિટી છે ત્યાં ઇમ્યુનિટી છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિ એમ ચાર ગતિને ઉદાહરણો સાથે સમજાવી, જે ઘરના સભ્યો પોતાની ગતિ સુધારે છે ત્યાં પરિવારની સદ્ગતિ થાય છે એવો બોધ આપ્યો.


આ પ્રસંગે ગર્ભપાતની કુપ્રથા અંગે ભાવનાત્મક દૃશ્યાંકન દર્શાવી ગર્ભપાતને પંચેન્દ્રિય જીવની હત્યા ગણાવી હતી. પોતાના પરિવારમાં ગર્ભપાત નહીં કરાવવાનો અને કોઈને તેવી સલાહ નહીં આપવાનો સંકલ્પ પણ પરમ ગુરુદેવે કરાવ્યો હતો. પરમ ગુરુદેવની પ્રેરણાથી બાળકોમાં જૈન સંસ્કારો પ્રબળ બનાવવા કાર્યરત



લુક એન લર્ન જૈન જ્ઞાન ધામની ઝાંખી રજૂ થઈ હતી, જેમાં વિશ્વભરના ૧૧૫ સેન્ટરોમાં પોણા બે લાખથી વધુ બાળકો કેળવણી મેળવી રહ્યાની સવિસ્તાર માહિતી આપવામાં આવી. ભગવાનનું નામ લેવું શ્રેષ્ઠ છે, પરંતુ ભગવાનનું કામ કરવું સર્વશ્રેષ્ઠ છે તથા જેને જમવા કરતાં જમાડવું ગમે તેનો માનવધર્મ શ્રેષ્ઠ છે એવો સેવાભાવનો સંદેશ અપાયો.

ગુરુઆજ્ઞાથી ભિખારીના વેશમાં ઘાટકોપરના રસ્તાઓ પર નીકળેલા શ્રી પરાગભાઈ શાહનો વીડિયો રજૂ કરીને ઓળખ, પદ અને માન-સન્માનની માનસિકતા પર પરમ ગુરુદેવે પ્રકાશ પાડ્યો હતો. પરાગભાઈ શાહે જણાવ્યું કે અત્યારે લોકો સન્માનથી જગ્યા કરી આપે છે, જ્યારે ભિખારીના વેશમાં લોકો ધુણાના ભાવથી જગ્યા કરી આપતા હતા; જો કે કેટલાક લોકોના માનવતાભર્યા પ્રતિભાવ પરથી મુંબઈમાં માનવતા હજુ જીવે છે એવો અનુભવ થયો.

અંતે 'જૈન ક્રાંતિ'ના લોકાર્પણ બાદ 'વંદે શાસનમ્'ના સંદેશ સાથે પર્યુષણના છઠ્ઠા દિવસનું સમાપન થયું. ■




# વૃદ્ધ સાથે ૧.૮૯ કરોડની ઠગાઈઃ ચાર ઝડપાયા

મુંબઈ: શૅર ટ્રેડિંગમાં રોકાણ પર સારા વળતરની લાલચે વૃદ્ધ સાથે ૧.૮૯ કરોડ રૂપિયાની ઠગાઇ આચરવાના આરોપસર વેસ્ટ રિજન સાયબર પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ વિઠ્ઠલ વાઘમોડે, નાનાસાહેબ પારખે, અમોલ કુંભાર અને રમેશ લવંગરે તરીકે થઇ હોઇ વિઠ્ઠલ વાઘમોડેના બૅંક ખાતામાં ૫૩ લાખ રૂપિયા જમા થયા હોવાનું તપાસમાં સામે આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

૭૩ વર્ષના ફરિયાદીને ઑગસ્ટ, ૨૦૨૬માં મોબાઇલ પર વ્હૉટ્સઍપ કૉલ આવ્યો હતો અને બાદમાં તેને ગ્રૂપમાં ઍડ કરવામાં આવ્યો હતો. ગ્રૂપમાં શૅર ટ્રેડિંગ અંગે ટિપ્સ આપવામાં આવતી હતી અને બાદમાં ફરિયાદીને લિંક પાઠવીને ઍપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું.

ફરિયાદીને શૅર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ આપવામાં આવી હતી અને તેમનો વિશ્વાસ સંપાદન કરાયો હતો.

# કોલેજિયનને બ્લેકમેઇલ કરી ૨૪ લાખ પડાવ્યા

મુંબઈઃ શહેરની નામાંકિત કોલેજમાં એમબીએનો અભ્યાસ કરતા વિદ્યાર્થીને બ્લેકમેઇલ કરીને ૨૪ લાખ રૂપિયા પડાવવાના કેસમાં બાંગુરનગર પોલીસે હરિયાણાથી આલોક મદનમોહન કેસરી નામના આરોપીની ધરપકડ કરી હતી. વૅબ-સીરિઝમાં ખલનાયકની ભૂમિકાથી પ્રેરાઇને આરોપીએ ગુનો આચર્યો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. મલાડમાં રહેતા બિલ્ડરનો પુત્ર નામાંકિત કોલેજમાં અભ્યાસ કરતો હોઇ તેને આરોપીએ સંપર્ક કર્યો હતો અને તેણે પોતાની ઓળખ સ્ટુડન્ટ કાઉન્સેલર તરીકે આપી હતી. જૂન મહિનામાં એમબીએના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તેમને મેસેજ મોકલવામાં આવ્યા હતા. ૨૧ જૂને આરોપીએ ફરિયાદીને કૉલ કર્યો હતો અને તેનું નામ બ્લેકલિસ્ટમાં આવ્યું હોવાનું હોવાનું કહીંને તેને કોલેજમાંથી કાઢી નાખવામાં આવશે અને બીજી કોલેજમાં એડમિશન નહીં મળશે, એવું જણાવ્યું હતું.

## ક્લાસિફાઇડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

### ૧૭. જગ્યા આપવી છે

**LEAVE AND LICENSE**

Breach Candy 3 Bedroom 1400cp 4.5 Lac. nego Fully Furnished 2 Parking 9892710071 / 9619048555. (B-18081)

**WORLI**

Sea View Higher Floor 1 Bedroom 2.25 Cr, 2 Bedroom 4.50 Cr. 9892710071 / 9619048555. (B-18100)

**LEAVE AND LICENSE**

Breach Candy 3 Bedroom 1400 cp 4.5 Lac nego Fully Furnished 2 Parking 9892710071 / 9619048555. (B-18099)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**

One Office for Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18097)

### ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**

શેર ટ્રાન્સફરની કોઈપણ સર્વિસ આપશું તેમ જ શેર ખરીદશું.. સંપર્ક - 9619315362. (બી-૧૮૦૭૨)

### ૩૨. જમીન - મિલકત

■ સુરતમાં પ્લોટમાં રોકાણ, સુરતમાં પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવાની સોનેરી તક ગુજરાત સરકારની ટેક્સટાઈલ પોલિસીનો લાભ પણ 42×130ના દસ્તાવેજવાળા પ્લોટ્સ પલસાણામાં cetp સુવિધા સાથે 9773413847. (બી-૧૮૧૦૮)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

**જન્મ તારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - ક્યા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન (ફી લેવામાં નથી આવતી) વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 73045 86200. (૧૩૭૭-આઈ)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**MODULAR KITCHEN**

Range 25000 onwards in Laminateln Acrylic 8652762577. (1386-A)

**FESTIVAL OFFER**

Interior Layout 5000/2 options 3D / 10000/ 1 Bedroom, 15000/ 2 Bedroom 8652762577. (1386-C)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

છેલ્લા પાનાનું ચાલુ

## ચેમ્બુરમાં

લગભગ એક મહિના પહેલા જ બેસ્ટના કાફલામાં સમાવેશ કરવામાં આવેલી ખાનગી કંપનીની બસ દેવનાર ડેપોની હતી. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ દેવનાર ડેપોથી દોડતી એ-૩૬૪ રૂટ પરની બસ રવિવારે સવારે લગભગ આઠ વાગ્યે માહુલ વિલેજથી ટ્રૉમ્બે તરફ જઈ રહી હતી અને બસ ચેમ્બુર કોલોનીમાં રામ મંદિર નજીક પહોંચી ત્યારે ડ્રાઇવરે તેની સીટ નીચેથી ધુમાડો નીકળતો જોયો હતો. ડ્રાઇવરે તાત્કાલિક બસ રોકી અને તેનું નિરીક્ષણ કર્યું હતું એ દરમ્યાન બસના બેટરી બોક્સમાં શોર્ટ સર્કિટ થઈને આગ ફાટી નીકળી હતી. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને ડ્રાઇવરે બસમાં ઉપલબ્ધ ત્રણેય અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરીને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું. ડ્રાઇવરના પ્રયાસને કારણે સવારે ૮.૧૫ વાગ્યે આગ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ હતી. આ દરમ્યાન બસમાં રહેલા મુસાફરોએ ફાયર બ્રિગેડને ઘટનાની જાણ કરી હતી ત્યારબાદ ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે ત્યાં સુધીમાં ડ્રાઇવરે આગ બુઝાવી દીધી હતી. સાવચેતીના પગલાં તરીકે ફાયર બ્રિગેડે બસની બેટરી ડિસ્કનેક્ટ કરી અને બેટરી કાઢી નાખી હતી. ઘટનાની માહિતી મળતા જ બેસ્ટના મિકેનિક અને સંબંધિત કૉન્ટ્રેક્ટરનો ટેકનિકલ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો બસનું પ્રાથમિક નિરીક્ષણ કર્યા બાદ તેને દેવનાર ડેપો લઈ જવામાં આવી હતી. બસમાં આગ લાગવા પાછળનું ચોક્કસ ટેકનિકલ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવશે, અને બેટરી બોક્સ અને ઇલેક્ટ્રિકલ સિસ્ટમનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવશે એવું બેસ્ટ ઉપક્રમે જણાવ્યું હતું. ■

## ૧૬,૮૦૦થી વધુ

આગમન અને વિસર્જન દરમિયાન વાહનવ્યવહારના નિયમન માટે ટ્રાફિક પોલીસ દ્વારા પોતાનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

મુંબઈમાં ગણેશોત્સવ દરમિયાન સાર્વજનિક મંડળો દ્વારા વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિ અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને ભાવિકો પણ મોટા પ્રમાણમાં ગણપતિના દર્શન કરવા માટે આવતા હોય છે. આથી ગણેશોત્સવ વખતે મુંબઈ પોલીસ દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેમાં સાત એડિશનલ પોલીસ કમિશનર, ૩૭ ડેપ્યુટી પોલીસ કમિશનર અને બાવન આસિસ્ટન્ટ પોલીસ કમિશનર ઉપરાંત ૨,૬૫૦ પોલીસ અધિકારી અને ૧૪,૧૫૦ પોલીસ કર્મચારી તહેનાત રહેશે.

મહત્ત્વનાં સ્થળોએ સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પ્લાટૂન, ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી), રાયટ્સ કન્ટ્રોલ ટીમ (આરસીટી) અને હોમ ગાર્ડસ બંદોબસ્તમાં રહેશે. એ સિવાય બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) અને ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવી છે. ભીડ પર સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ગણેશ વિસર્જન માટે પણ વિશેષ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે અને તે માટે વધારાના સુરક્ષા કર્મચારીઓને તહેનાત કરવામાં આવશે.

લોકોને ગિરદીના સ્થળે લોકોને સંયમ જાળવવા, પોલીસને સહકાર્ય કરવા તેમ જ નધણિયાતી કે શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો તાત્કાલિક તેની માહિતી પોલીસને આપવા અને મદદ માટે પોલીસ હેલ્પલાઇન નંબર ૧૦૦/૧૧૨ પર સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી છે. ■

## આ ૧૦ બ્રિજ પર

આરંભ પહેલા જ મુંબઈના જોખમી પુલની માહિતી જાહેર કરીને ગણેશભક્તોને અને સાર્વજનિક ગણેશમંડળોને કાળજી લેવાની સૂચના આપવામાં આવી હતી. બ્રિજ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ મધ્ય રેલવે પર આવેલો ઘાટકોપરનો રેલવે બ્રિજ, કરી રોડ રેલવે બ્રિજ, આર્થર રોડનો ચિંચપોકલી રેલવે બ્રિજ, સૅન્ડહર્સ્ટ રોડ રેલવે બ્રિજ, ભાયખલા રેલવે બ્રિજ તેમ જ પશ્ચિમ રેલવેના ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ દરમ્યાન રહેલો ફ્રેન્ચ રેલવે બ્રિજ, કેનેડી રેલવે બ્રિજ, ફૉકલેન્ડ રેલવે બ્રિજ, મહાલક્ષ્મી રેલવે સ્ટેશન બ્રિજ અને દાદરના ટિળક બ્રિજનો સમાવેશ થાય છે. બ્રિજ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ રેલવે લાઈન ઉપર આવેલા આ તમામ બ્રિજ ૬૦ વર્ષથી પણ જૂના છે. તેથી આ પુલ એકી વખતમાં વધુ વજન સહન કરી શકે એવી હાલતમાં નથી. તેથી એકી સમયે ભક્તો મોટી સંખ્યામાં તેના પર ભેગા થાય અથવા નાચતા-ગાતા અને ડીજે વગાડતા જાય તો બ્રિજ આટલું વજન સહી શકે એવી હાલતમાં નથી. ૧૬ ટનથી વધુ વજન બ્રિજ સહન કરી શકશે નહીં. તેથી ભક્તોએ આ બ્રિજ પરથી પસાર થતા સમયે ધ્યાન રાખવાનું રહેશે. ■

## નાલાસોપારામાં

સાંજે ૬થી ૭ વાગ્યાની વચ્ચે ગણેશમૂર્તિ અચાનક ધરાશાયી થતાં ૪થી ૫ ભક્તો તેની નીચે ફસાઈ ગયા હતા. જોકે સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને કોઈને ગંભીર ઈજા પણ થઈ ન હતી, પરંતુ વીડિયો વાયરલ થયા પછી લોકોએ બાપ્પાના આગમનમાં કોઈ કચાશ કે કોઈ વિઘ્ન અંગે પણ અટકળો વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ, ગણેશમૂર્તિને વર્કશોપમાંથી મંડપમાં લઈ જવામાં આવી રહી હતી. દરમિયાન અચાનક વરસાદ શરૂ થતાં મૂર્તિને ભક્તોએ ઉતાવળમાં પ્લાસ્ટિકની શીટથી ઢાંકવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે ભારે મૂર્તિ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું અને બાપાની મૂર્તિ નીચે પડી હતી. આ આખી ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં ભક્તો મૂર્તિ નીચે ફસાયેલા જોવા મળ્યા હતા.

ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓ તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા અને મૂર્તિ નીચે ફસાયેલા ભક્તોને બહાર કાઢવામાં મદદ કરી હતી. નાલાસોપારાના પોલીસ અધિકારીએ આ પ્રકરણે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઘટનામાં કોઈને પણ ગંભીર ઈજા થઈ નથી અને સંબંધિત લોકોને માત્ર સામાન્ય ઈજા પહોંચી હતી. બાદમાં મૂર્તિને સુરક્ષિત રીતે બહાર કાઢી સ્થાનિક મંડળના પરિસરમાં લઈ જવામાં આવી હતી.આ ઘટનાને ગણેશચતુર્થી પહેલાં મોટી ગણેશમૂર્તિ ધરાશાયી થવાની આ સળંગ ત્રીજી ઘટના છે. ૨૨ ઑગસ્ટ, ૨૦૨૬ના મુંબઈના ભુલેશ્વર વિસ્તારમાં ૨૨ ફૂટ ઊંચી 'ભુલેશ્વરાચા રાજા' મૂર્તિ આગમન સરઘસ દરમિયાન મૂર્તિ તૂટી પડતાં બે લોકોનાં મોત થયા હતા અને પાંચ લોકોને ઈજા થઇ હતી. ત્યાર બાદ કુર્લામાં પણ સ્પીડ બ્રેકર પરથી પસાર થતી વખતે મોટી ગણેશમૂર્તિ પડી ગઈ હતી તેમાં પણ લોકોને ઈજા પહોંચી હતી.

છેલ્લા એક મહિનાના સમયગાળામાં બનેલી આ ત્રણ દુર્ઘટના પગલે મોટી ગણેશમૂર્તિઓના પરિવહન અને આગમન દરમિયાન સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો નિર્માણ થયા છે. પોલીસના જણાવ્યા મુજબ કુર્લાની ઘટનામાં સ્પીડ બ્રેકર અને મૂર્તિના ભારે વજનને કારણે નિયંત્રણ ગુમાવ્યું હોવાની શક્યતા છે, જ્યારે બંને ઘટનાઓમાં રસ્તાની સ્થિતિ તથા મૂર્તિને ટેકો આપતી વ્યવસ્થાની ભૂમિકા પણ તપાસ હેઠળ છે.ગણેશોત્સવ નજીક હોવાથી આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને મૂર્તિઓના પરિવહન દરમિયાન વધુ સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. જોકે આ દુર્ઘટનાઓના પગલે હવે લોકો આવી ઘટનાને અપશુકન પણ ગણાવી રહ્યાં છે. ■

## મુંબઈમાં

ચોમાસાનું આગમન થયું હતું. જુલાઈ મહિનામાં મુશળધાર પડયા બાદ ઑગસ્ટ મહિનાથી વરસાદ ગાયબ થઈ ગયો છે. સપ્ટેમ્બરમાં છૂટાછવાયા વરસાદની શકયતા વચ્ચે શનિવાર મોડી રાતથી મુંબઈ, થાણે, પાલઘર સહિત રાજ્યના અનેક જિલ્લામાં વરસાદનું ફરી આગમન થયું છે. શનિવાર મોડી રાતથી મુંબઈમાં શરૂ થયેલો વરસાદ રવિવારે પણ આખો દિવસ સતત પડી રહ્યો હતો. તેથી અગાઉ જાહેર કરવામાં આવેલા 'યલો અલર્ટ'ને હવામાન વિભાગે અપગ્રેડ કરીને 'ઓરેન્જ અલર્ટ' ની ચેતવણી આપી હતી, જે છૂટાછવાયાં સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા સૂચવે છે.

શહેરનાં ઓટોમેટિક વેધર સ્ટેશનો દ્વારા અનેક સ્થળોએ ત્રણ આંકડામાં વરસાદ નોંધાયો હતો. રવિવારે સવારે એક થી ૧૦ વાગ્યાની વચ્ચે બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) માં સૌથી વધુ ૧૪૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ માગાઠાણે (૧૩૩ મિ.મી.), ચેમ્બુર (૧૨૭ મિ.મી.), ગોવંડી (૧૨૧ મિ.મી.), શિવડી (૧૦૬ મિ.મી.) અને દાદર (૯૮ મિ.મી.)માં વરસાદ નોંધાયો હતો.

રવિવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન કોલાબા અને સાંતાક્રુઝ વેધશાળા દ્વારા નોંધાયેલ સરેરાશ વરસાદ અનુક્રમે ૩૦ મિ.મી. અને ૮૦ મિ.મી. હતો. હવામાન વિભાગના વરસાદના વર્ગીકરણ મુજબ સાંતાક્રુઝ વેધશાળામાં ભારે વરસાદ (૬૪.૫ મિ.મી. - ૧૧૫.૫ મિ.મી.) નોંધાયો હતો, જ્યારે કોલાબા વેધશાળામાં મધ્યમ વરસાદ (૧૫.૬ મિ.મી. થી ૬૪.૪ મિ.મી.) નોંધાયો હતો. આ વરસાદી તબક્કો ઑગસ્ટના મધ્યથી શહેરમાં જોવા મળેલા પ્રમાણમાં સૂકા વાતાવરણથી તદ્દન વિપરીત સ્થિતિ દર્શાવે છે.

### અત્યાર સુધી ૨,૩૫૩.૬ મિ.મી. વરસાદ

મુંબઈમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૨,૩૫૩.૬ મિ.મી. વરસાદ નોંધાયો છે, જેનો મોટો હિસ્સો જુલાઈ મહિનામાં પડ્યો હતો. જુલાઈ સૌથી વધુ વરસાદવાળો મહિનો હતો જેમાં ૧,૭૬૯.૮ મિ.મી. વરસાદ થયો હતો, ત્યારબાદ જૂનમાં ૫૪૯.૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તેની સરખામણીમાં ઓગસ્ટમાં વરસાદમાં ભારે ઘટાડો થઈને તે ૧૭૬.૮ મિ.મી. પર આવી ગયો હતો, જ્યારે સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં માત્ર ૧૪૨.૧ મિ.મી. વરસાદ નોંધાયો છે, જે આ મહિનાના સામાન્ય વરસાદ ૩૫૯.૬ મિ.મી.ની સરખામણીમાં ઘણો ઓછો છે. આમ સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં સામાન્ય વરસાદના માત્ર ૪૦ ટકા જેટલો જ વરસાદ થયો છે, જે દર્શાવે છે કે જુલાઈના ભારે વરસાદના તબક્કા બાદ ચોમાસું કેટલી ઝડપથી નબળું પડી ગયું હતું. ■

## જાહેરાત લગાવનારા

જણાવ્યા મુજબ ગણેશોત્સવ દરમ્યાન મુંબઈમાં મોટા પ્રમાણમાં ગણેશભક્તો જુદા જુદા મંડપોમાં ગણપતિબાપ્પાના દર્શન માટે જતા હોય છે. ઘરની બહાર નીકળેલા નાગરિકોને ચાલવાનો રસ્તો ખુલ્લો હોય અને કોઈ અવરોધ નિર્માણ થાય નહીં તેની સંબંધિતોએ તકેદારી લેવાની રહેશે, જેમા મુખ્યત્વે રસ્તા અને ફૂટપાથ પર હૉર્ડિંગ્સ લગાવીને રાહદરીઓને અડચણ થાય નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

પાલિકાના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ગણેશોત્સવ અને નવરાત્રી દરમ્યાન કમર્શિયલ જાહેરાત પ્રદર્શિત કરવા માટે પ્રશાસન અને લાઈસન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા નિયમ નક્કી કરવામાં આવ્યા છે, તેનું પાલન કરવાનું રહેશે. ગણેશોત્સવ અને નવરાત્રૌત્સવ મંડળોએ ગુટખા, તંબાકુજન્ય અને અન્ય પ્રતિબંધિત ઉત્પાદનોની જાહેરાતનું પ્રદર્શન કરવાનું ટાળવાનું રહેશે. જાહેરાતના પ્રદર્શન કરતા સમયે ફૂટપાથ પર રાહદારીઓને ચાલવામાં તેમ જ રસ્તા પરના ટ્રાફિકને કોઈ પણ પ્રકારે અડચણ ન થાય તેની કાળજી લેવાની રહેશે. મંડળો પારંપારિક પ્રવેશદ્વારની જમણી અને ડાબી બાજુએ દાન આપનારાઓ કમર્શિયલ જાહેરાત લગાવી શકશે. સામાજિક અને નાગરી સંદેશો પ્રદર્શિત કરીને નાગરિકોમાં જનજાગૃતિ લાવી શકશે. તેમ જ ગણેશોત્સવ અને નવરાત્રી મંડળોને ડિજિટલ માધ્યમથી જનહિતની અને આરોગ્યને લગતા સંદેશા તેમ જ કમર્શિયલ જાહેરાત પ્રદર્શિત કરવા માટે ૧૦ બાય ૧૦ની મર્યાદા સુધીના આકારના ડિજિટલ સ્ક્રિન બેસાડવા માટે ટ્રાફિક ડિપાર્ટમેન્ટ અને સ્થાનિક પોલીસ પાસેથી નો ઓબ્જેકશન લીધા બાદ મંજૂરી આપવામાં આવશે. સાર્વજનિક મંડળોને તહેવાર દરમ્યાન તેમ જ વિસર્જનના બીજા દિવસે સંબંધિત જાહેરાતના બોર્ડ સંબંધિત મંડળોએ જાતે આગળ આવીને કાઢી નાખવાના રહેશે. ■

## વિઘ્નહર્તાના આગમન

વિસર્જનના રૂટ પર આવતા રસ્તા પરના ખાડા પૂરી દેવામાં આવ્યા હોવાનો અને રસ્તાઓ સમથળ કર્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. તેમ જ રસ્તા પર રહેલા મોટા ઝાડની ડાળખીઓની છટણી પણ કરી દેવામાં આવી હતી, જેથી કરીને વાહનોમાં મૂર્તિના આગમન અને વિસર્જન દરમ્યાન ઝાડની ડાળખીઓને કારણે કોઈ અવરોધ નિર્માણ થાય નહીં. મુંબઈ મહાનગરપાલિકાએ દર વર્ષની માફક જ આ વર્ષે પણ નૈસર્ગિક વિસર્જન સ્થળોએ છ ફૂટથી ઊંચી મૂર્તિના વિસર્જન વ્યવસ્થિત રીતે પાર પડે તે માટે તળાવોની સફાઈ કરીને અંદર રહેલા ગાળ અને કચરાને સાફ કર્યા હતા, જેમાં મોટી ચોપાટીઓ પર માટીમાં વાહનના પૈડા ફસાઈ ન જાય તે માટે રેતીમાં સ્ટીલની પ્લેટ બેસાડવામાં આવી છે. મોટા તરાફાની તેમ જ ક્રેનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો ક્યૂઆર કોડથી તેમના ઘરના નજીકના વિસર્જન સ્થળને શોધી શકશે. પાલિકાએ ગણેશભક્તોને તેમની છ ફૂટ સુધીની મૂર્તિનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવાની અપીલ કરી છે. આ વર્ષે વધારાના ૮૫ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરવામાં આવી છે, તેથી કુલ સંખ્યા ૩૮૫ થઈ ગઈ છે. એ સિવાય ફરતા વિસર્જન સ્થળ (મોબાઈલ વૅન) પણ વ્યવસ્થા રહેશે. ગયા વર્ષે મુંબઈમાં ૨૯૮ કૃત્રિમ તળાવમાં ૧,૮૮,૩૮૭ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જેમાં સાર્વજનિક મંડળની મૂર્તિની સંખ્યા ૯,૮૫૨ હતી. તો ઘરની મૂર્તિની સંખ્યા ૧,૩,૫૬૩ અને ૪,૯૭૨ ગૌરી મૂર્તિ હતી. નૈસર્ગિક વિસર્જન સ્થળોએ ફાયર બ્રિગેડની સાથે જ લાઈફગાર્ડને તહેનાત કર્યા છે. તેમ જ વિસર્જન સ્થળે જમા થનારા ફૂલ-હારના નિર્માલ્યમાંથી ખાતરનું ઉત્પાદન કરવામાં આવવાનું છે. તેથી સંબંધિત વોર્ડ સ્તરે નિર્માલ્ય વિસર્જન સ્થળેથી જમા કરવામાં આવશે. ■

## લેબ-ગ્રોન ડાયમંડ

એક વિશાળ તક છે.''તેમણે કહ્યું, ''જેમ જેમ લેબ-ગ્રોન ડાયમંડનો યુગ શરૂ થઈ રહ્યો છે, ત્યારે આપણી પાસે જરૂરી માળખાગત સુવિધાઓ, ક્ષમતાઓ, મૂડી અને સૌથી મહત્ત્વની વાત એ છે કે તમારા જેવા ઉદ્યોગસાહસિકો ઉપલબ્ધ છે.'' શાહે ઉદ્યોગ જગતને અનુરોધ કર્યો કે તેઓ એ સુનિશ્ચિત કરે કે લેબ-ગ્રોન ડાયમંડની સમગ્ર ઇકોસિસ્ટમ અને ઉત્પાદન શૃંખલા મજબૂતીથી ભારતીયોના હાથમાં રહે; પછી ભલે તે ઉત્પાદન માટેની મશીનરી હોય, હીરાનું ઉત્પાદન હોય, ઘરેણાં બનાવવાના હોય, બ્રાન્ડ્સ વિકસાવવાની હોય કે પછી વિશ્વભરમાં ભારતીય કંપનીઓના શોરૂમ ખોલવાના હોય. શાહે જણાવ્યું હતું કે ભારતનો વિશ્વ સાથેનો રત્ન અને આભૂષણોનો વેપાર લગભગ ૬,૦૦૦ વર્ષ જૂનો છે. તેમણે ઉપસ્થિતોનું ધ્યાન દોર્યું કે, ૨૦૧૪માં ભારતની ગણના 'ફ્રેજાઇલ ફાઈવ' (આર્થિક રીતે નબળા પાંચ દેશના જૂથ)માં થતી હતી, પરંતુ આજે તે ટોચના પાંચ દેશોમાં સ્થાન ધરાવે છે. (પીટીઆઈ) ■

## હિન્દુ મરણ

મુ.ગામઃ રોહિસાળા, હાલઃ રાજકોટ સ્વ. ચારૂબેન હિંમતભાઈ ટાંક (ઉં.વ.૭૫) ૧૧-૯-૨૬ શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૧૪-૯-૨૬, સોમવારે ૫ થી ૬ કલાકે - ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, ચંદન પાર્ક મેઈન રોડ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ સાંતાક્રુઝ સ્વ. નીલમબેન તથા સ્વ. હરકિસનદાસ દેવીદાસ સંઘવીના પુત્ર બકુલેશભાઇ (ઉં. વ.૮૦) તે નીલમબેનના પતિ. બીજલ જિગર વોરાના પિતા. સ્વ. દુર્લભદાસ હરિદાસ મહેતાના જમાઇ. સ્વ. અરુણાબેન ઉપેન્દ્રભાઇ વ્યાસના ભાઇ. તથા સ્વ. રતિલાલ દેવીદાસ સંઘવીના ભત્રીજા. શનિવાર, ૧૨-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તમામ લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નિરૂપાબેન વિજયકુમાર રૂપારેલ (ધારાણી) કચ્છ ગામ ભુજ, હાલ મુલુંડ (ઉં. વ. ૭૦) તા. ૧૨-૯-૨૬ના રામશરણ પામેલ છે. તે વિજય તુલસીદાસના ધર્મપત્ની. ચિરાગના મમ્મી. જાનવી, ધાર્મિકના દાદી. સ્વ. ડાહીબાઇ તુલસીદાસના પુત્રવધુ. સ્વ. ભગવતીબેન નારાયણજી પાંધીના પુત્રી. સ્વ. સુશીલાબેન, સ્વ. જયાબેન, સ્વ. કાંતાબેન અને નીતાબેનના દેરાણી પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મસ્કા (માંડવી) હાલ મુલુંડ સ્વ. મોતીબેન ગોવિંદજી વેલજી ચોથાણીના જયેષ્ઠ પુત્ર ભરતભાઇ. તે મીનાબેનના પતિ. સ્વ. ધનલક્ષ્મીબેન જેઠાલાલ કાનાણી વરસામેડી હાલ મુલુંડના જમાઇ. ભાવિકના પિતા. ભાવનાબેનના સસરા. ભૂપેન્દ્ર અને મમતાબેન અતુલ રૂપારેલના ભાઇ શનિવાર, તા. ૧૨-૯-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**મોઢ વાણીયા વૈષ્ણવ**

અમદાવાદ હાલ મુલુંડ ગુણવંત પરીખના ધર્મપત્ની સરોજ ગુણવંત પરીખ (ઉં. વ. ૯૪) રવિવાર, તા. ૧૩-૯-૨૬ના સ્વર્ગવાસી થયેલા છે. તે સ્વ. મુકુલ-અમી, અજય-પારુલ, દર્શન-લીનીતાના માતુશ્રી. અભિષેક-અમી, અપેક્ષા ચિરાગકુમાર દામાણી, ખુશ્બુ, આકાશના દાદી. પિયર પક્ષે લાલદાસ પટવારીના દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. અજય ગુણવંત પરીખ, ૨૩૦૨, ટાવર ૮, પાઇનવૂડ, રૂણવાલ ગ્રીન્સ, ભાંડુપ (વેસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા હાલ વિલેપાર્લે સ્વ. ચીમનલાલ મગનલાલ ગાંધીના પુત્ર પરિમલનાં પત્ની અ. સૌ. પ્રિતીબેન (ઉં. વ.૬૩) તા. ૧૩-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે મહુવાવાળા સ્વ. ભાસ્કરભાઇ નાગરદાસ પારેખની સુપુત્રી. રાજુલાવાળા શામળદાસ દુર્લભદાસ સંઘવીની ભાણેજ. લિપી, ઉત્સવનાં માતુશ્રી. રાજીવ અને રાધીકાનાં સાસુ. ધૈર્ય, કાયરાના દાદા-નાની. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## હજી સુધી ફક્ત

મંજૂરી મળી હતી, જે આંકડો ગયા વર્ષની સંખ્યાની લગભગ સમાન છે. છેલ્લી ઘડીએ મંજૂરી મળ્યા બાદ સોમવાર સુધીમાં મંજૂરીઓની સંખ્યામાં થોડો વધારો થવાની શક્યતા છે.

પાલિકાના રેકોર્ડ મુજબ મુંબઈના કુલ ૪,૧૬૪ મંડળોએ મંજૂરી માટે અરજી કરી હતી, જેમાંથી મોટાભાગનાં મંડળોએ રસ્તાની બાજુમાં મંડપ ઊભા કરવા માટે અરજી કરી હતી. તેમાંથી અત્યાર સુધીમાં ૨,૭૦૨ મંડળોને મંજૂરી મળી ગઈ છે, જ્યારે ૧૭ મંડળોની અરજીઓ હજુ પણ વોર્ડ-સ્તરે આસિસ્ટન્ટ કમિશનરો પાસે મંજૂરીની રાહ જોતી પેન્ડિંગ છે.

મુંબઈના સાર્વજનિક ગણેશોત્સવ મંડળના કાર્યકર્તાના જણાવ્યા મુજબ પાલિકા મંજૂરી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ તેમાં હજુ પણ સુધારાને અવકાશ છે. પાલિકાએ મંડળોને પાંચ વર્ષની મંજૂરી આપવાનું શરૂ કર્યું છે. જોકે તેનો અર્થ એ નથી કે મંડળોએ પાલિકામાં અરજી કરવાની રહેતી નથી, કારણ કે પોલીસનું નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ મુંબઈ મહાનગરપાલિકા મારફત મેળવવાનું હોય છે. ઘણા કેસમાં ગણેશ મંડળો તેમના મંડપ કે સ્થાપનાનું કદ વધારે છે, જેના કારણે પોલીસની નવી મંજૂરી લેવી જરૂરી બની જાય છે. ક્યારેક પોલીસ વેરિફિકેશનમાં અપેક્ષા કરતા વધુ સમય લાગે છે, જેનાથી આયોજકો ચિંતામાં મુકાય છે. બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના પ્રમુખ નરેશ દહીબાંવકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે તહેવારોમાં પોલીસ કર્મચારીઓ અન્ય કામોમાં વ્યસ્ત હોય છે, જેના કારણે મંજૂરીઓમાં વધુ વિલંબ થઈ શકે છે. ■

## એકાદ દિવસમાં

આ વરસાદનો પહેલો નોંધપાત્ર તબક્કો છે. બંગાળની ખાડીમાંથી ઉદ્ભવેલું લો-પ્રેશર (હવાનું ઓછું દબાણ) ક્ષેત્ર વિદર્ભ અને દક્ષિણ મધ્ય પ્રદેશ થઈને આગળ વધ્યું હતું. લો-પ્રેશર વિસ્તારમાંથી ઉત્તર મહારાષ્ટ્ર અને ગુજરાત તરફ દક્ષિણ-પશ્ચિમ દિશામાં વિસ્તરેલા 'ટ્રફ' (હવાના દબાણનો પટ્ટો) એ પણ વર્તમાન વરસાદી તબક્કામાં ફાળો આપ્યો છે. જોકે આ હવામાન સિસ્ટમ લાંબા સમય સુધી ટકી રહેવાની અપેક્ષા નથી. સોમવારથી વરસાદનું જોર ઘટવાની શક્યતા છે. ■

## પારસી મરણ

થ્રીતી બેહરામ દારૂવાલા તે મરહુમો બેહરામજી બાપુજી દારૂવાલાના ધનીયાની. તે મરહુમો સુના નરિમાન માલેગામવાલાના દીકરી. તે ખુરશીદના માતાજી. તે માહારૂખના સાસુજી. તે ધન, મેહર તથા મરહુમો મેહરુ ને અરનાવાઝના બહેન. તે ઝુનાઇશા, માહફરીનના બપઇજી. (ઉં. વ. ૮૨) રે. ઠે. એચ-૭, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ. લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૯-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે, ઉપરની ભાભા નં.૧, ડુંગરવાડીમા છેજી.

કુમી દારબશાહ સીનોર તે મરહુમો ઓસ્તી પીરોજા તથા દારબશાહ પીરોજ શાહ સીનોરના દીકરી. તે રૂબી દારબશાહ સીનોર તથા મરહુમો ઓસ્તી ડોલી તથા એરવદ તે મુરસ્પના બહેન. તે મરહુમો ઓસ્તા રતન પીરોજશાહ સીનોર, મરહુમો ઓસ્તા રુસ્તમ તથા ઓસ્તા દારબ ફરામરોઝ સંજાના ના ભાણજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૨૪૫, કાપડીયા હાઉસ, ત્રીજે માળે, ડો. કાવસજી હોરમઝજી સ્ટ્રીટ, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના હાલે સાન્તાક્રુઝ પોપટલાલ રામજી ગાલા (ઉં.વ.૮૨) ૧૨-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તારાબેન (દેવકાબેન) રામજી લાલજી ગાલાના પુત્ર. શાંતાબેન પોપટલાલ ગાલાના પતિ. કિંજલ અને અવનીના પિતા. મોટી ખાખરના કેસરબેન કાનજી વેલજી ગંગરના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસઃ પોપટલાલ ગાલા, ૨૦૨, દિનાર બિલ્ડિંગ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

મોટા લાયજાના દિનેશ શાંતિલાલ શાહ (ગાલા) (ઉં.વ.૭૪) ૧૧-૦૯-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. પુર્વી, ચાર્મી, ઉર્વીના પિતા. ગીરીશ, અનીલ, મંજુલા, ઉષાના ભાઇ. નાના ભાડીયા વીરબાઇ મોરારજી જેઠાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. દિનેશ શાહ, એ-૬૦૨, ગીત, ગૌરવ ગાર્ડન, કાંદીવલી, મું. ૬૭.

નાના ભાડીયાના વિનોદ શીવજી ગોગરી (ઉં.વ.૮૨) ૧૨-૯-૨૬ના અવસાન પામેલ છે. લીલબાઇ શીવજી લખમશીના પુત્ર. સ્વ. વાસંતીના પતિ. શૈલેષ, વીરેશ (બોબી)ના પિતાશ્રી. સ્વ. હરખચંદ, નાગલપુર ઇંદુબેન જાદવજી જગશી, સમાઘોઘા સ્વ. હેમલતા પ્રકાશ શામજીના ભાઇ. કાંડાગરાના સોનબાઇ લખમશી રવજી બોરીચાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. વિરેશ ગોગરી, સી-૬૦૨, પાવાપુરી, એમ.જી.રોડ, જી.એચ. હાઇસ્કુલની સામે, બોરીવલી (ઇસ્ટ).

**ઝાલાવાડ દિગંબર જૈન**

વિંછિયા નિવાસી સ્વ. શાંતિલાલ જીવરાજ વોરાના સુપુત્ર, હાલ માલાડ નિવાસી નીતિન શાંતિલાલ વોરાના ધર્મપત્ની જાગૃતિબેન (ઉં.વ.૬૧), તે કાજોલ તથા ખુશ્બૂના માતુશ્રી. પૃથ્વીરાજ ઝાલાના સાસુ. પિયરપક્ષે રામપુરા ભંકોડા નિવાસી સ્વ. બુધાલાલ આત્મારામ શાહનાં સુપુત્રી. શૈલેશભાઈ તથા પૂનમભાઈનાં બહેન ૧૨-૯-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી. સરનામુંઃ નીતિન શાંતિલાલ વોરા, ડી/૧૧, દેવ દર્શન ટાવર, ધનજીવાડી, માલાડ ઈસ્ટ.

**પાટણ જૈન**

પાટણ નિવાસી ચૌધરીની શેરીના હાલ મુંબઇ સ્વ. પ્રવીણાબેન રોહિતભાઇ ઝવેરી (સાયલા) (ઉં. વ. ૭૬) તે રોહિતભાઇ ઝવેરીના ધર્મપત્ની તા. ૧૩-૯-૨૬ના રવિવારે અરિહંતશરણ પામ્યા છે. જે અલ્પા તથા સપનાના માતુશ્રી. જસ્મીનભાઇ તથા ચિંતનભાઇના સાસુ. માના અને અનાયાના નાની.

## મુંબઈ કૂચ

હતું. જરાંગેએ શનિવારે જાહેરાત કરી હતી કે તેઓ અને તેમના સમર્થકો ૧૫ સપ્ટેમ્બરે મુંબઈ જવા રવાના થશે અને શિક્ષણ તથા નોકરીઓમાં મરાઠા અનામતની માગ સાથે ૧૯ સપ્ટેમ્બરથી રાજ્યની રાજધાનીના આઝાદ મેદાનમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કરશે. આઝાદ મેદાનમાં જરાંગેના આંદોલનના એક વર્ષ બાદ ફરીથી તેઓ મુંબઈમાં આંદોલન કરવા આવી રહ્યા છે. (પીટીઆઈ) ■

## વસાહતી માનસિકતામાંથી

વિશ્વ સમક્ષ ઐતિહાસિક સત્ય રજૂ કરવાનો છે. તેમણે કહ્યું કે અંગ્રેજોએ જ્ઞાન અને સત્તાને એકબીજા સાથે જોડી દીધા હતા અને ઉમેર્યું કે હવે જ્ઞાનને તે માળખામાંથી મુક્ત કરવાનું કાર્ય કરવાનું છે. તેમણે વધુમાં કહ્યું કે, આજે, આપણે જ્ઞાનને તેમાંથી મુક્ત કરવા અને વસાહતી પ્રભાવમાંથી મુક્તિ (ડીકોલોનાઇઝેશન) તરફ આગળ વધી રહ્યા છીએ. શાહ આજે વહેલા મુંબઈ પહોંચ્યા હતા. (પીટીઆઈ)

## શિંદે અને અમિત શાહ વચ્ચે મુલાકાત

મુંબઈ : મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે મુંબઈની ટૂંકી મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સાથે અહીંના સહ્યાદ્રિ ગેસ્ટ હાઉસમાં મુલાકાત કરી હતી. શિંદેના સહયોગીએ જણાવ્યું હતું કે આ બેઠક લગભગ ૩૦ મિનિટ સુધી ચાલી હતી. આ બેઠક મરાઠા અનામત માટે ચાલી રહેલા આંદોલનની પૃષ્ઠભૂમિમાં યોજાઈ છે; આંદોલનકારી મનોજ જરાંગેએ ૧૯ સપ્ટેમ્બરથી મુંબઈમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કરવાની જાહેરાત કરી છે. ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

મુંબઈ સમાચાર
MUMBAI SAMACHAR
સોમવાર ■ તા. ૧૪-૯-૨૦૨૫



# ધર્મ તેજ

## ભગવાન ગણેશની પૂજા એટલે આપણા વિવેકની પૂજા



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



'**રામચરિતમાનસ**' ગ્રંથનું જે રૂપ છે, બાહ્યરૂપ છે, એ સાત ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. આપ જાણો છો કે, વાલ્મીકિજીએ 'રામાયણ'ના ભાગો માટે 'કાંડ' શબ્દ પ્રયોજ્યો છે, 'બાલકાંડ', 'અયોધ્યાકાંડ', 'અરણ્યકાંડ', 'કિષ્કિન્ધાકાંડ', 'સુંદરકાંડ', 'લંકાકાંડ', 'ઉત્તરકાંડ'. આપણે પણ એ જ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પરંતુ 'રામચરિતમાનસ'માં તુલસીજીએ પ્રથમ સોપાન, દ્વિતીય સોપાન, તૃતીય સોપાન, ચતુર્થ સોપાન, પાંચમું સોપાન, છઠ્ઠું સોપાન, સાતમું સોપાન એમ સોપાનોમાં આ કથાનું સંયોજન કર્યું છે.

'બાલકાંડ'ના આરંભમાં ગોસ્વામીજી મંગલચરણના સાત મંત્રોનું ગાન કરે છે. ત્યારબાદ સાવ ગ્રામભાષામાં, સરળ હિન્દીમાં, દેહાતી હિન્દીમાં શ્લોકને લોક સુધી પહોંચાડવા માટે આપણા સુધી પહોંચવા માટે તુલસી શિખર પરથી સાવ નીચે આવે છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સંહિતા, બ્રાહ્મણગ્રંથ, અન્ય ગ્રંથ, ભારતના તત્ત્વજ્ઞાનનું જેટલું સાહિત્ય છે, સંતસાહિત્ય છે, એ બધાનો ક્યાંક ને ક્યાંક ગોસ્વામીજીએ ઉલ્લેખ કર્યો છે. અને હેતુ એક માત્ર 'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથ ગાથા.'

આપણી સનાતનીય પરંપરામાં કોઈપણ મંગલકાર્યના આરંભમાં મોટે ભાગે આપણે પંચદેવની પૂજા કે પંચદેવનું સ્થાપન કરીએ છીએ. જગદગુરુ શંકરાચાર્યે આપણને પાંચ દેવની ઉપાસના કરવાનું શીખવ્યું છે કે, દરેક વ્યક્તિએ પાંચને પૂજવા. એક તો સૂર્યને, બીજા ગણપતિને, ત્રીજા મહાદેવને અને મા દુર્ગા ભવાની અને પાંચમા ચતુર્ભુજ નારાયણ ભગવાન વિષ્ણુ, જે કહો તે, આ પંચદેવની વાત. તુલસીદાસજી રામાનંદીય પરંપરામાં આવ્યા છે, પણ છતાય ભગવાન શંકરાચાર્ય મહારાજના સિદ્ધાંતોનો આ કેટલો મોટો સમન્વય કર્યો છે કે એ વાતને એમણે 'રામાયણ'ના આરંભમાં મૂકી દીધી! માણસોએ આ પાંચ દેવને પૂજવા; તો, તુલસીએ પણ એમને જયારે આટલા મોટા શાસ્ત્રનું દાન કરવું છે ત્યારે પંચદેવોનું સ્મરણ કર્યું. ગણેશ, દુર્ગા, શિવ, ભગવાન વિષ્ણુ નારાયણ અને સૂર્ય ભગવાન. આ આપણી પરંપરામાં આવ્યું છે તો એનું આપણને ગૌરવ છે. પરંતુ આ પંચદેવની વાત સાર્વભૌમ છે. જો પોતાના હઠાગ્રહો છોડીને બધી વિચારધારાના લોકો આ વાતને સમજે તો પંચદેવની વિચારધારા મૂલતઃ સાર્વભૌમ છે, સંકીર્ણ નથી.

ગણેશની પૂજા એટલે વિવેકની પૂજા. ગણેશ એટલે વિવેક અને વિવેકની મનાઈ કયો ધર્મ કરે છે? વિવેક તો સૌ પાસે હોવો જોઈએ. રમણ મહર્ષિએ આપણી વિચારધારામાં, આપણી પરંપરામાં, બીજા સ્વામી રામતીર્થે જે પાપની વ્યાખ્યા કરી, બહોત અદ્ભુત કરી. આજના કાળ માટે બિલકુલ યોગ્ય છે અને ચેતનાવંત મહાપુરુષોને અધિકાર હોય છે કે મૂળને સાચવીને નવાં નવાં ફૂલો આપે. એને અધિકાર હોય છે. ઈશ્વરે શુભ અવસર આપ્યો હોય અને ઈ અવસરને જે માણસ ચૂકી જાય એને રમણ મહર્ષિ પાપ કહે છે. શ્રીમદ્ રામતીર્થ પાપ કહે છે. હરિ ભજવાનો અવસર આવ્યો હોય ને માણસ ચૂકી જાય એ પાપ. બીજાને મદદ કરવાનો સમય આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.પ્રભુએ ધન આપ્યું હોય એનો સદ્ઉપયોગ કરવો.ધ્યાન કરવાનો અવસર આવ્યો હોય ને ચૂકી જાય એ પાપ.

ઈશ્વરનું એવું છે કે, આપણા પાપનું બધું લીસ્ટ નથી રાખતો. કેવા તમે આવ્યા છો ઈ હશે ચિત્રગુપ્તના ચોપડામાં, નીચેની ઓફિસોમાં હશે પરંતુ કોઈ બધાના વિધાતા સુધી આ બધું હશે. પરંતુ જેને આપણે પરમ સત્તા કહીએ છીએ, પરમાત્મા કહીએ એ કાંઈ આપણા પાપનું લીસ્ટ રાખે એટલો નાનો માણસ છે? એ તો એ લીસ્ટ રાખે છે કે તને અવસર મળ્યો ત્યારે તેં મને કેટલો ભજ્યો? તને અવસર મળ્યો ત્યારે તેં દીનહીનની મદદ કેટલી કરી? તને અવસર મળ્યો ત્યારે તેં વિષમતા છોડીને સમતાની ભૂમિ પર કામ કેટલું કર્યું? તને અવસર મળ્યો ત્યારે લોકોને આનંદ આપવામાં હિસ્સેદાર કેટલો બન્યો? ઈ લખે છે. આપણા બધાના પાપ લખવા બેસે તો આખી પૃથ્વી ઉપર લખાણ કરવું પડે અને ઈ બહુ નાના નાના અક્ષરોમાં કરવું પડે. પણ પરમસત્તા હશે જે આપણે ત્યાં વ્યવસ્થા પુરાણોમાં દેખાય છે હશે. કબૂલ કર્યું હશે. પરંતુ ઈશ્વર એ બધું લક્ષમાં થોડું રાખે?

**कह हनुमंत विपती प्रभु सोई ।**
**जब तब सुमिरन भजन न होई ।।**

આવેલા અવસરનો આપણા વિવેકના અજવાળામાં, આપણી મર્યાદા પ્રમાણે સદ્ઉપયોગ કરવો એને ઈશ્વર યાદ રાખે છે. પછી ખેતીનો અવસર આવ્યો હોય ત્યારે વિવેકથી ખેતી કરી લ્યો,છોકરાઓને પરણાવવાનો અવસર આવે ત્યારે વિવેકથી તમારી ક્ષમતા પ્રમાણે તમારા સ્વધર્મને નિભાવો. ભગવાનની કથામાં આત્મ જાગૃતિ થતી હો તો ઈ ઈશ્વરની પળને ચૂકો નહીં. પરંતુ બહુ જ મારી હૃદયની અપીલ કે **तुम्हारे बच्चे याद करे तो वो भी अवसर चूको नहीं क्योंकि** કથામાં તો રામનો જન્મ કરાવીશ. પાંચમે-છઠ્ઠે દિવસે જ્યારે કરાવું ત્યારે અને પારણામાં જે પીતળનાં કે ચાંદીના લાલા હશે એને આપણે ઝુલાવીશું પણ તમારે ઘેર જે બાલકૃષ્ણ ઝૂલે છે એને પ્રેમ કરવાનું ચૂકશો નહીં, એ પુણ્ય છે. પ્રેમથી ધીમે ધીમે પરમ સુધી પહોંચવાનું છે. એ પણ એક સીડી છે.

દુર્ગા એટલે શ્રદ્ધા. કોઈ ધર્મમાં શ્રદ્ધાનું ખંડન હોઈ શકે? બધા શ્રદ્ધા પર તો ટક્યા છે. શિવ એટલે કલ્યાણ. બધા ધર્મ વિશ્વના કલ્યાણની વાતો કરવા માટે આગળ આવે છે અને વિષ્ણુ એટલે વિશાળતા, વ્યાપકતા, ઉદારતા. ધ્યાન રાખજો, ઉદાર બન્યા વિના શાંતિ થતી નથી. પંચદેવોની સ્થાપનાનો આ સાર્વભૌમ વિચાર છે. ધર્મની અને એકબીજાની વાતો એકબીજા કાપશે તો કદાચ જયજયકાર થઇ શકશે, શાંતિકાર નહીં થઇ શકે. અને લોકો ધર્મના નામે,પોતપોતાની વિચારધારાને નામે બીજાનું કેવી રીતે અપમાન કરી શકાય, કેવી રીતે બીજાને પોતાનાથી નાના સિદ્ધ કરી શકાય એ માટે પ્રવૃત્ત છે! અને હોશિયારી સાથે આ બધું થાય છે!

તો, મારાં ભાઈ-બહેનો, આ સાર્વભૌમ સિદ્ધાંત છે. બીજાનું કલ્યાણ કરો એ શિવસ્થાપના. શ્રદ્ધાને અકબંધ રાખો એ દુર્ગાની સ્થાપના. વિવેક સંભાળો એ ગણેશ ઉપાસના. ઉદાર બની રહો એ વિષ્ણુની આરાધના અને પ્રકાશમાં જીવવાનો સંકલ્પ કરો એ સૂર્યની આરાધના. તો, ગોસ્વામીજીએ આરંભમાં પંચદેવોની વંદના કરી. અને પછી જેનામાં પાંચેય દેવ સમાઈ જાય છે એવા સદગુરુની વંદના તેઓ કરે છે. ગુરુમાં બધું આવી જાય છે. સદગુરુમાં બધું સમાઈ જાય છે. (સંકલન : જયદેવ માંકડ) ■

## ...તો પિતાશ્રી તમારે વરદાન આપતી વખતે ચેતવણી આપવાની

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



ક્રોધિત થયેલા ભગવાન ગણેશને જોઈ માતા પાર્વતી તેમને શાંત પાડે છે અને કહે છે 'પુત્ર ગણેશ તમે ક્રોધિત ન થાઓ, સિંદૂરાસુર એટલી હિંમત તો નહીં જ ધરાવતો હોય કે એ વૈકુંઠલોક અને કૈલાસ પર આક્રમણ કરે. તમારી જરૂર જણાતા હું તમારું આવાહન કરીશ, તુરંત મદદે દોડી આવજો.' માતાની વાત યોગ્ય લાગતાં ભગવાન ગણેશ શાંત થઈ જાય છે. બીજી તરફ સિંદૂરાસુર વૈકુંઠલોક પહોંચી ભગવાન શ્રીહરિ વિષ્ણુને પડકારે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ માતા લક્ષ્મીને ઈશારો કરતાં જ માતા લક્ષ્મી પણ અદશ્ય થઈ જાય છે. વૈકુંઠલોકમાં સિંદૂરાસુરને કંઈ દેખાતું નથી, ફક્ત ભગવાન શ્રીહરિ વિષ્ણુની નાગશૈયા દેખાય છે. સિંદૂરાસુર વિચારે છે કે, 'આ શું છે? આ વૈકુંઠલોકમાં તો કંઈ જ નથી. અહીં વિજેતા બનીને શું મળે. આ નાગશૈયા પર શું આરામ મળે? સ્વર્ગલોકમાં તો મખમલની શૈયા હોય છે. હવે મારે કૈલાસ લોક જવું પડશે, ત્યાં શું છે એ જોવું છે.' આટલું કહી એ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. સિંદૂરાસુર કૈલાસ પહોંચતાં જ દેવગણો ભગવાન શિવને પોકારવા લાગે છે. દેવગણોનો કોલાહલ સંભળાતાં ભગવાન શિવ તપને ત્યાગે છે. સમસ્ત દેવતાઓ ભગવાન શિવની પાછળ છુપાઈ જાય છે. સામે સિંદૂરાસુર પોતાને મહાકાય બનાવી ભગવાન શિવ સહિત સમસ્ત દેવતાઓને પોતાની ભુજામાં ઊંચકી લે છે. ભગવાન શિવ સિંદૂરાસુરને કહે છે, 'સિંદૂરાસુર આ યોગ્ય નથી, તમને ખબર જ છે કે હું શિવ છું, મારું ત્રીજું નેત્ર જો ખોલીશ તો સિંદૂરાસુર તમે ભસ્મ થઇ જશો.' સિંદૂરાસુર ભગવાન શિવને કહે છે, 'પ્રભુ હું કાંઈ મૂર્ખ નથી, કે તમને છુટા કરી દઉં, મેં મારી ભુજાઓના બાહુપાશમાં બાંધી દીધા છે, તમે જો ત્રીજું નેત્ર ખોલશો તો તમારી સાથે બધા દેવતાઓ પણ ભસ્મ થઈ જશે. પરિસ્થિતિ વિકટ જણાતાં માતા પાર્વતીના આવાહન પર ભગવાન ગણેશ તુરંત પ્રગટ થાય છે. ભગવાન ગણેશ સિંદૂરાસુરને ચેતવણી આપે છે. અજ્ઞાની સિંદૂરાસુર કહે છે, 'હે વિચિત્ર દેખાતા બાળક! તને ખબર છે હું કોણ છું, હું સ્વર્ગલોક અને વૈકુંઠલોક વિજેતા છું, મને વરદાન મળ્યું છે. આ ભગવાન શિવ મારું કંઈ બગાડી શકતા નથી તો તું શું કરી લેશે.' આટલું સાંભળતાં જ ભગવાન ગણેશ પોતાને સિંદૂરાસુરથી ય વધુ મહાકાય બનાવે છે. સિંદૂરાસુર જોઈને આભો થઈ જાય છે. તેના બાહુપાશમાં સમસ્ત દેવતાઓ હોવાથી કંઈ કરી શકતો નથી. માતા પાર્વતી કહે છે, 'મૂર્ખ સિંદૂરાસુર! આ અમારો પુત્ર ગણેશ છે, તારા વરદાનમાં ક્યાંય નથી કહ્યું કે ગજમુખ દેવ તારો વધ નહીં કરી શકે.' માતા પાર્વતીની વાત સાંભળવામાં વ્યસ્ત સિંદૂરાસુર કંઈ વિચારે એ પહેલાં ભગવાન ગણેશે તેમની સૂંઢથી સિંદૂરાસુરની ડોકને જકડી લીધી. ભગવાન ગણેશના સૂંઢની પકડ એટલી મજબૂત હતી કે સિંદૂરાસુર શ્વાસ પણ લઈ ન શક્યો. સિંદુરાસુરના બાહુપાશની પકડ ઢીલી થતાં સમસ્ત દેવગણો છુટકારો મેળવે છે. સિંદૂરાસુર નિશ્વાસ થઈ ઢળી પડે છે. સમસ્ત દેવતાઓ ભગવાન ગણેશનો જયજયકાર કરે છે. કૈલાસ ખાતે આનંદનું વાતાવરણ થઈ જતાં સમસ્ત દેવગણો અને શિવગણો નૃત્ય કરી ઉત્સવ ઉજવે છે.

* * *

કૈલાસ ખાતે ઉજવાઈ રહેલા ઉત્સવમાં માતા સરસ્વતી, બ્રહ્માજી, માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, દેવર્ષિ નારદ, દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો સામેલ થાય છે.

માતા પાર્વતીઃ 'અહીં હાજર દેવતાઓને હું વિનંતી કરીશ કે જો આ ઉત્સવમાં તમે સામેલ થઈ થોડા દિવસ અહીં નિવાસ કરો.'

દેવરાજ ઇન્દ્રઃ 'માતા તમે અમને વિનંતી કરો એ યોગ્ય નથી, તમે અમને આદેશ આપી શકો છો.'

માતા પાર્વતીઃ 'નિયતીએ દરેક દેવતાને તેમની જવાબદારી સોંપી છે, એમાં હું ખલેલ ન આપી શકું, તમે જો થોડા દિવસ અહીં નિવાસ કરો તો ઉત્તમ.'

દેવરાજ ઇન્દ્રઃ 'માતા તમે જો આદેશ આપો તો હું હંમેશ માટે જ કૈલાસ નિવાસ કરું.'

દેવર્ષિ નારદઃ 'દેવરાજ માતા પાર્વતી ખરું કહે છે આપણને નિયતીએ જે જવાબદારી સોંપી છે એ આપણે પૂરી કરવી જરૂરી છે. માતા હું તો થોડા દિવસ અવશ્ય અહીં રહી તમારી ખીરનો રસાસ્વાદ માણીશ.'

અગ્નિ દેવઃ 'માતા હું પણ થોડા દિવસ અહીં અવશ્ય રહીશ.'

ત્યારબાદ એક પછી એક દેવતાઓએ કૈલાસ ખાતે નિવાસ કરવાની તૈયારી દર્શાવી.

ભગવાન શિવઃ 'પાર્વતી તમે દેવતાઓને કૈલાસ નિવાસ કરવાની વાત તો કરી રહ્યા છો પણ તેમને અહીં તેમના લોક જેવી વ્યવસ્થા નહીં મળે.'

દેવર્ષિ નારદઃ 'પ્રભુ તમારા સાંનિધ્યમાં રહેવાનું કોણ પસંદ ન કરે, અહીં ભલે મહેલમાં મળતી સુખ સુવિધા ન મળે પણ તમારું સાંનિધ્ય મળે એ અલભ્ય છે. અમે દેવગણો અહીં અવશ્ય રહીશું.'

ભગવાન શિવઃ 'પ્રથમ વખત કૈલાસ ખાતે દેવગણો નિવાસ કરવાના છે નંદી તમારે શિવગણો સાથે બધી વ્યવસ્થા સંભાળવાની છે.'

નંદીઃ 'પ્રભુ, કૈલાસ ખાતે દેવતાઓને કોઈ વસ્તુની ઊણપ નહીં આવવા દઉં.'

નંદી શિવગણોને આદેશ આપતાં કહે છે, 'ચાલો શિવગણો વ્યવસ્થામાં લાગી જાઓ.'

બીજી તરફ ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન ગણેશ, સિદ્ધિ-બુદ્ધિ, માતા સરસ્વતી, બ્રહ્માજી, માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરિ વિષ્ણુ, દેવર્ષિ નારદ, દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો ચર્ચા કરતાં હોય છે.

સિદ્ધિઃ 'હે પિતાશ્રી! તમે અને અન્ય દેવતાઓની તપસ્યા કરીને અસુરો વરદાની બને છે અને ત્યારબાદ તેઓ તમારા પર જ આક્રમણ કરે છે, એમને કઈ રીતે અટકાવવા.'

ભગવાન શિવઃ 'પુત્રી સિદ્ધિ-બુદ્ધિ તમે તો જાણતા જ હશો કે, તપસ્યા કરનાર આરાધક જ્યારે જ્યારે પોતાના આરાધ્યને પ્રેમથી પોકારે છે ત્યારે આરાધ્ય દોડતાં દોડતાં તેમની પાસે પહોંચી જાય છે. આરાધ્ય તેમના આરાધકથી બંધાયેલા છે.'

બુદ્ધિઃ 'તો પિતાશ્રી તમારે વરદાન આપતી વખતે ચેતવણી આપવાની કે જો વરદાનનો ઉપયોગ ખોટા માર્ગે કરશો તો ભગવાન ગણેશ તમારો વધ કરશે.'

માતા પાર્વતીઃ 'પુત્રી આરાધક જ્યારે વરદાન માગે છે ત્યારે આવું કહેવાથી એ વરદાન લેવાનો ઈન્કાર કરશે અને આરાધ્યનું અપમાન કરશે.'

ભગવાન ગણેશઃ 'અહીં ઉપસ્થિત દેવતાઓને વિનંતી કરીશ કે તમે જેમને વરદાન આપ્યું હોય અને તેઓ ગેરમાર્ગે દોરાય તો તેમને દંડ આપવાનો અધિકાર મને આપી રાખો, જેથી સૃષ્ટિનું સંતુલન જળવાઈ રહે.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'પ્રિય ગણેશ, અમે જ્યારે જ્યારે વરદાન આપીએ છીએ, ત્યારે એ વરદાનમાં એવી એક છૂપી કડી રાખીએ છીએ જેમાં યોગ્ય સમયે કોઈપણ એક દેવતા એ વરદાની અસુરનો વધ કરે. તો પણ અમે તમને અનુમતિ આપીએ છીએ કે તમને જ્યારે પણ એવું લાગે કે આ વરદાની અસુર ખોટા માર્ગે જઈ રહ્યો છે તો તમે એમને અવશ્ય દંડ આપી શકશો, પણ તે પહેલાં તમારે તમારા પિતાની અનુમતિ અવશ્ય લેવી.'

ભગવાન ગણેશઃ 'અવશ્ય, હું પિતાશ્રીની અનુમતિ લઈને જ એ અસુરને દંડ આપીશ.'

* * *

ઘણા દિવસો સુધી દેવતાગણ કૈલાસ ખાતે મહેમાનગતિ માણી પોતપોતાના લોક તરફ પ્રયાણ કરે છે.

ભગવાન ગણેશઃ 'પિતાશ્રી મને અને સિદ્ધિ-બુદ્ધિને ગણેશ લોક જવાની પરવાનગી આપો જેથી અમે જઈ શકીએ.'

ભગવાન શિવઃ 'પુત્ર આ કૈલાસ પણ તમારું જ છે, તમે અહીં વધુ સમય નિવાસ કરો તો વધુ ઉત્તમ કહેવાશે.'

ભગવાન શિવના કહેવાથી ભગવાન ગણેશ સિદ્ધિ-બુદ્ધિ સાથે થોડો વધુ સમય કૈલાસ ખાતે રોકાય છે.

* * *

એક દિવસ સંધ્યા ટાણે ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન ગણેશ અને સિદ્ધિ-બુદ્ધિ સાથે ગગન વિહાર માટે નીકળે છે. આકાશ માર્ગેથી આગળ વધતાં તેમને પૃથ્વી પર એક ઋષિ અને ઋષિ પત્ની ભગવાન શિવની આરાધના કરતા દેખાય છે.

બુદ્ધિઃ 'માતા નીચે જુઓ સંસારમાં એવા યુવાન યુગલો પણ છે જે આરાધના કરતા નજરે પડે છે, મને એવું પ્રતિત થાય છે કે આ ઋષિ યુગલે હાલમાં જ ઘરસંસાર માંડ્યો હોય તેવું લાગે છે. આવા નવયુગલો આરાધના કરે એ અત્યંત પ્રભાવિત કરનારી બાબત છે.'

માતા પાર્વતીઃ 'આપણે જે જોઈ રહ્યા છીએ એ નવયુગલ નથી, તેઓ ઘણા વરસોથી આરાધના કરી રહ્યા છે.'

સિદ્ધિઃ 'ઘણા વરસોથી આરાધના કરતા હોય તો તેઓ આટલા યુવાન કઈ રીતે હોઈ શકે, માનવ માત્ર હંમેશાં યુવાન રહેતા નથી.'

માતા પાર્વતીઃ 'પુત્રી જે ઋષિ છે તેમનું નામ ચ્યવન ઋષિ છે અને તેમની પત્ની છે એ રાજા શર્યાતીની પુત્રી સુકન્યા છે. હું તેમના વિશે વિગતવાર સમજાવું. (ક્રમશઃ) ■

## નમ્ર-વાણી

વ્યાખ્યાન માળા

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



## મારો એકરાર...
## આત્માને બચાવીશ અનર્થદંડથી

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એક એવું તારક તત્ત્વ છે, જે આત્માને પાપ અને કર્મોથી બચાવી, પરમાત્મા બનવાની દિશા તરફ ગતિ કરાવે છે.

જૈન દર્શનમાં બે શબ્દ આવે છે; 1. અર્થદંડ અને 2. અનર્થ દંડ.

સંસારમાં હોવાના કારણે જરૂર પૂરતાં જે કર્મો કરવા પડે, તેને કહેવાય અર્થદંડ અને જરૂર વગરનાં જે કર્મો બાંધીએ તેને કહેવાય અનર્થદંડ!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આપણને અનર્થદંડના પાપથી બચવાની પ્રેરણા આપે છે.

પરિસ્થિતિના કારણે કદાચ તમારાથી ગુસ્સો થઈ જાય, તો તે અર્થદંડ કહેવાય, પણ પછી એ ગુસ્સાને તમે કલાકો, દિવસો કે મહિનાઓ સુધી મનમાં વાગોળ્યા કરો, તો તે અનર્થદંડ કહેવાય.

આહાર, પાણી, વસ્ત્રો, ઘર આદિ જીવનની જરૂરિયાત છે, તેના માટે જે કર્મ બંધાય તે અર્થદંડ કહેવાય, પણ જે જરૂરી નથી, એવી વસ્તુઓની ઈચ્છા કરવી, mallના show roomમાં જોઈ એ વસ્તુ પ્રત્યે ગમો કરવો, આ કેવો 'મસ્ત' dress છે, કહી praise કરવું એ અનર્થદંડ છે. જે તમે purchase નથી કરતાં, માત્ર praise કરો છો, તેની પણ તમારે કર્મો દ્વારા prize ચૂકવવી પડે છે.

પાપ કરો તે તો ભોગવવું પડે પણ મનથી કરેલી ઈચ્છાના પાપ પણ ભોગવવા પડે.

મનથી કરેલાં દોષો પણ વ્યક્તિને દોષિત બનાવે છે.

એક કહેવત છે, જે ગામ જવું નહીં, તેનું નામ લેવું નહીં. તેમ, જે વસ્તુ લેવી નહીં, તેને મનથી ગમાડવી નહીં!

પોતાની self માટે જરૂરી પાપ કરવા પડે, કેમ કે, એમાં કોઈ option નથી. પણ ઘણાની આદત હોય, બીજાની lifeમાં interfere કરી, extra પાપ બાંધે.

જેટલી extra વાતો, જેટલી extra arguements, જેટલું extra interference, એટલાં extra પાપ બંધાય.

જેટલાં extra પાપ, એટલો કર્મોનો ભાર વધારે!

કેટલાંકનો સ્વભાવ હોય કે જ્યાં સુધી પોતાની વસ્તુ બધાને show ન કરે, ત્યાં સુધી ચેન ન પડે. માનો કે, તેણે salad decorate કર્યું છે, તો તેનો photo click કરી Whatsapp, Facebook અને instagram પર upload કરશે.

એક તો વનસ્પતિકાયના જીવોની હિંસા, એમને આપેલું દુઃખ એ દુઃખ જ્યારે અનેક વ્યક્તિઓ સાથે share કરો છો, ત્યારે તમારું દુઃખ તો અનેકગણું વધી જાય છે અને સાથે-સાથે સમૂહમાં બંધાતા કર્મોનું સામુદાનિક પાપ લાગે છે, જે સમૂહમાં ભોગવવું પડે છે. આ છે, અનર્થદંડ!

ઘણાની mentality હોય કે, hotelમાં જમવા જવું હોય કે summer vacationમાં hill station જવું હોય તો 5-7 friendsને phone કરી, આગ્રહ કરી સાથે લઈ જશે.

કોઈ કારણસર hotelમાં જવું પડે, તે અર્થદંડ કહેવાય પણ 'ચાલોને hotelમાં જમવાં જઈએ,' તે અનર્થદંડ કહેવાય.

અર્થદંડનું પાપ કરવું પડે, પણ અનર્થદંડનું પાપ જેને સંપૂર્ણ વ્યર્થ લાગે, તે પ્રભુનો ભક્ત કહેવાય!

કરવું 'પડે', એવા પાપને અર્થદંડ કહેવાય અને કરવું 'ગમે' એવા પાપને અનર્થદંડ કહેવાય.

શુભ કર્તવ્ય, જેમ કે, સેવા, જીવદયા, માનવતા, કોઈની care કરવી, કોઈનું insult ન કરવું, કોઈને hurt ન કરવું , એ ગમવું જોઈએ. બીજા પર ગુસ્સો કરવો પણ ન જોઈએ અને કરીને ગમવો પણ ન જોઈએ. દોષો સેવવા પણ ન જોઈએ અને સેવ્યા પછી ગમવા પણ ન જોઈએ.

check કરો, તમારી self ને! આજ સુધી કયાં-કયાં અને કયારે-કયારે અનર્થ દંડના પાપ થયાં છે?

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પાપ-દોષો અને ભૂલોનો એકરાર કરવા માટે હોય છે. એક-એક ક્ષતિઓને clean કરવા માટે હોય છે. અને એ ક્ષતિઓ repeat ન થાય, તે માટે પ્રભુ સાથે કરાર કરવા માટે હોય છે.

હૃદયના સાચા ભાવથી પ્રભુને કહી દ્યો...

હે પ્રભુ ! Self ઉપર control ન હોવાના કારણે, જ્યાં-જ્યાં મેં જરૂરથી વધારે ઝંખના કરી હોય, જરૂરથી વધારે શોખ કર્યા હોય, પરિગ્રહનું પરિમાણ ન કર્યું હોય અને અનર્થ દંડના પાપ વધાર્યા હોય તે સર્વનું **तस्स भंते, पडिक्कामि, निंदामि, गरिहामि** અને **अप्पाणं वोसिराम** કરું છું અને પ્રભુ, આપને વચન આપું છું, મારા આત્માને અનર્થદંડના પાપથી બચાવવાનો પુરુષાર્થ કરીશ, પળ-પળ સાવધાન રહીશ અને દરેક વખતે મારા મનને પ્રશ્ન કરીશ... 'આ કરવું જરૂરી છે કે આ કરવું મને ગમે છે?'

જેટલી necessity છે, તે અર્થદંડ, અને જેટલી facility છે, તે અનર્થદંડ છે.

આજથી lifeમાં એક ગુણધર્મ પ્રગટાવી ધ્યો, 'મારે જરૂરથી વધારે કાંઈ જોઈતું નથી, જરૂરથી વધારે કાંઈ મેળવવું નથી, જરૂરથી વધારે કાંઈ માગવું નથી, જરૂરથી વધારેની ઈચ્છા કરવી નથી અને જરૂરથી વધારે કાંઈ રાખવું નથી'

ઘણી વ્યક્તિઓને આદત હોય, animalના shapeની cake બનાવે અને પછી એને cut કરે.

ભગવાને કહ્યું છે ;

જીવને કાપવાનું જેટલું પાપ લાગે, એટલું જ પાપ જડને કાપવાનું લાગે.

ગાયને કાપવાનું જેટલું પાપ લાગે, એટલું જ પાપ એક paper ને ફાડવાનું લાગે.

બાળકને રમકડાંની gun આપો અને રમતમાં જ એની રમકડાંની barbie doll કે Mickey mouseનું murder કરે છે તો પણ તેને સાચી gunથી એક વ્યક્તિના કરેલા murder જેટલું પાપ લાગે છે, કેમ કે, એ ભાવથી કરે છે.

આ બધાં અનર્થ દંડના પાપ કહેવાય છે.

જેટલાં મનથી, ભાવથી પાપ કરીએ, એટલાં તનથી ભોગવવા પડે.

કેટલીક વ્યક્તિઓ પોતાનો time mobileમાં gossip કરવામાં કે mobileમાં games રમવામાં pass કરતી હોય છે.

Time pass કરવો એ પણ અનર્થદંડ છે.

જે મળેલાં best timeનો, time pass કરે છે, તેમને time જ time મળે એવો ભવ મળે છે.

અનર્થ દંડના પાપથી આત્માને બચાવવા શું કરવું જોઈએ?

અનર્થ દંડના પાપથી આત્માને બચાવવા પળ-પળ જાગૃત રહેવું જોઈએ. પળ-પળ check કરવો જોઈએ કે આ જરૂરી છે કે નહીં? આ necessity છે કે facility છે?

સામુદાનિક અનર્થદંડના પાપનો ક્ષય કરવા સમૂહમાં સેવા, ભક્તિ, સાધના, આલોચના અને પ્રતિક્રમણ કરવા જોઈએ.

જે પોતાનો સમય સેવા, ભક્તિ, સહાય અને સાધનામાં use કરે છે, તે પોતાના સમયને invest કરે છે.

જે પોતાનો સમય રમવામાં, વાતચીત કરવામાં, gossip કરવામાં use કરે છે, તે પોતાના સમયને waste કરે છે.

જે સમયનો સદુપયોગ કરે છે, તે શુભ કર્મોનું સર્જન કરે છે.

જે સમયનો દુરુપયોગ કરે છે, તે અનર્થદંડનું સર્જન કરે છે.

જેના જીવનમાં સેવા, ભક્તિ, સાધના અને સહાય હોય છે, તે હંમેશાં અનર્થદંડના પાપથી બચી જાય છે અને selfને એક પ્રકારનું satisfaction મળે છે.

આત્માને અનર્થદંડના પાપથી બચાવવાની વાત લાગે બહુ સામાન્ય પણ જો lifeમાં apply થઈ ગઈ અને lifeમાં changes આવી ગયાં તો life ને અસામાન્ય બનતાં વાર નહીં લાગે.

અનર્થદંડના પાપથી આત્માને સુરક્ષિત રાખવો, એ જ પર્યુષણની સાર્થકતા છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# કૃતા-કારિતા-અનુમોદિત હિંસા



હિંસા એટલે અન્યને શારીરિક, માનસિક, વાચિક કે ભાવનાત્મક દુઃખ પહોંચાડવું. તે ઈચ્છાપૂર્વક પણ હોય અને અજાણતા પણ, પ્રયોજિત હોય અને આકસ્મિક પણ, સામાન્ય હોય અને ઘાતક પણ, ભૂલી શકાય તેવી હોય અને કાયમ યાદ રહી જાય તેવી પણ, દવાથી સારવાર કરી શકાય તેવી હોય અને દવા જ્યાં અસરકારક ન રહે તેવી પણ, દરેક પરિસ્થિતિમાં હિંસા એ હિંસા છે. અજાણતામાં થયેલી હિંસા પણ હિંસા જ હોય. હિંસા એ પ્રકારનું કૃત્ય છે જે માનવી ઉપરાંત પ્રાણી તથા કુદરતી તત્ત્વોને પણ હાનિ પહોંચાડી શકે. સનાતન અને સંસ્કૃતિમાં હિંસા એ પાપ છે, એક અત્યંત નકારાત્મક કર્મ છે. અહિંસા એ સનાતની સંસ્કૃતિનો એક મહત્ત્વનો આધાર છે. ગીતાના સોળમાં અધ્યાયમાં જણાવાયું છે કે ‘અહિંસા સત્યમક્રોધસ્ત્યાગઃ શાંતિરપૈશુનમ્’ અર્થાત્ અહિંસા, સત્ય, ક્રોધનો ત્યાગ, શાંતિ અને ઈર્ષા ન રાખવી એ દૈવી ગુણો છે. મહાભારત અને ઉપનિષદો પણ કહે છે કે દરેક જીવમાં બ્રહ્મ છે, એટલે કોઈપણ જીવને હાનિ પહોંચાડવી એ બ્રહ્મને હાનિ પહોંચાડવા સમાન છે. સનાતની સંસ્કૃતિમાં હિંસા એ માત્ર શરીરથી થતી ક્રૂરતા નથી, પણ વિચાર, વાણી અને નિયત દ્વારા પણ એક રીતે બીજાને દુઃખ, પીડા કે હાનિ પહોંચાડવાનું કૃત્ય છે.

હિંસાનાં વિવિધ સ્વરૂપો છે. હિંસા શારીરિક હોઈ શકે જેમાં વ્યક્તિને ઇજા પહોંચાડવામાં આવે. જ્યારે શારીરિક હિંસાને કારણે પીડિત મૃત્યુ પામે તો તે હિંસા નહીં, પરંતુ વધ છે. હિંસા શાબ્દિક કે માનસિક હોય તો તેમાં વ્યક્તિ પર ગુસ્સો વ્યક્ત કરવામાં આવે, તેનું અપમાન કરવામાં આવે, ભય પેદા કરી શકે તેવી ધમકી આપવામાં આવે, કઠોર તિરસ્કારજનક શબ્દોનો ઉપયોગ કરી સ્વાભિમાનને ઠેસ પહોંચાડવામાં આવે, તેની અયોગ્ય ટીકા કરવામાં આવે કે તેના વિશે કટુવાણી કે વ્યંગ બોલવામાં આવે. વૈચારિક હિંસામાં કોઈ વ્યક્તિની બૌદ્ધિક વિચારધારાને ઈર્ષા, દ્વેષ, કટુતા, દુશ્મનાવટ કે અકારણસર નષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવે. જ્યારે હિંસા ભાવનાત્મક હોય ત્યારે ઘૃણા, તિરસ્કાર, ક્રોધ, અહંકાર, નફરત, અણગમો, અસ્વિકૃતિ, અપમાન જેવાં ભાવ વ્યક્ત થાય. અવ્યવહારુ કે અનિશ્ચિત મૌન ધારણ કરવાથી પણ ભાવનાને ઠેસ પહોંચી શકે. જ્યારે કોઈની આવક કે સંપત્તિ ન્યાયસંગત ન ગણાય તે રીતે કબજે કરવાનો પ્રયત્ન થાય ત્યારે તે આર્થિક હિંસા ગણી શકાય. અનિચ્છિત શારીરિક સંપર્કને લૈંગિક હિંસા કહી શકાય, જેની સાથે, સામાન્ય રીતે અન્ય દરેક પ્રકારની હિંસા સંકળાયેલી હોય.

સનાતની સંસ્કૃતિમાં હિંસા ત્રણ પ્રકારની છે તેવું જણાવાયું છે. કૃતા હિંસા એટલે કે જાતે કરેલી હિંસા, કારિતા હિંસા એટલે કે બીજા દ્વારા કરાવેલી હિંસા અને અનુમોદિત હિંસા એટલે કે હિંસા માટે સહમતી આપવાની પ્રક્રિયા. જ્યારે હિંસા જાતે કરવામાં આવે ત્યારે તેને કૃતા હિંસા કહેવાય જેમાં વ્યક્તિ સ્વયં વાણીથી, વિચારથી કે વર્તનથી હિંસા કરે. અહીં આવેગ હોય, આક્રમકતા હોય, હાનિ પહોંચાડવાની સ્પષ્ટ ભાવના હોય, સંગ્રહિત થયેલો ક્રોધ હોય, ક્યારેક અસલામતીની ભાવના પણ હોય.

કારિતા પ્રકારની હિંસા વ્યક્તિ પોતે ન કરાવે પણ બીજાને તે કરવા ઉશ્કેરે અથવા તે કરવા માટે પ્રલોભન કે પ્રોત્સાહન આપે. આ એક પ્રકારે પાપ કરવાની પ્રેરણા આપવા સમાન છે જેને કારણે વ્યક્તિ સ્વયં કર્મ ન કરે તે છતાં પણ કર્મમાં ભાગીદાર બને. તે હથિયાર ન ઉપાડે પણ અન્યને હથિયાર આપે. તે શિકાર ન કરે પણ શિકારની વ્યવસ્થા ગોઠવી આપે. અનુમોદિત હિંસામાં વ્યક્તિ હિંસાને મૂક સમર્થન આપે, સંમતિ આપે અને ક્યાંક તેનાથી પોતાનો હેતુ સિદ્ધ થયાનો આનંદ પણ અનુભવે. ક્યારેક પીડિત વ્યક્તિ અનુમોદન આપતી વ્યક્તિને ન પણ જાણી શકે. કોઈપણ પ્રકારની હિંસાને યોગ્ય માનવી તે પણ આ શ્રેણીની હિંસા કહેવાય. અહીં વ્યક્તિ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હિંસા ન કરતી હોવા છતાં તેની ચેતના તો ગ્રસિત થાય જ. અહીં એક દ્વિધા એ છે કે જાહેરમાં જો હિંસા થતી હોય અને બાજુમાંથી પસાર થઈ જવું તે શું અનુમોદિત હિંસાની શ્રેણીમાં આવે કે નહીં. આ ત્રણેય પ્રકારની હિંસા કર્મબંધનનું કારણ બની શકે. આ ત્રણેય સાથે સ્વાર્થ, અહંકાર, કપટ, લુચ્ચાઈ, અસંહિષ્ણુતા, ક્રોધ, બદલો જેવાં નકારાત્મક ભાવ સંકળાયેલાં હોવાથી તેનું નકારાત્મક ફળ ભોગવવું જ પડે. કોઈપણ પ્રકારની હિંસા દયા, ક્ષમા, શાંતિ, વિવેક, સંયમ, સહનશીલતા, કર્મના સિદ્ધાંતમાં વિશ્વાસ અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાથી દરેક પ્રકારની હિંસાનો ભાવ અટકી શકે.


હિંસા એ એક એ પ્રકારની ઘટના છે જેનાથી પીડિત વ્યક્તિના સમગ્ર અસ્તિત્વ પર નકારાત્મક ભાવ સ્થાપિત થાય, સમાજમાં એક પ્રકારની અસલામતી, અસ્થિરતા અને અનિશ્ચિતતા અનુભવાય, ક્યાંક સામાજિક ન્યાય તેમજ વ્યવસ્થા પરનો વિશ્વાસ ઓછો થઈ જાય, સામાજિક સમરસતા તથા સહઅસ્તિત્વની ભાવના જોખમાય, સમાજની શાંતિમાં મોટું વિઘ્ન આવી શકે, પરસ્પર દુશ્મનાવટ ઊભી થઈ શકે, ગુસ્સો તથા ભય સ્થાપિત થાય અને આ બધાંથી એકંદરે માનવતા માટેની સંવેદના ક્ષીણ થઈ શકે. હિંસાથી બંને પક્ષે આત્મિક શાંતિની સંભાવના પણ નષ્ટ થઈ શકે.

અહિંસાનું મહત્ત્વ છે પરંતુ તે ત્યાં સુધી જ જ્યારે અહિંસાને કારણે ધર્મનું અસ્તિત્વ જોખમમાં ન આવી જાય. અહિંસાના પાલનથી જો સત્યનું સ્થાન ડગમગી જતું હોય, અનૈતિક બાબતો હાવી થઈ જતી હોય, સૃષ્ટિનું સંતુલન જોખમાતું હોય, સાધુ પુરુષોનું અસ્તિત્વ મુશ્કેલીમાં આવી જતું હોય, કપટ અને અરાજકતાનું સામ્રાજ્ય વિસ્તરતું હોય, તો હિંસા વધુ યોગ્ય છે. મહાભારત અને રામાયણ દ્વારા એ સ્પષ્ટ રીતે સ્થાપિત થયું છે કે આંતરિક શાંતિ જરૂરી છે પણ વૈશ્વિક શાંતિ માટે જો અહિંસા કે યુદ્ધ આવશ્યક હોય તો તે સ્વીકાર્ય છે. અહિંસાનો અતિરેક પણ ક્યારેક હિંસા સમાન બની રહે. ■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

# આતમને અજવાળતો તારાઓનો ગણિતશાસ્ત્રીઃ ઉમર ખય્યામ



એક રાત્રે ઇરાનના નિશાપુર શહેરની ખુલ્લી વેધશાળામાં, ઠંડા પવનો વચ્ચે, એક યુવાન પોતાની આંગળીઓથી આકાશના નકશા પર તારાઓના અંતર માપી રહ્યો હતો. તેની નજરમાં બ્રહ્માંડના અટપટાં સમીકરણો ઉકેલવાની તાકાત હતી, તો બીજી બાજુ દિવસે તે જ હસ્તકૌશલથી સમયના પ્રવાહને બાંધતું ‘જલાલી કેલેન્ડર’ ઘડી રહ્યો હતો. લોકો તેને મહાન ગણિતશાસ્ત્રી ‘ઘિયાસુદ્દીન અબુલ ફતહ ઉમર ઇબ્ન ઇબ્રાહીમ અલ-ખય્યામ’ તરીકે ઓળખતા. પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે આ વિજ્ઞાનીના ભીતર એક એવો કલંદર ફકીર શ્વાસ લેતો હતો, જેની કલમમાંથી નીકળેલી ચાર પંક્તિઓ (રુબાઈઓ) સદીઓ સુધી માનવજાતના હૃદય પર રાજ કરવાની હતી. ૧૧મી સદીના સેલ્જુક સામ્રાજ્યના આ સુવર્ણયુગમાં, ધાર્મિક કટ્ટરતા અને રાજકીય કાવાદાવા વચ્ચે પણ જેણે જીવનની નશ્વરતા અને બ્રહ્માંડનાં રહસ્યોને કવિતામાં ઢાળ્યા, તેવા ઉમર ખય્યામની આ આધ્યાત્મિક સફર અદ્ભુત છે.

ઇ.સ. ૧૦૪૮માં જન્મેલા ઉમર ખય્યામ યુવાનીના દિવસોમાં તેમના બે ખાસ મિત્રો નિઝામ-ઉલ-મુલ્ક અને હસન-ઇ-સબાહ સાથે એક વચનમાં બંધાય છે. ત્રણેયમાંથી ભવિષ્યમાં જે કોઈ મોટી સત્તા કે પદ મેળવશે, તે બાકીના બે મિત્રોનો પણ ભાગ્યોદય કરશે. સમય જતાં નિઝામ-ઉલ-મુલ્ક સેલ્જુક સામ્રાજ્યનો વઝીર બન્યો. વચન મુજબ તેણે મિત્રોને બોલાવ્યા. હસન-ઇ-સબાહે સત્તા માગી અને મોટો હોદ્દો મેળવ્યો (જે પાછળથી કુખ્યાત ‘એસેસિન્સ’ સમૂહનો સ્થાપક બન્યો). પરંતુ જ્યારે ઉમરનો વારો આવ્યો, ત્યારે આ જ્ઞાની પુરુષે સત્તા કે સંપત્તિ ઠુકરાવી દીધી. તેમણે વઝીરને કહ્યું, ‘મને માત્ર એક એવો શાંત ખૂણો આપી દે, જ્યાં બેસીને હું તારાઓનો અભ્યાસ કરી શકું અને મારી કવિતાઓ રચી શકું.’ વઝીરે તેમને આજીવન પેન્શન બાંધી આપ્યું અને ઉમર રાજકારણની ગંદકીથી દૂર રહી જ્ઞાનની સાધનામાં મગ્ન રહ્યા અને લખ્યું;

***આ જગત એક એવી જૂની ધર્મશાળા છે, જેના બે જ દરવાજા છે,***
***દિવસ અને રાત અહીં આવવા-જવાના રસ્તાઓ છે.***
***અહીં કેટલાય સિકંદરો અને બાદશાહો આવ્યા અને ચાલ્યા ગયા,***
***આ તો એવો મંચ છે જ્યાં સૌનો માત્ર થોડા સમયનો પડાવ છે.***
***(અહંકાર મુક્ત જીવન જીવવાની આ સૌથી મોટી શીખ છે.)***

સત્તા અને સંપત્તિના આ ક્ષણિક પડાવને ઓળખી ચૂકેલા ખય્યામને એકાંત મળ્યું. વેધશાળાની રાતોમાં ગ્રહોની ગતિ માપતા માપતા આ મહાન વિજ્ઞાનીને એ પણ સમજાઈ ગયું કે બ્રહ્માંડના અફર નિયમો અને સમયના વહેણ સામે માણસની કોઈ કારી ફાવતી નથી. નિયતિની સર્વોપરિતાનો આ સ્વીકાર તેમની કલમમાંથી એક શક્તિશાળી રુબાઈ બનીને વહ્યોઃ

***નિયતિની આંગળીઓ લખતી જ જાય છે, અને લખીને આગળ વધતી જાય છે;***
***તારી કોઈ ચતુરાઈ કે ભક્તિ એને એક શબ્દ પણ પાછો ખેંચવા મજબૂર નથી કરી શકતી.***
***તું ગમે તેટલા આંસુ વહાવે તો પણ શું?***
***તારા આંસુ એના લખેલા લેખનો એક અક્ષર પણ નથી ભૂંસી શકતા.***

(સમય અને નિયતિ આગળ માણસની લાચારીનો આનાથી મોટો અને સચોટ સ્વીકાર બીજો કોઈ ન હોઈ શકે.)

આ નિયતિ આખરે માણસને ક્યાં લઈ જાય છે? ખય્યામ માત્ર આકાશમાં જ નહોતા વિહરતા; તેમની નજર આસપાસ ધબકતા જીવન અને છેવટે માટીમાં ભળી જતા માનવદેહ પર પણ એટલી જ ઊંડી હતી. એકવાર બજારમાંથી પસાર થતી વખતે એક કુંભારને ભીની માટી નિર્દયતાથી ગૂંદતો જોઈને આ ફિલસૂફનું હૃદય બોલી ઊઠ્યુંઃ

ગઈકાલે મેં બજારમાં એક કુંભારને જોયો, જે ભીની માટીને નિર્દયતાથી ગૂંદી રહ્યો હતો; ત્યારે અચાનક એ માટીમાંથી એક અત્યંત ધીમો અવાજ ઊઠ્યો;

‘અરે ભાઈ! જરા હળવેકથી ગૂંદ મને, ભૂલી ગયો? હું પણ ક્યારેક તારા જેવો જ એક જીવતો જાગતો માણસ હતો!’

(મૃત્યુના સનાતન સત્ય અને માનવ દેહની નશ્વરતાને માટીના પ્રતીક દ્વારા હૃદયસ્પર્શી રીતે વર્ણવી છે.)

જો અંતે માટી જ થવાનું છે, તો પછી ગઈકાલનો વસવસો અને આવતીકાલની ચિંતા શા માટે? ખય્યામની રુબાઈઓનો સૌથી પ્રબળ સૂર ‘આજમાં જીવી લેવાનો’ છે. તેમનાં કાવ્યોમાં આવતા ‘શરાબ’ કે ‘પ્યાલા’ એ કોઈ ભૌતિક નશાના નહીં, પરંતુ ઈશ્વરીય પ્રેમ અને વર્તમાનની મસ્તીના રુહાની પ્રતીકો છે. આપણા ગુજરાતી સાહિત્યના પ્રખર ગઝલકાર શૂન્ય પાલનપુરીએ ખય્યામની આ જ ફિલસૂફીને અત્યંત સહજતાથી ગુજરાતી વાઘા પહેરાવ્યા છે. ભવિષ્યના કાલ્પનિક સ્વર્ગની રાહ જોવાને બદલે, આજની ક્ષણને જ સ્વર્ગ બનાવવાની વાત શૂન્યભાઈના અનુવાદમાં જાણે ખય્યામ ખુદ ગુજરાતીમાં બોલતા હોય તેવી પ્રવાહી બની છેઃ

***‘એક રોટીનો ટુકડો ને પ્યાલો શરાબ હોય,***
***સાથે વાંચવાને કોઈ સુંદર કિતાબ હોય;***
***રણમાં જો તું મળી જાય સંગાથ આપવા,***
***તો એ રણ પણ મારા માટે કોઈ સ્વર્ગનો ખિતાબ હોય!’***

જીવનના આ સાદા પણ ચિરંતન આનંદને પામ્યા પછી, ખય્યામની આધ્યાત્મિક યાત્રા વધુ અંતર્મુખી બની. તેમણે ધર્મની રૂઢિઓ અને કર્મકાંડોની પેલે પાર જઈને બ્રહ્માંડના સર્વોચ્ચ સત્યને પોતાની ભીતર જ શોધી કાઢ્યું. સ્વર્ગ અને નર્ક કોઈ ભૌગોલિક સ્થાનો નથી, પણ માણસની આંતરિક અવસ્થા છે, એ સમજાવતી તેમની આ રુબાઈ આધ્યાત્મિકતાનું શિખર છેઃ

બ્રહ્માંડના રહસ્યો પામવા મેં આકાશ તરફ નજર દોડાવી,
મેં ખુદાને પૂછ્યું કે આ સ્વર્ગ અને નર્કનો નકશો ક્યાં છે?
ત્યારે આસમાનમાંથી એક ગૂઢ અવાજ આવ્યો અને કહ્યું:
‘અરે પાગલ! સ્વર્ગ અને નર્ક બીજે ક્યાંય નહીં, તારી પોતાની ભીતર જ છે.’

(સત્કર્મ અને આંતરિક શાંતિ જ સ્વર્ગ છે, જ્યારે સ્વાર્થ અને અશાંતિ જ નર્ક છે.)

જ્ઞાનની આ ચરમસીમાએ પહોંચ્યા પછી, ઇ.સ. ૧૧૩૧માં નિશાપુરમાં જ્યારે તેમણે અંતિમ શ્વાસ લીધા, ત્યારે તેમની એક માત્ર અને અનોખી ઈચ્છા હતીઃ ‘મારી કબર એવી જગ્યાએ બનાવજો જ્યાં વસંત ઋતુમાં વૃક્ષો પરથી ખરી પડતાં ફૂલો મારી કબરને ઢાંકી દે.’ આજે આઠ-નવ સદીઓ પછી પણ નિશાપુરમાં તેમની કબર પર વૃક્ષોની ડાળીઓ ઝૂકેલી છે અને વસંતનાં ફૂલો અવિરત વરસે છે. આકાશી ગ્રહોનાં સમીકરણો માંડનારો આ ગણિતશાસ્ત્રી, રુબાઈઓનાં એવાં જીવંત સમીકરણો આપી ગયો જે આજે પણ આપણા હૃદયમાં ધબકે છે. સમયના આ અફાટ સાગરમાં અસ્તિત્વના પરપોટા સમાન જિંદગીને કડવાશથી મુક્ત કરી, પૂરી સભાનતા, પ્રેમ અને કરુણાથી આજમાં જીવી લેવી – એ જ ઉમર ખય્યામની સાચી આધ્યાત્મિક વિરાસત છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# ખજુરિયા નેસના કામબાઈ આઈ કથિત દુહા કાવ્ય...

(ગતાંકથી ચાલુ)

હે જામ લાખા, બાપ આ ચારણઆઈનું રૂપ રૂપી ધન તને અજરસે-પચશે નહીં. એ લોઢું ગણાય તને ભારે પડશે. પણ જામ રાવળની નજર તો કામબાઈ આઈના શરીર ઉપર છાતી ઉપર ફરતી રહી અને હાથમાં પાણીનો લોટો એમ ને એમ રહી ગયો, તેથી ત્રીજો દુહો કહ્યો,

**ચમક પાણ લોહ ઓખદી, પાનંગ વખ પરાં**
**અમરત ખાધે ન ઉતરે, ચારણ લોહી બરાં..**

હે રાજવી લોઢું ન પચે તો તેનું ઔષધ ચકમપાણ નામનો પથ્થર ગણાય છે. સર્વના ઝેરનું ઔષધ અમૃત ગણાય છે. પણ અમૃત ખાવાથીય જે ઝેર ન ઊતરે એવું ચારણનું લોહી હોય છે.

દુહો પૂરો કરીને રાજવીની કાયમી-કુડી નજર પારખી ગયેલા કામબાઈ ઓરડામાં જઈને કટારીથી પોતાના ભરાવદાર સ્તન કાપી થાળીમાં રાખીને રાજવી સામે થાળ ધરતા કહે લ્યો તમારી નજરે જે ચડ્યું હતું એ રૂપ કહીને કટારી ઉપરનું, છાતી ઉપરનું લોહી રાજવી ઉપર છાંટ્યું.

રાજવી હબકી ગયા. ઊભા થઈને ઘોડી પલાણીને જામનગરને રસ્તે ચઢયા પણ પાછળ કામબાઈ આઈએ થાળી લઈને લોહી છાંટતી દોટ મૂકી. રાજવી થરથરી જઈને ઘોડા ઉપરથી નીચે ઉતરીને પાઘા પાથરતા કહે આઈ મને માફ કરો, મને સેવકે ભૂલવ્યો કહીને પગે પડ્યા. પણ કામબાઈ આઈનો ક્રોધ ભભૂકી ઉઠેલો, તે સીમમાં-વગડામાં વળી પાછો એક દુહો કહ્યો.

**ચારણ ને ચકમક તણી ઓછી મ ગળ્યે આગ**
**ટાઢી તોય તાગ, તોય લાગે લાખણ શિયડા..**



જેમ ચકમકના પથ્થરની અંદર અગ્નિ છુપાયેલો જ હોય છે. એ ભલે દેખાવે ઠંડો લાગે, રૂપાળો લાગે, પણ ઘર્ષણ થતાં જ આગના તણખા ખેરે. એમ હું તને બાળીને ભસ્મ કરીશ.

દુહો ગાયો રાવળ જામ પાયલાગણ કરીને નીકળ્યા. ગઢની રાંગે પહોંચી પાછું વાળી જોયું તો આઈ પાછળ જ લોહી છાંટતા-છાંટતા આવતા હતા. રાજવી મોઢામાં ખડનું-ઘાંસનું તરણું લઈ પગે પડ્યો. આઈ મને માફ કરો. આઈએ પાછો દુહો કહ્યો એવી વાયકા છે.

**જૂનો રાફ ન છેડીએ, જાગે કોક જડાગ**
**જાગી જાડેજા સરે, કામાઈ કાળો નાગ..**

હે જાડેજા રાજવી, જૂના રાફડાને ખાલી માનીને ઉખેળવો-ઉકેરવો નહીં એમાંથી ઝેરી નાગ નીકળી પડે. કામઈ આઈ કાળા ઝેરી નાગની માફક તને ડંખશે. તને બાળી નાખશે. પણ તે મોઢામાં ખડનું તરણું લઈને-ગાયની માફક માફી માગી છે તો સાંભળ ભૂલચૂકથી પણ હવે ગઢમાંથી ખજુરિયા નેશ તરફની ઓતરાદિ બારીમાંથી આ તરફ દૃષ્ટિ ન માંડતો. કહીને આઈ અલોપ થઈ ગયેલા.

પણ બાર પંદર વર્ષ પછી નવા રાણીના આગ્રહથી સમુની વિશાળ-પ્રકૃતિ અવલોકવા માટે રાજા પાસે બારી ખોલાવી અને રાણીને ખજુરિયા નેસની આઈની વાત કહેતા તે તરફ આગળી ચિંધી કે તૂર્ત જ આગના લિસોટાથી આગ આવી પહોંચી અને રાજવી બળીને ભડથું થઈ ગયા.

આજે પણ એ ખજુરિયા નેસમાં બે ઓરડામાં કામબાઈ આઈનું સ્થાનક છે. અનેક લોકો તેની માનતા માનીને આ સ્થાનકે દર્શને જતા હોય છે.■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ‘વન્દે શિવમ્ શંકરમ્’

ભારતીય સનાતન હિન્દુધર્મમાં અસંખ્ય સાંપ્રદાયિક ધારાઓ વહેતી આવી છે, જેમાં ત્રણ મુખ્ય પ્રવાહો છે શૈવ, શાક્ત અને વૈષ્ણવ.. એમાં યે સંન્યાસીઓમાં તો શંભુદળ અને રામદળ – જેની અનેક શાખા- પ્રશાખાઓ વિસ્તરતી રહી છે. શૈવ ધર્મ સાથે સંકળાયેલા તમામ દશનામી વિરક્ત સાધુ સંન્યાસીઓ અને શિવમંદિરના પૂજારી ગૃહસ્થ અતીત સાધુ પરિવારો, કથાકારો, કલાકાર ભજનિકોને મહાદેવ શિવનું સ્વરૂપ, બાર જ્યોતિર્લિંગો, શૈવધર્મનો સામાન્ય પ્રાથમિક ઈતિહાસ, એની શાખાઓ, સાધના ઉપાસના પદ્ધતિઓ, આદિ શંકરાચાર્યજીનો પરિચય, એમના દ્વારા સ્થાપિત મુખ્ય ચારપીઠ, વિવિધ મઠ, મઢી, અખાડાઓ, એની શાખા પરંપરાઓ, શૈવ સંપ્રદાયના વિધિવિધાનો અને સમાધિ- ઉત્તરક્રિયા- શંખાઢોળ-ભંડારાની વિધિઓ સાથે બોલાતા મૂળ મંત્રો તથા સાહિત્યમાં અને લોકજીવનમાં ભગવાન શિવ... જેવા વૈવિધ્યસભર મુદ્દાઓ બાબતોની જાણકારી અવશ્ય હોવી જ જોઈએ. જુદાજુદા અનેક પુરાણગ્રંથો ઉપરાંત અપ્રકાશિત હસ્તપ્રતોમાં સચવાયેલી સામગ્રીની સાથે સનાતન ધર્મ કે શૈવસંપ્રદાયને લગતા પ્રકાશિત અનેક સંદર્ભ અભ્યાસ ગ્રંથોમાંથી આવી પ્રમાણભૂત સાહિત્ય સામગ્રીનું સંકલન-આલેખન આ લેખકના પુસ્તક ‘વન્દે શિવમ્ શંકરમ્’માં કરવામાં આવ્યું છે.

કોઈ ભજે છે સગુણ-સાકાર સ્વરૂપને, તો કોઈ ઉપાસે છે નિરંજન નિરાકાર નિર્ગુણ જ્યોતિસ્વરૂપને. સમગ્ર બ્રહ્માંડના સર્જક-પાલક-પોષક અને સંહારક એવા બ્રહ્મતત્ત્વનો તાગ કોઈ નથી લઈ શક્યું તેથી જ તેને અનિર્વચનીય જેવા અનેક નકારાત્મક નામોથી ઓળખવામાં આવ્યું છે.



જગતની સંપૂર્ણ જીવસૃષ્ટિના મૂળ ઉત્પન્નકર્તા તરીકે હિન્દુ તંત્રોમાં પરમચેતના, પરબ્રહ્મ કે પરશિવ નામે ઓળખાતા આ બ્રહ્મતત્ત્વને બૌદ્ધતાંત્રિકો પ્રજ્ઞા અને ઉપાય તરીકે ઓળખાવે છે. શિવ અને શક્તિ દ્વારા આદમ અને હવા દ્વારા સકળ સંસારનું સર્જન શક્ય બન્યું એને કોઈક ઓળખાવે છે પુરુષ અને પ્રકૃતિ તરીકે. જે ગુહ્ય યોગસાધનામાં સ્ત્રીપુરુષના સાયુજ્યની વાત કરે છે.

આપણા હિન્દુ ધર્મની તત્ત્વચિંતન પ્રણાલી પ્રમાણે આદ્યદેવ આદ્યપુરુષ- કલ્યાણકારી મહાદેવ સદાશિવ અને આદ્ય શક્તિ ભવાની ઉમૈયા દ્વારા સૃષ્ટિની સ્થાપના થઈ. ત્યારથી આજ સુધી અનેકવિધ સ્વરૂપે તેની પૂજા-ઉપાસના થતી આવી છે.

ભગવાન સદાશિવ એટલે આદિ પુરુષ, આદ્ય ગુરુ, અલખ, અવધૂત, મહાદેવ ભોળાનાથ શંભુ. સિદ્ધયોગી, ભૂતોના અધિપતિ કલ્યાણકારી દેવતા. મહાપંથ કે નાથપંથના મૂળ પુરુષ. ગણપતિ અને કાર્તિકેયના પિતા. ઉમૈયા-પાર્વતીના પતિ. સંગીત-નૃત્ય અને નાટ્યના આદિ દેવ નટરાજ શિવ. શિવજી એટલે સમન્વયના દેવતા. કેવું છે એનું સ્વરૂપ? નિરંજન નિરાકાર અને છતાં સગુણ-સાકાર. ભગવાન શિવ ભારતની સંસ્કૃતિ, ભારતીય ધર્મસાધના, ભારતીય માનવજીવનના વિરાટ સમન્વયના દેવતા. આદર્શ ગૃહસ્થ. ભગવતિ ઉમા સહિત શિવ કુટુંબ ભારતની સંયુક્ત કુટુંબ ભાવનાનું મૂર્તિ રૂપ. પતિવ્રતા ધર્મ અને સતીધર્મનો આદર્શ એટલે ઉમા-મહેશ્વરનું પ્રસન્ન દામ્પત્ય.

ભગવાન શિવ-શંભુ-મહાદેવ તે ભસ્માંક્તિ, વિચાર મગ્ન મુખવાળા, ચાર હાથ-ત્રણ નેત્ર – કપાળ પર ચંદ્રમા, જટામાં ગંગાજી, ગળામાં વિષ અને સર્પોના આભૂષણો ધારણ કરેલા છે, તેને વ્યાઘ્રચર્મનું આસન અને અને નંદિ એટલે કે પોઠિયો વાહન છે. તેનું સ્વરૂપ યોગીનું છે.

પાર્વતી તેમના પત્ની છે. ગણેશ અને સ્કંદ-કાર્તિકેય પુત્ર છે વળી તે ભૂત અને ગણોના અધિપતિ તેમ જ ઉત્પત્તિ, રક્ષણ અને સંહાર કરનારા છે. આયુર્વેદ, યોગ વિદ્યા, વિજ્ઞાન શાસ્ત્ર, રસાયન શાસ્ત્ર, મંત્ર-તંત્ર શાસ્ત્ર, ધાતુવાદ વગેરેના અધિષ્ઠાતા દેવતા શિવ છે. ચારે વેદોમાં તેમની જ સ્તુતિ કરી છે. તેમના મુખ્ય બાર જ્યોતિર્લિંગ છે. દેવોના દેવ મહાદેવ તરીકે, આદિ દેવ તરીકે શિવ એટલે કલ્યાણકારી દેવતા તરીકે ભોળનાથ વિશ્વના આરંભકાળથી પૂજાતા રહ્યા છે. જટામાં ગંગાજીને ધારણ કર્યાં હોવાથી ગંગાધર તરીકે, કપાળે ચન્દ્રબીજ ધારણ કરવાથી ચન્દ્રમૌલિશ્વર, સોમનાથ કે સોમેશ્વરના નામથી પણ ઓળખાય છે.

**નાગેન્દ્રહારાય ત્રિલોચનાય, ભસ્માંગ રાગાય મહેશ્વરાય ;**
**નિત્યાય શુદ્ધાય દિગંબરાય તસ્મૈ નરાકાય નમ : શિવાય.**

ભગવાન સદાશિવની કૃપા દૃષ્ટિ દેવો અને દાનવો ઉપર સરખી જ હોય. વેરાગી ને કઠોર તપસ્વી છતાં પ્રસન્ન દામ્પત્યના દેવતા. એને ચંદનનો લેપ થાય ને સ્મશાનની ભસ્મ પણ ચડે. સુગંધિત પૂષ્પ સાથે ધતુરા કે કરેણનાં ઝેરી ફૂલ. માથા ઉપર શીતળતા આપનારો ચન્દ્ર ને ગળામાં વિષધર સર્પ. જટામાં પતિત પાવની ગંગા તો કંઠમાં હલાહલ વિષ. એનું વાહન નંદી તો ઉમૈયાનું વાહન સિંહ, ગણપતિનું વાહન ઉંદર તો કાર્તિકેયનું મયુર. જેને ત્રણ નેત્ર, ત્રિશુળનું આયુધ, ત્રણ પાનનું બિલ્લીપત્ર ચડે.

**ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્રં ત્રિયાયુધં**
**ત્રિજન્મ પાપ સહારં એક બિલ્વં શિવાર્પણમ્**
**કર્પૂર ગૌરં કરુણાવતારં, સંસાર સારં ભુજગેન્દ્ર હારં**
**સદા વસન્તં હૃદયારવિન્દે, ભવં ભવાની સહિતં નમામિ**

મધ્યકાલીન સાહિત્યમાં શિવવિષયક જે રચનાઓ મળે છે તેમાં શિવસ્વરોદયશાસ્ત્ર, શિવગીતા, શિવરહસ્ય, શિવમહાત્મ્ય વગેરે ચિંતનાત્મક કે સાધનાત્મક કૃતિઓ ઉપરાંત શિવપુરાણ, શિવવિવાહ, શિવભીલડી સંવાદ, મૃગી આખ્યાન, ગૌરીચરિત્ર વગેરે કથાત્મક રચનાઓ પણ એટલી જ મહત્ત્વની છે. સંવાદ, આખ્યાન, ધોળ, આરતી, સ્તવન, ભજન, સ્તોત્ર, ધૂન વગેરે પ્રકારોમાં ભગવાન સદાશિવને વિષય તરીકે સ્વીકારી સર્જન થયા કર્યું છે. ■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# અમૃતસરનું સ્વર્ણમંદિરઃ શીખ સહિત દરેક ધર્મના લોકોનું આસ્થાનું કેન્દ્ર



**પંજાબના** અમૃતસરમાં આવેલું હરમિંદર સાહેબ કે દરબાર સાહેબ એ શીખ ધર્મના લોકોનું સૌથી ધાર્મિક સ્થળ છે જે સુવર્ણમંદિર તરીકે ઓળખાય છે અને તેનું એ જ નામ લોકપ્રિય અને પ્રચલિત છે. આખું અમૃતસર શહેર આ સુવર્ણમંદિરની આસપાસ જ વસેલું છે. સુવર્ણમંદિરમાં દરરોજના હજારો શ્રદ્ધાળુઓ આવે છે અને તે બધાં જ ધર્મના હોય છે. અમૃતસરનું નામ અહીં આવેલા સરોવર પરથી જ રાખવામાં આવ્યું છે. આ સરોવરનું નિર્માણ શીખ ધર્મના ધર્મગુરુ રામદાસે પોતે કર્યું છે અને સ્વર્ણમંદિર કે સુવર્ણમંદિર તેની વચ્ચોવચ્ચ આવેલું છે.

સુવર્ણ મંદિરને બોલચાલની ભાષામાં સ્વર્ણમંદિર તરીકે જ ઓળખવામાં આવે છે. આ ગુરુદ્વારાના બહારનો ભાગ સુવર્ણ એટલે કે સોનાથી મઢવામાં આવ્યો છે એટલે તે સ્વર્ણ મંદિર તરીકે ઓળખાય છે.

શીખ ધર્મના ગુરુ રામદાસજીએ આ મંદિરનો પાયો નાખ્યો હતો. કેટલાક સ્રોત તો એમ પણ જણાવે છે કે ગુરુજીએ લાહોરના એક સૂફી સંત મિયાં મીર પાસે ડિસેમ્બર-૧૫૮૮માં આ ગુરુદ્વારાનો પાયો નખાવ્યો હતો. લગભગ ૧૬મી સદીના અંતમાં આ ગુરુદ્વારાનું નિર્માણ હાથ ધરાયું, પણ ત્યાર પછી તે અનેક વાર નષ્ટ થઈ ગયું છે. પણ ભક્તિ અને આસ્થાને કારણે હિન્દુઓ અને શીખોએ મળીને તેનું નિર્માણ કર્યું છે. ૧૭મી સદીમાં મહારાજ સરદાર જસ્સા સિંહ અહલુવાલિયાએ તેનું પુનઃ નિર્માણ કર્યું હતું. જેટલી વાર આ ગુરુદ્વારા નાશ પામ્યું અને તેને ફરી બનાવવામાં આવ્યું એ આ ગુરુદ્વારામાં દર્શાવવામાં આવ્યું છે.

અફઘાન હુમલાખોરોએ ૧૯મી સદીમાં તેને સાવ ધ્વસ્ત કરી નાખ્યું હતું ત્યારે મહારાજા રણજીતસિંહે તે ફરી બનાવ્યું અને ત્યારે તેમણે આ આખા ગુરુદ્વારાની દીવાલોને બહારથી સોનાથી મઢી દીધી હતી. સન ૧૯૮૪માં ભારતના ટુકડા કરવાની ઈચ્છા રાખનારા અને સેંકડો હિન્દુ-શીખોના હત્યારા એવા ત્રાસવાદી ભિંડરાવાલેએ પણ હરમંદિર સાહેબ પર કબજો કરી લીધો હતો. શરૂઆતમાં આસ્થાનું સન્માન કરીને સુરક્ષા એજન્સીઓના સૈનિકોએ આ ગુરુદ્વારામાં જવાની ના પાડી દીધી હતી. પણ ૧૦ દિવસના સંઘર્ષ પછી સૈન્ય અંદર ઘૂસ્યું અને ત્રાસવાદીઓને ઠાર કર્યા હતા. ત્યારે અહીંથી મોટી માત્રામાં શસ્ત્રો મળી આવ્યાં હતાં.

લગભગ ૪૦૦ વર્ષ કરતાં જૂના આ સ્વર્ણમંદિર ગુરુદ્વારની સંરચના શીખ ધર્મના ગુરુ અર્જુનદેવે કરી હતી. આ ગુરુદ્વારાનું સ્થાપત્ય ખૂબ જ અલૌકિક છે. ગુરુદ્વારાની ચારેતરફ ચાર દરવાજા છે, જે પૂર્ણ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ દિશામાં આવેલાં છે તે સમયે સમાજ ચાર જાતિમાં વહેંચાયેલો હતો અને અનેક મંદિરોમાં કેટલીક જાતિના લોકોને પ્રવેશ નહોતો અપાતો એટલે અહીં ગુરુદ્વારામાં ચાર દરવાજા બનાવવામાં આવ્યા અને બધી જ જાતિના લોકોને તેમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

હરમિંદર સાહેબના પરિસરમાં બે મોટા અને અનેક નાના-નાના તીર્થસ્થળ છે. આ બધા તીર્થસ્થળ જળાશયની ચારેતરફ ફેલાયેલો છે. આ જળાશયને અમૃતસર, અમૃત સરોવર કે અમૃત લેક તરીકે ઓળખવામાં આવે છે. આખું સ્વર્ણમંદિર સફેદ સંગેમરમરથી બનાવવામાં આવ્યું છે અને તેનાં પર સોનાના પતરાંથી નકશીકામ કરવામાં આવ્યું છે. હરમિંદર સાહેબમાં આખો દિવસ ગુરબાણી સંભળાયા કરે છે. અહીં જે ચાર દ્વાર છે, તેમાંથી એક દ્વાર ગુરુરામદાસ સરાય તરીકે ઓળખાય છે. અહીં અનેક વિશ્રામ સ્થળ છે. અહીં ૨૪ કલાક લંગર ચાલતું રહે છે.

સ્વર્ણ મંદિર માનવ નિર્મિત ટાપુ પર બનાવવામાં આવ્યું છે. આ મંદિર એક પુલ દ્વારા કિનારા સાથે જોડાયેલું છે. મંદિરથી ૧૦૦ મીટર દૂર સોનાના પતરાથી જડાયેલું અકાલ તખ્ત છે. અહીં શરબત ખાલસાની બેઠકો યોજાય છે. શીખ ધર્મ સાથે જોડાયેલા મુદ્દાઓની અહીં ચર્ચા થાય છે અને અહીં તેનો નિવેડો આવે છે. અહીં જે સરોવર છે એ ચમત્કારિક હોવાનું કહેવાય છે. અહીં સ્નાન કરનારના બધા રોગ ચાલ્યા જાય છે એમ કહેવાય છે.

અહીંની પરંપરા એવી પણ છે કે સરોવરમાં સ્નાન કર્યા પછી જ આ ગુરુદ્વારાના દર્શન કરવા જવાય છે. આ સરોવરનું પાણી દરરોજ બદલવામાં આવે છે એમ કહેવાય છે. તેનાં માટે ત્યાં અનેક ફિલ્ટરો લગાવવામાં આવ્યા છે. દર પાંચ વર્ષે આ સરોવરનું સમારકામ હાથ ધરવામાં આવે છે.

ગુરુદ્વારાની બહાર જમણી બાજુ અકાલ તખ્તનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અકાલ તખ્ત ૧૬૦૯માં ઊભું કરાયું છે, ત્યાં દરબાર સાહિબ છે. સંગેમરમરથી બનેલી આ ઈમારતનું બાંધકામ ખૂબ જ આકર્ષક છે. તેની નજીક શિરોમણિ ગુરુદ્વારા પ્રંબધક સમિતિનું કાર્યાલય છે. જ્યાં શીખ ધર્મ અને શીખોને લગતા મુદ્દાઓનું નિરાકરણ લાવવામાં આવે છે.

અહીં જે લંગર છે, તે ૨૪ કલાક ધમધમતું રહે છે. દર્શને આવનારા શ્રદ્ધાળુઓના ખાણી-પીણીની વ્યવસ્થા શીખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) દ્વારા કરવામાં આવે છે. આ સમિતિ દ્વારા નિયુક્ત કરાયેલા સ્વયંસેવકો જ આ સેવા કરી શકે છે. એમ મનાય છે કે અહીં દરરોજ ૪૦ હજાર જેટલાં લોકો લંગરમાં પ્રસાદ-ભોજન આરોગે છે. માત્ર ભોજનની જ નહીં અને રહેવાની વ્યવસ્થા પણ કરાય છે. રામદાસ સરાયમાં રહેવાની સગવડ છે. રામદાસ સરાયનું નિર્માણ ૧૭૮૪માં કરવામાં આવ્યું છે. અહીં ૨૨૮ રૂમ અને ૧૮ મોટા હોય છે. અહીં કોઈ પણ ત્રણ દિવસ સુધી રહી શકે છે.

સવારે અઢી વાગ્યે ગુરુગ્રંથ સાહિબને તેમના રૂમમાંથી ગુરુદ્વારામાં લાવવામાં આવે છે. ત્યારે ભજન કીર્તન કરતા પાલખીમાં સજાવીને ગુરુદ્વારામાં લાવવામાં આવે છે અને રાતના સમયે ગુરુગ્રંથ સાહિબ ફરી પોતાના રૂમમાં લઈ જવામાં આવે છે. તેને સુખાસન કહેવામાં આવે છે અને સવારે અઢી વાગ્યે ગુરુગ્રંથ સાહિબને બહાર લાવવામાં આવે ત્યારે પ્રકાશોત્સવ કરાય છે. આ બંને અવસર જોવા લાયક હોય છે.

અહીં ઉનાળાના વેકેશન દરમિયાન ખૂબ ભીડ જોવા મળે છે, પણ વૈશાખી, લોહડી, ગુરુનાનક પર્વ, શહીદી દિવસ, સંક્રાંતિ જેવાં તહેવારો વખતે ભીડ ખૂબ જ હોય છે, પણ અહીંની વ્યવસ્થા ખૂબ જ સારી છે. એમ પણ કહેવાય છે કે આ અમૃત સરોવરમાં સ્નાન કરીને સાચા મનથી પ્રાર્થના કરનારની દરેક મનોકામના પૂરી થાય છે, એટલે જ આ શીખ લોકોનું ધર્મસ્થાનક હોવા છતાં દરેક ધર્મના લોકો અહીં આવે છે અને આસ્થાથી દર્શન કરી ધન્યતા અનુભવે છે. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# કલ્પના હોય કે હકીકતઃ સર્જરીના 'શ્રીગણેશ' તો ભારતથી જ થયા હતા



જગતનું સૌ પ્રથમ અંગ પ્રત્યારોપણ?



તાજેતરમાં જ એડિનબર્ગ, સ્કોટલેન્ડ (યુકે)ની રોયલ કોલેજ ઓફ સર્જ્યન્સ ખાતે શલ્યચિકિત્સક મહર્ષિ સુશ્રુતની પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવી તે વેળાની તસવીર.

**આજથી** લઈને હવે દસ દિવસ સુધી શ્રી ગણેશજીનો ઉત્સવ જોરશોરથી મનાવવામાં આવશે. સનાતન ધર્મના પ્રથમ પૂજનીય દેવ અને વિદેશમાં એલિફન્ટ ગોડ તરીકે પ્રખ્યાત ગણેશજીનું હાથી સ્વરૂપ યુગોથી ભારતમાં પૂજાય છે. પાર્વતીપુત્ર ગણેશને હાથીનું મસ્તક કઈ રીતે મળ્યું એ અંગે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે તેમના પિતા ભગવાન શંકરે આવેશમાં તેમનો શિરચ્છેદ કર્યો હતો અને પછી પાર્વતીના આક્રંદને વશ થઈને હાથીનું મસ્તક ચોંટાડી ગણેશને સજીવન કર્યા હતા. આવી રીતે એક પ્રાણીનું મસ્તક કોઈ મનુષ્યના ધડ સાથે જોડી શકાય એ વાતને આજનું વિજ્ઞાન હજી નથી માનતું અથવા એમ કહો કે હજી ત્યાં સુધી નથી પહોંચ્યું, પરંતુ અત્યારે એક મનુષ્યના હૃદય, લીવર કે કિડનીના બીજા મનુષ્યમાં પ્રત્યારોપણ કરવા હકીકત બની ગયા છે. કોઈ પ્રાણીના મસ્તક મનુષ્ય શરીર સાથે જોડી શકાય કે નહીં એ આજના વિજ્ઞાને હજી નથી સ્વીકાર્યું પરંતુ ભારતીય પુરાણોમાં આવાં ઘણાં પાત્રો વણી લેવામાં આવ્યાં છે. જેમ કે નરસિંહ (સિંહનું મુખ ), ગોકર્ણ (ગાયનું મુખ), હનુમાન (વાનર મુખ ), જાંબુવંત (રીંછનું મુખ) વગેરે વગેરે.

હજારો વર્ષ પૂર્વે લખાયેલા પુરાણોનાં આ પાત્રો કદાચ કાલ્પનિક હોય તો પણ હકીકત એ છે કે આવી કલ્પનાના પણ 'શ્રીગણેશ' તો ભારતમાં જ થયા હતા.

હવે માનવ સર્જરીની હકીકતની વાત કરીએ તો એના શ્રીગણેશ પણ ભારતમાં જ થયા હતા.

ભારતમાં આશરે ૨૬૦૦ વર્ષ પહેલાં જન્મેલા સુશ્રુત ઋષિ માત્ર અહીં જ નહીં વિશ્વભરમાં સર્જરીના પિતામહ તરીકે ખ્યાતિ પામ્યા છે.

સુશ્રુત પ્રાચીન કાળના ભારતના પ્રથમ શલ્ય ચિકિત્સક(સર્જ્યન) હતાં.

તેમણે સર્જરીનું પ્રથમ જ્ઞાન આપતો જે પ્રમાણભૂત ગ્રંથ રચ્યો એ 'સુશ્રુત-સંહિતા' નામનો આ ગ્રંથ ભારતના આયુર્વેદ પ્રણાલીની ઉચ્ચતમ કૃતિ છે. તેની રચના ઈ. પૂ. છઠ્ઠી સદીમાં થયાનું માનવામાં આવે છે. ત્યાર બાદ લગભગ ૨૦૦ વર્ષ પછી રસાચાર્ય નાગાર્જુન વૈદ્યે તેનું સંપાદન કરીને તેને નવા સ્વરૂપે રજૂ કરેલી.

આયુર્વેદ ચિકિત્સાનાં આઠ અંગોમાં શલ્યચિકિત્સાને સુશ્રુતે મહત્ત્વનું સ્થાન આપીને અન્ય સાતેય અંગોનું સંક્ષેપમાં વર્ણન કરીને આખી સંહિતા આપી છે. સુશ્રુતના સમય પહેલાં વિશ્વના અન્ય દેશોમાં ભારત જેવું શલ્યચિકિત્સાનું જ્ઞાન વિકસ્યું ન હતું.

એ સમયે યુદ્ધમાં યોદ્ધાઓના અંગો કપાઈ જતાં કે ઘાયલ થતાં, તનમાં તીર કે ભાલાં જેવાં શસ્ત્રો ઘૂસી જતાં; ત્યારે તેમની ચિકિત્સા શલ્યચિકિત્સકો સારી રીતે કરતા. તે સમયે વિશ્વમાં ભારતનું આયુર્વેદ-વિજ્ઞાન તબીબી ક્ષેત્રે પ્રથમ કક્ષાનું હોઈ, ભારતની તક્ષશિલા તથા નાલંદા વિશ્વવિદ્યાલયોમાં આયુર્વેદ અને શલ્યતંત્રનું જ્ઞાન લેવા વિદેશીઓ પણ ભારત આવતા હતા.

સુશ્રુત સંહિતામાં ઓપરેશનમાં વપરાતાં લગભગ સો જેટલાં ઓજારોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. શબ વિચ્છેદનની રીત, વિવિધ પાટા તથા ટાંકા લેવાની પદ્ધતિઓ વગેરેનું માર્ગદર્શન પણ આ ગ્રંથમાં છે.

આજના ઍલોપથી વિજ્ઞાને પ્લાસ્ટિક સર્જરીમાં ખૂબ સારી નામના મેળવી છે; પરંતુ આ વિશિષ્ટ જ્ઞાનના આદિગુરુ સુશ્રુત હતા. તેમની સંહિતામાં નાક, કાન અને હોઠની પ્લાસ્ટિક સર્જ્યરીનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ વિશેષ પ્રકારનું જ્ઞાન 'કિતાબે સુશરૂત' નામના અરબી ભાષામાં થયેલા તેના અનુવાદથી આરબો દ્વારા યુરોપમાં ગયું અને પછી યુરોપિયનોએ તેનો પૂરો વિકાસ કરીને આજનું આધુનિક સ્વરૂપ આપ્યું છે.

આજે ભારતની મુખ્ય તમામ ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, જર્મન તથા રશિયન ભાષામાં પણ 'સુશ્રુત-સંહિતા' નો અનુવાદ થયો છે.

આજે પણ યુરોપ, અમેરિકા સહિતના દુનિયાના અનેક સર્જ્યનો સુશ્રુતને આદિગુરુ તરીકે બિરદાવે છે. એટલું જ નહીં તેમના પૂતળાં ભારત સહિત દુનિયાની અનેક પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થાઓમાં ગર્વભેર સ્થાપિત કરવામાં આવ્યાં છે.

તાજેતરમાં જ રોયલ કોલેજ ઓફ સર્જન્સ ઓફ એડિનબર્ગ, સ્કોટલેન્ડ/યુકેના પરિસરમાં તેમની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની રોયલ ઓસ્ટ્રેલેશિયન કોલેજ ઓફ સર્જ્યન્સના પ્રવેશદ્વાર પર પણ આરસપહાણની પ્રતિમા મૂકવામાં આવી છે. જેની નીચે તેમને સત્તાવાર રીતે 'ફાધર ઓફ સર્જરી' તરીકે બિરદાવવામાં આવ્યા છે.

ભારતમાં પણ કેરળ ખાતે આવેલી અમૃતા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટમાં તેમની ખૂબ જ સુંદર મૂર્તિ છે જેમાં તેઓ સુખાસનમાં બેઠેલા જોવા મળે છે અને પ્રાચીન કાળમાં જે રીતે શસ્ત્રક્રિયા થતી હતી, તે આખું દૃશ્ય કંડારવામાં આવ્યું છે.

દુબઈના મ્યુઝિયમમાં પણ તેમની અર્ધપ્રતિમા પ્રદર્શનમાં મૂકવામાં આવી છે જે આરબ દેશોમાં ભારતના તબીબી વારસાની ઓળખ કરાવે છે. આ સિવાય ભારતમાં વારાણસી (જ્યાં તેમણે સુશ્રુત સંહિતા લખી હતી), હરિદ્વાર પતંજલિ યોગપીઠ અને ઉત્તરાખંડની ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસમાં પણ તેમના પૂતળા મૂકવામાં આવેલ છે.

ભારતની પ્રાચીન વિદ્યાઓ પરદેશ ગઈ અને ત્યાંથી નવા રંગરૂપ સાથે ફરી પાછી આવી તેનું આ જીવતું જાગતું ઉદાહરણ છે. ■

સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@bombay
samachar.com

# દોરંગા ભેળા રે નવ બેસીએ જી...

*દોરંગા ભેળા રે નવ બેસીએ જી,*
*એ જી એમાં પત રે પોતાની જાય રે...*
*ઘડીકમાં ગુરુને ઘડીકમાં ચેલકા રે,*
*એ જી ઈ તો ઘડીકમાં પીર થઈને પૂજાય રે... દોરંગા*
*ઘડીકમાં ચડે ને રંગ ઘડીકમાં ઊતરે રે,*
*એ જી ઈ તો ઘડીકમાં વેરાગી બની જાય રે... દોરંગા*
*કામી રે ક્રોધી ને લોભી લાલચી રે,*
*એ જી ઈ તો પારકે દુઃખે નો દુઃખાય રે... દોરંગા*
*દાસી રે જીવણ ભીમના ચરણે રે,*
*એ જી ચરણુંમાં જાતાં ચોરાશી મટી જાય રે... દોરંગા*
*- દાસીજીવણ*

**પદની** પહેલી જ પંક્તિમાં દાસીજીવણ એક સાવ સીધી પણ બહુ ઊંડી વાત કહી દે છે. દોરંગા ભેળા રે નવ બેસીએ જી. દોરંગો એટલે બે રંગવાળો. જેનો એક રંગ સ્થિર નથી, જે ક્ષણે ક્ષણે બદલાય છે, જે હમણાં એક અને થોડી વારમાં બીજો. આવા માણસની પાસે બેસવું પણ જોખમ છે, કારણ કે એમાં પત રે પોતાની જાય રે. પત એટલે માત્ર લોકલાજ કે પ્રતિષ્ઠા એટલું જ નહિ. પોતાની ઓળખ, પોતાની નિષ્ઠા, પોતાનો રંગ એ બધું જ તેમાં ખોવાઈ શકે. રંગ ચડે પણ સંગથી અને રંગ ઊતરે પણ સંગથી. એટલે સંતો સંગની વાત વારંવાર કરે છે. આપણે કોની પાસે બેસીએ છીએ એ ધીમે ધીમે નક્કી કરે છે કે આપણે કોણ અને શું થઈ રહ્યા છીએ.

દાસીજીવણને આવા દોરંગા માણસની સૌથી પહેલી નિશાની એની અસ્થિરતા લાગે છે. ઘડીકમાં ગુરુને ઘડીકમાં ચેલકા રે. ઘડીકમાં એ પોતે ગુરુ થઈ જાય અને ઘડીકમાં કોઈનો ચેલો. અહીં ગુરુ થવામાં કે ચેલો થવામાં દાસીજીવણને વાંધો નથી. સાચો શિષ્ય થવું એ તો બહુ મોટી ઘટના છે અને સાચો ગુરુ થવું એથીયે મોટી જવાબદારી છે. વાંધો આ ઘડીકમાં છે. મન જ્યાં સ્થિર નથી ત્યાં ભૂમિકાઓ માત્ર વેશ બની જાય છે. આજે કોઈની સામે નમવાનું અને કાલે બીજાને પોતાની સામે નમાવવાનું. ભક્તિમાં આ ન ચાલે. ત્યાં આપણું સ્થાન બદલાય તો ચાલે, પણ આપણી સચ્ચાઈ ન બદલાવી જોઈએ. પછી તો કહે છે, ઈ તો ઘડીકમાં પીર થઈને પૂજાય રે. માણસને પૂજાવાની ઇચ્છા કેટલી સૂક્ષ્મ છે! શરૂઆતમાં કદાચ શિષ્ય તરીકે કોઈના ચરણમાં બેસે, પણ થોડું જ્ઞાન, થોડો અનુભવ કે થોડા અનુયાયીઓ મળ્યા નહીં કે પોતે જ પીર થઈ બેસે. આધ્યાત્મિક માર્ગનો આ મોટો ભય છે. જે માર્ગ અહંકાર ઓગાળવા માટે હતો તે જ માર્ગ પરથી અહંકાર નવો વેશ પહેરીને પાછો આવી શકે. પહેલાં હું નો ગર્વ હતો; હવે હું જાણું છું. એનો ગર્વ થયો. પહેલાં સંપત્તિનો ગર્વ હતો, હવે સાધનાનો ગર્વ થયો. વેશ બદલાયો, મૂળ વસ્તુ રહી ગઈ.



દોરંગાપણાની બીજી નિશાની પણ સહજ રીતે બતાવી છેઃ ઘડીકમાં ચડેને રંગ ઘડીકમાં ઊતરે રે. સાચો રંગ સહેલાઈથી ઊતરતો નથી. કપડાને ઉપરથી રંગ લગાડ્યો હોય તો બે ધોવાણમાં ઊતરી જાય; તંતુમાં ઊતરી ગયો હોય તો રહે. ભક્તિનું પણ એવું જ છે. ઘડીકમાં આંખમાંથી આંસુ આવે, ઘડીકમાં વૈરાગ્ય થાય અને ઘડીક પછી ફરી સંસારનો એ જ મોહ માણસને ખેંચી જાય તો સમજવું કે રંગ ઉપર ઉપરનો હતો. હૃદયમાં ઊતર્યો નહોતો. વળી કહે છે, ઈ તો ઘડીકમાં વેરાગી બની જાય રે. આ પંક્તિમાં હળવી કટાક્ષવૃત્તિ પણ છે. વેરાગી થવું કંઈ કપડાં બદલવા જેટલું સહેલું નથી. વૈરાગ્ય તો દૃષ્ટિમાં ફેરફાર છે. વસ્તુઓ રહે છતાં એનું બંધન ન રહે. ઘર રહે, પરિવાર રહે, વ્યવહાર રહે, છતાં અંદર માલિકીનો ભાવ છૂટવા માંડે એ વૈરાગ્ય. અહીં તો ઘડીકમાં જ વેરાગી થઈ જવાય છે! એટલે આ વૈરાગ્ય પણ દોરંગાપણાનો એક રંગ છે. પ્રસંગ પ્રમાણે ચડાવેલો રંગ.

પછી બહારના વેશમાંથી સીધા માણસના સ્વભાવ તરફની પંક્તિ આવે છે. કામી રે ક્રોધી ને લોભી લાલચી રે. ચાર શબ્દોમાં માણસનું આખું અંતર ખોલી નાખ્યું. કામ, ક્રોધ, લોભ અને લાલચ આ બધું જ્યાં અખંડ બેઠું છે ત્યાં બહારના આધ્યાત્મિક વેશનું શું કરવું? સાચી સાધના માણસને ઓળખવી હોય તો એની ભાષા, એની માળા કે એની વેશભૂષા કરતાં એના વ્યવહારમાં જોવું પડે. બીજાનું દુઃખ એને અડે છે કે નહીં? તેથી પછીની પંક્તિ ખૂબ મહત્ત્વની છેઃ ઈ તો પારકે દુઃખે નો દુઃખાય રે. અહીં જાણે પદનું આખું માપદંડ મળી જાય છે. માણસ ધાર્મિક છે કે નથી એનો નિર્ણય એની ધાર્મિક ઓળખ પરથી નહીં, પણ બીજાના દુઃખ સામે એનું હૃદય શું કરે છે તેના પરથી થવો જોઈએ. પારકાનું દુઃખ જો આપણને દુઃખાવતું નથી તો આપણી ભક્તિમાં કશુંક ખૂટે છે. કારણ કે ભક્તિ અંતે ભેદ ઘટાડે છે. પારકું પારકું રહેતું નથી. જેને હરિ બધામાં દેખાય તેને બીજાનું દુઃખ કેવી રીતે પારકું લાગી શકે? કરુણા વિનાની ભક્તિ માત્ર દેખાવ બની રહે છે. દાસીજીવણને એ દેખાવ સ્વીકાર્ય નથી.

આ આખા પદમાં દોરંગો માણસ એટલે માત્ર કપટી માણસ એટલું કહીને અટકી શકાય તેમ નથી. દોરંગાપણું આપણા સૌની અંદર રહેલી અસ્થિરતાનું પણ નામ છે. એક ક્ષણે આપણે જે માનીએ છીએ તે બીજી ક્ષણે વર્તનમાં ભૂલી જઈએ છીએ. બોલવામાં વિનમ્ર અને વ્યવહારમાં કઠોર; ભજનમાં દયાળુ અને જીવનમાં નિર્દય; મંદિરમાં નમન અને માણસ સામે અક્કડ. આ બે રંગ વચ્ચેનું અંતર જેટલું વધારે, દોરંગાપણું એટલું વધારે. સંતને તો અંદર અને બહાર વચ્ચેનું અંતર મટાડવું છે.

અંતિમ કડીમાં દાસીજીવણ પોતાના આશ્રય તરફ વળે છેઃ દાસી રે જીવણ ભીમના ચરણે રે. અત્યાર સુધી આખું પદ દોરંગાની ઓળખ કરાવતું હતું; હવે ઉપાય કહે છે. ઉપાય ઉપદેશથી વધુ સમર્પણમાં છે. દાસીજીવણ પોતાને ભીમના ચરણમાં મૂકે છે. અહીં ચરણ એટેલ માત્ર ગુરુના પગ એવો અર્થ લેવાનો નથી. ચરણ એટલે માર્ગ, આશ્રય, દિશા. પોતાનું મન જે ક્ષણે ક્ષણે રંગ બદલે છે તેને કોઈ સ્થિર કેન્દ્ર જોઈએ. ગુરુચરણ એ કેન્દ્ર છે. એ જી ચરણુંમાં જાતાં ચોરાશી મટી જાય રે. ચોરાશીનો અર્થ પરંપરામાં જન્મમરણના ચક્ર સાથે જોડાય છે, પણ આ પદના સંદર્ભમાં એને એક બીજો અર્થ પણ આપી શકાય. મન પોતે જ ક્ષણે ક્ષણે કેટલીય યોનિ ધારણ કરે છે. હમણાં ગુરુ, પછી ચેલો; હમણાં પીર, પછી વેરાગી; હમણાં ભક્ત, પછી કામી, ક્રોધી, લોભી. એક જ જીવનમાં માણસ કેટલાં સ્વરૂપે જન્મે અને મરે છે! ગુરુચરણમાં જતાં આ આંતરિક ચોરાશી મટે છે. માણસ એકરંગો થાય છે. જે છે તે જ દેખાય અને જે દેખાય તે જ હોય. પદની શરૂઆતમાં દાસીજીવણ કહે છે દોરંગા સાથે ન બેસવું. અંતે પોતે ક્યાં બેસવું એ બતાવે છે ગુરુના ચરણમાં. આ બંને વચ્ચે આખા પદનો માર્ગ છે. ખોટા સંગથી બચવું અને સાચો આશ્રય લેવો. દોરંગાપણાથી એકરંગાપણાની યાત્રા કરવી. સંતવાણીમાં એક રંગનો બહુ મહિમા છે. પ્રેમનો એક રંગ, ભક્તિનો એક રંગ, સત્યનો એક રંગ. એ રંગ એવો કે ચડે પછી ઊતરે નહીં.

દાસીજીવણની વિશેષતા એ છે કે મોટી આધ્યાત્મિક વાત માટે તેમને ભારેખમ ભાષાની જરૂર પડતી નથી. ઘડીકમાં જેવા એક જ શબ્દના પુનરાવર્તનથી માણસની આખી અસ્થિરતા નજર સામે મૂકી દે છે. અને પારકે દુઃખે નો દુઃખાય કહીને આખી ધાર્મિકતાની કસોટી એક પંક્તિમાં આપી દે છે. અહીં વાણી ઉપદેશ બને છે, પણ એ ઉપદેશનો ભાર લાગતો નથી. લોકવાણીની સહજતા છે, કટાક્ષ છે અને અંદરથી નીકળેલી સચ્ચાઈ છે.

મને તો આ પદમાં દોરંગા શબ્દ સૌથી વધારે ગમે છે. કારણ કે દાસીજીવણ બીજાની ઓળખ માટે જેટલો આ શબ્દ વાપરે છે એટલું જ જાણે આપણને પોતાની અંદર જોવાનું પણ કહે છે. આપણો રંગ કેટલો ટકે છે? સુખમાં જે માનીએ છીએ એ દુઃખમાં પણ માનીએ છીએ? એકાંતમાં જે છીએ એ જ લોકો વચ્ચે છીએ? ભક્તિના સમયે જે હૃદય હોય છે એ જ પારકાના દુઃખ વખતે રહે છે? આ પ્રશ્નોના જવાબમાં જ કદાચ આપણા રંગની સાચી ઓળખ છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# મનુષ્યના ભાગે આવેલી ભૂમિકા તેણે ભજવવી રહી માત્ર ઈશ્વર જ સર્વશ્રેષ્ઠ સૂત્રધાર-કલાકાર...

**પોતાને** મહાન માની રાજકારણમાં પદો - હોદ્દાઓનો લાભ ઉઠાવ્યો અને નેતા બન્યા.

- ખરો અભિનેતા 'સૂત્રધાર'ના કહેવા પ્રમાણે ભૂમિકા કરે, પણ પોતે નિર્લેપ જ રહે, ભજવવાની ભૂમિકા પ્રમાણે રંગાય નહીં, કારણ એનો ખરો 'સૂત્રધાર' તો સૂત્રધારોનો સૂત્રધાર છે અને તેનું અંગત જીવન તો અંતકરણમાં બેસેલા સૂત્રધારના કહેવા પ્રમાણે હોય છે, હોવું જોઈએ.

- જેમની પાસે ઉચ્ચ ધ્યેય - મિશન હોય તેવા કેટલાક 'સૂત્રધારો'ના કહેવા પ્રમાણે પોતાની અલગ પગદંડીઓ કોતરનાર અને એ પ્રમાણે ચાલનાર, ભૂમિકા કરનાર, ભજવનાર લીડરો, નેતાઓ પણ આ જગતમાં આવી ગયા અને આવતા રહેશે.

- તેમાંના કેટલાકનાં નામો ઉદાહરણ તરીકે આપું છુંઃ

* રાજા સિદ્ધાર્થમાંથી, ભગવાન બુદ્ધ, જિસસ, સંત રોહીદાસ, સંત કબીર, વાલિયામાંથી વાલ્મીકિ.

બૅરિસ્ટરમાંથી ગાંધીજી - લિંકન - મધર ટેરેસા - ઓશો - મીરાં - સોક્રેટિસ - પયગંબર (સંદેશવાહક) હઝરત મહમ્મદ સાહેબ, ભગવાન મહાવીર - જે. કૃષ્ણમૂર્તિ વગેરે વગેરે...

- આમાંના ઘણાને તેમના વર્તન માટે - કાર્ય કરવા માટે સગા - મિત્રો તથા પ્રજાનો ખોફ - ક્રોધ - ગુસ્સો, વહોરવો પડ્યો હતો...

પણ...

- તેઓ સર્વશક્તિમાન - સૂત્રધાર ઈશ્વરના આદેશ - કહેવા પ્રમાણે જ વર્ત્યા હતા અને પોતાની ભૂમિકાને પોતાના જીવનના ભોગે ન્યાય આપ્યો હતો.

- લગભગ અભિનેતા અને નેતાઓને જોનારી - સાંભળનારી પ્રજા રાજી થઈ તાળીઓ પાડે તે ગમે, પણ

- અમુકને જ 'સૂત્રધાર' ઈશ્વર રાજી થઈ શાબાશી આપે તે ગમે.

- માત્ર ઈશ્વર - પ્રભુ, અલ્લાહ જ નિર્લેપ રહીને - અદૃશ્ય રહીને પણ પોતાની 'કલાકાર' તરીકેની, નેતા તરીકેની, સહસ્ર ભૂમિકાઓ પોતે જ 'સૂત્રધાર હોવા છતાં ભજવી શકે.

- દેશ-વિદેશમાં ખ્યાતી ધરાવતા, સદીઓ જૂના અખબાર 'મુંબઈ સમાચાર' અને તેમાં છપાતા ન્યૂઝ - લેખો પૂર્તિઓમાંની એક અતિ લોકપ્રિય પૂર્તિ ધર્મતેજના વહાલા જિજ્ઞાસુ - શ્રદ્ધાળુ વાચક મિત્રો!

પૃથ્વી પરનું જીવન પણ રંગમંચ છે અને આપણે ભાગે પ્રસંગે પ્રસંગે આવતી ભૂમિકા આપણને જ ભજવવાની છે.

* ક્યારેક પુત્ર-પુત્રી રૂપે,
* ક્યારેક ભાઈ-બહેન,
* પતિ-પત્ની,
* દાદા-દાદી વગેરે વગેરે...!

- એ સર્વે ભૂમિકાઓ સર્વશ્રેષ્ઠ 'સૂત્રધાર' કે જે પ્રત્યેકના અંતકરણમાં બેઠો છે તેના કહેવા પ્રમાણે ઉત્તમ રીતે ભજવીએ.

- અંગત સ્વાર્થ, હિત રાખ્યા વગર નિર્લેપ રીતે, તોજ બધી ભૂમિકા ભજવવાની ભૂમિકા પ્રાપ્ત થાય.

- સર્વશ્રેષ્ઠ સૂત્રધારના હાથ નીચેના અભિનેતા બનવાનું મળ્યું છે તો ભૂમિકાઓની ચિંતા શા માટે...?

* * *

**પ્રેરણાતીર્થઃ**

***- મજબૂત મનવાળાને કોઈ મુશ્કેલી નડતી નથી. તે મુશ્કેલીને ક્યાંય ધકેલી દે છે...!*** ■

# ભારતને ‘વંદે માતરમ્’ ફળ્યું, વિજયી આરંભ કર્યો

## અર્શદીપના તરખાટ પછી અભિષેકની આતશબાજીઃ અફઘાનિસ્તાન ૮/૧૫૬, ભારત ૩/૧૫૭

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટરોએ અહીં ગઈ કાલે અરુણ જેટલી સ્ટેડિયમમાં ‘વંદે માતરમ્’ રાષ્ટ્ર ગીતના ઐતિહાસિક આયોજન અને ત્યાર પછી ‘જન ગણ મન’ સાથે સંપન્ન થયેલી પ્રારંભિક વિધિ પછી અફઘાનિસ્તાન સામે રમાયેલી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચમાં ૩૮ બૉલ બાકી રાખીને સાત વિકેટે જીતીને ૧-૦થી સરસાઈ મેળવી હતી. ભારતને ૧૫૭ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો જે ભારતે ૧૩.૪ ઓવરમાં ૩/૧૫૭ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

બોલિંગમાં અર્શદીપ સિંહ (૪-૦-૧૯-૩) સુપરસ્ટાર હતો તો બૅટિંગમાં ઓપનર અભિષેક શર્મા (૮૨ રન, ૩૨ બૉલ, સાત સિક્સર, સાત ફોર)એ રંગ રાખ્યો હતો. તેની અને ઇશાન કિશન (૪૨ રન, ૩૩ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે માત્ર ૫૩ બૉલમાં ૧૨૧ રનની ભાગીદારી થઈ હતી જે મૅચ-વિનિંગ નીવડી હતી.

અફઘાનિસ્તાને જીતવા ૧૫૭ રનનો લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ ભારતે સંજુ સૅમસન (૧૦ રન)ની વિકેટ વહેલી ગુમાવી હતી. વૈભવ સૂર્યવંશીને બદલે સૅમસનને રમાડવામાં આવ્યો, પણ તે આઠમા બૉલ પર જ કૅચઆઉટ થઈ ગયો હતો. અભિષેક-ઇશાનની લાંબી ભાગીદારી બાદ બન્નેએ ટૂંકા સમયમાં વિકેટ ગુમાવી ત્યાર પછી કૅપ્ટન શ્રેયસ ઐયર (આઠ રન) અને વાઇસ-કૅપ્ટન તિલક વર્મા (ત્રણ રન)ની જોડીએ ટીમ ઇન્ડિયાની નૌકા પાર કરી હતી.

એ પહેલાં, ભારતે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. બુમરાહ લગભગ બે મહિને પાછો રમવા આવ્યો અને આવતાંવેંત તેણે વિકેટ લીધી હતી. તેણે અફઘાનિસ્તાનના ભરોસાપાત્ર ઓપનર અને વિકેટકીપર રહમનુલ્લા ગુરબાઝને સિરીઝના બીજા જ બૉલમાં પ્રથમ સ્લિપમાં અભિષેક શર્માના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. અફઘાનિસ્તાનના ૮/૧૫૬ના સ્કોરમાં અઝમતુલ્લા ઓમરઝાઈ (૬૪ અણનમ, ૪૪ બૉલ, ચાર છગ્ગા, ચાર ચોગ્ગા)નું સૌથી મોટું યોગદાન હતું. તેની અને મોહમ્મદ નબી (૩૩ રન) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી થઈ હતી. અર્શદીપની ત્રણ વિકેટ ઉપરાંત બુમરાહ, અક્ષર તથા વરુણ ચક્રવર્તીને એક-એક વિકેટ મળી હતી. નીતીશ રેડ્ડી, શિવમ દુબે અને અભિષેક શર્મા વિકેટ નહોતા લઈ શક્યા.

# ભારતની ક્રિકેટ મૅચમાં પહેલી વખત ‘વંદે માતરમ્’, ત્યાર બાદ ‘જન ગણ મન’ ગાવામાં આવ્યું



નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચમાં રાષ્ટ્ર ગીત ‘વંદે માતરમ્’ ગાવામાં આવ્યું હોવાની પ્રથમ ઘટના બની છે. રવિવારે પાટનગર દિલ્હીમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચ શરૂ થઈ એ પહેલાં ત્રણ મિનિટ અને ૧૦ સેકન્ડનું ‘વંદે માતરમ્’ ગાવામાં આવ્યું હતું અને ત્યાર પછી બાવન સેકન્ડનું રાષ્ટ્ર ગીત ‘જન ગણ મન’ પણ ગાવામાં આવ્યું હતું.

બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને જણાવ્યું હતું કે ‘હવેથી વંદે માતરમ્ ઘરઆંગણે રમાનારી પ્રત્યેક સિરીઝની શરૂઆત પહેલાં (પ્રથમ મૅચના આરંભ પહેલાં) ગાવામાં આવશે.’

આ મૅચ દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમમાં રાખવામાં આવી છે. સિરીઝની બાકીની બન્ને મૅચ પણ આ જ સ્થળે રમાશે. સંસદમાં તાજેતરમાં જ ખરડો પસાર કરવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે દરેક સત્તાવાર ઇવેન્ટ પહેલાં રાષ્ટ્ર ગીત વંદે માતરમ્‌ના પ્રથમ છ સ્ટૅન્ઝા પ્લે કરવા. જોકે સરકારે જે ઇવેન્ટની યાદી બહાર પાડી હતી એમાં ખેલકૂદની ઇવેન્ટ્સ બાકાત રાખવામાં આવી હતી.

૧૮૭૦ના દાયકામાં બંકિમચંદ્ર ચૅટર્જીએ બંગાળીમાં ‘વંદે માતરમ્’ લખ્યું હતું. તાજેતરમાં ઠરાવમાં એવું પણ જણાવાયું હતું કે રાષ્ટ્ર ગીતનું અપમાન કરાશે તો એ કૃત્ય સજાપાત્ર ગુનો ગણાશે. માર્ગદર્શિકા મુજબ વંદે માતરમ્ રાષ્ટ્ર ગીત વાગી રહ્યું હોય ત્યારે દરેક વ્યક્તિએ ઊભા રહીને એ રાષ્ટ્ર ગીત પર જ ધ્યાન કેન્દ્રિત કરવું. ભારતના રાષ્ટ્ર ગીત બાદ અફઘાનિસ્તાનનું રાષ્ટ્ર ગીત પ્લે કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ મૅચ શરૂ થઈ હતી. ■

# હું માફ કરી શકું, પણ કદી ભૂલતી નથીઃ સ્મૃતિ



મુંબઈઃ સ્મૃતિ મંધાનાએ રવિવારે દુબઈના ટી-૨૦ એશિયા કપમાં શ્રીલંકા સામેની ફાઇનલમાં રમવાની તૈયારી કરી લીધી હતી એના થોડા કલાકો પહેલાં એક પોડકાસ્ટ પરનો તેનો ઇન્ટરવ્યૂ વાઇરલ થયો હતો. થોડા મહિના પહેલાં સિંગર પલાશ મુચ્છળ સાથે સ્મૃતિના લગ્ન થવાના હતા, પણ ગણતરીના દિવસો પહેલાં ચર્ચાસ્પદ કારણસર એ લગ્ન નહોતા થયા અને બન્ને વચ્ચે બ્રેક-અપ થઈ ગયું હતું. સ્મૃતિએ એ વિશે ૧૦ મહિનામાં કંઈ જ કહ્યું નથી. જ્યારે સ્મૃતિને પૂછવામાં આવ્યું કે શું તે લોકોને આસાનીથી માફ કરી દેતી હોય છે? સ્મૃતિએ એના દમદાર જવાબમાં કહ્યું, ‘હું માફ કરી શકું, પણ ક્યારેય ભૂલતી નથી.’ આનો અર્થ સ્પષ્ટ છે કે તે કોઈની પણ સાથે વાદવિવાદમાં ઊતર્યા વગર જીવનમાં આગળ વધવામાં માને છે, પણ તેની સાથે કોણે શું કર્યું એ ક્યારેય નથી ભૂલતી.

સ્મૃતિએ ઇન્ટરવ્યૂમાં હસતાં કહ્યું કે લોકો તેને બહારથી શાંત અને સરળ સ્વભાવવાળી સમજે છે, પણ અંદર તેનામાં બહુ ગુસ્સો ભર્યો હોય છે. જોકે અંગત જીવનમાં તે કોઈની સાથે બદલો લેવામાં નથી માનતી, તેને કોઈની પાસેથી સહાનુભૂતિની અપેક્ષા પણ નથી અને તે ઇચ્છતી પણ નથી કે તેને કોઈ બિચારી તરીકે ઓળખાવે.■

# મેન્સ જુનિયર હૉકીમાં ભારત સતત ચોથી વખત ચૅમ્પિયન

મૉકી (ચીન): અનમોલ એક્કાના સુકાનમાં ભારતે સાઉથ કોરિયાને ફાઇનલમાં ૪-૧થી હરાવીને સતત ચોથી વખત ગોલ્ડ મેડલના રૂપમાં જુનિયર મેન્સ હૉકીનો એશિયા કપ જીતી લીધો છે. રવિવારે રમાયેલી આ ફાઇનલ એકતરફી મુકાબલા જેવી બની ગઈ હતી. અગાઉ જે ત્રણ વખત (૨૦૧૫, ૨૦૨૩ અને ૨૦૨૪માં) આ ટૂર્નામેન્ટ યોજાઈ હતી એ તમામમાં ભારતે વિજેતાપદ મેળવ્યું હતું. પુરુષોના વર્ગમાં જુનિયર હૉકી એશિયા કપ ટૂર્નામેન્ટ સતત ચાર વખત જીતનાર ભારત પ્રથમ દેશ છે. એકંદરે ભારતે છ વખત આ સ્પર્ધા જીતી છે. ભારતે આ વિજેતાપદ સાથે જુનિયર હૉકીના વર્લ્ડ કપમાં સ્થાન મેળવી લીધું છે. પુરુષ ટીમના પ્રત્યેક ખેલાડી માટે હૉકી ઇન્ડિયાએ ત્રણ લાખ રૂપિયાનું અને સપોર્ટ સ્ટાફના પ્રત્યેક મેમ્બર માટે દોઢ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. ■

# રબાકિના નવી યુએસ ઓપન ચૅમ્પિયન અને નવી વર્લ્ડ નંબર-વનઃ વિક્રમજનક ૫૩ કરોડ રૂપિયાનું ઇનામ જીતી

## સબાલેન્કાથી હાર સહન ન થઈઃ રબાકિનાને ભેટ્યા પછી રૅકેટ પછાડીને તોડી નાખ્યું



ન્યૂ યૉર્કઃ મહિલા ટેનિસની વર્લ્ડ નંબર-ટૂ કઝાખસ્તાનની એલેના રબાકિનાએ શનિવારે યુએસ ઓપન ટેનિસની સિંગલ્સની બે કલાક ૨૧ મિનિટ સુધી ચાલેલી ફાઇનલમાં બેલારુસની વર્લ્ડ નંબર-વન અરીના સબાલેન્કાને ૬-૪, ૫-૭, ૬-૨થી હરાવીને પહેલી વખત આ ગ્રૅન્ડ સ્લૅમ ચૅમ્પિયનશિપનો તાજ જીતી લીધો હતો. રબાકિના આ જ વર્ષમાં ઑસ્ટ્રેલિયન ઓપન અને ૨૦૨૨માં વિમ્બલ્ડનનો તાજ જીતી હતી. રબાકિના અત્યાર સુધી વર્લ્ડ નંબર-ટૂ છે, પણ આ અઠવાડિયાથી તે સબાલેન્કાના હાથમાંથી વર્લ્ડ નંબર-વનની રૅન્ક પણ છીનવી રહી છે.

૨૭ વર્ષની રબાકિનાનું આ ત્રીજું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ હતું, જ્યારે ૨૮ વર્ષીય સબાલેન્કા સતત ત્રીજા વર્ષે યુએસ ઓપનના ટાઇટલથી વંચિત રહી હતી. સબાલેન્કા પાંચમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલથી પણ દૂર રહી ગઈ હતી. એટલું જ નહીં, યુએસ ઓપનમાં એકધારી ૧૯ મૅચ જીતવાની સબાલેન્કાની વિજયકૂચ પણ રબાકિનાએ રોકી દીધી હતી.

**કોને કેટલું ઇનામ મળ્યું?**

રબાકિના યુએસ ઓપનની ટ્રોફી સાથે પંચાવન લાખ ડૉલર (અંદાજે ૫૩ કરોડ રૂપિયા)નું વિક્રમજનક ઇનામ જીતી હતી. ગ્રૅન્ડ સ્લૅમ ટેનિસ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં આ સૌથી મોટું વ્યક્તિગત રોકડ ઇનામ છે. સબાલેન્કાને રનર-અપની ટ્રોફી સાથે ૨૮ લાખ ડૉલર (આશરે ૨૭ કરોડ રૂપિયા) મળ્યા હતા.

**સબાલેન્કાથી હાર કેમ સહન ન થઈ?**

બેલારુસની સબાલેન્કા સતત ત્રણ વર્ષ સુધી યુએસ ઓપનનું ટાઇટલ જીતનાર ત્રીજી મહિલા ખેલાડી બનવાની સિદ્ધિથી વંચિત રહી ગઈ એ બદલ પોતાના પર ગુસ્સે થઈ હતી. જોકે એ પહેલાં, મૅચ દરમ્યાન તેણે એક ગેમ હારી જતાં બૉલ સ્ટૅન્ડમાં ફેંક્યો હતો જેમાં એ બૉલ કૅમેરાને વાગ્યો હતો. મૅચ પછી વિજેતા રસાકિનાને ભેટ્યા બાદ સબાલેન્કા પોતાની જગ્યાએ બેઠી ત્યાર બાદ તેણે રૅકેટ પછાડીને તોડી નાખ્યું હતું. એ પહેલાં પણ તેણે ગુસ્સામાં ટેનિસ કોર્ટ પર રૅકેટ પછાડ્યું હતું.

**સબાલેન્કાને ૬૭ લાખ રૂપિયાનો દંડ થઈ શકે**

સબાલેન્કાએ બે વખત રૅકેટને નુકસાન પહોંચાડ્યું હતું. તેણે મૅચ બાદ રૅકેટ પછાડીને તોડી નાખ્યું હતું અને નજીકમાં ઉડેલો એનો એક ભાગ લઈને પોતાની બૅગમાં રાખી દીધો હતો. સબાલેન્કાએ બૉલ સ્ટૅન્ડમાં ફેંક્યો હતો. તેને આ બધા ગેરવર્તન બદલ ૭૭,૦૦૦ ડૉલર (આશરે ૬૭ લાખ રૂપિયા)નો દંડ થઈ શકે. ■

પહેલા પાનાનું ચાલુ

## ભારતીય મહિલા ક્રિકેટરો

હતી. જી. કમલિનીએ પાંચ બૉલમાં એક સિક્સર અને એક ફોરની મદદથી અણનમ ૧૫ રન બનાવીને ભારતને ૧૮૩ રનનું સન્માનજનક ટોટલ અપાવ્યું હતું. બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયા અને ઉપ-પ્રમુખ રાજીવ શુક્લા દુબઈ ગયા હોવાનો અહેવાલ ફાઇનલના પરિણામ પહેલાં જ વાઇરલ થઈ ગયો હતો. પાકિસ્તાનના મોહસિન નકવીની સ્ટેડિયમમાં હાજરીથી વિવાદ ઊભો બની શકે એવી ભીતિ ઘણાના મનમાં હતી. ■

# મહારાષ્ટ્રની હૉકી ખેલાડીએ ભારતને એશિયા કપની ટ્રૉફી અપાવી

## વર્લ્ડ કપમાં પહોંચાડ્યુંઃ દરેક ખેલાડીને ત્રણ લાખ રૂપિયાનું ઇનામ

મૉકી (ચીન): મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં ગઢિંગ્લજ તાલુકાના નૂલ ગામમાં રહેતી સનિકા ચંદ્રકાન્ત માને નામની હૉકી ખેલાડીએ અહીં ગઈ કાલે જુનિયર એશિયા કપમાં ચીન સામેની ફાઇનલમાં ૧૭મી મિનિટમાં જે ગોલ કર્યો એની મદદથી ખૈદમ ચાનુની કૅપ્ટન્સીમાં ભારતીય ટીમે છેવટે ૧-૦થી વિજય મેળવ્યો અને આ ટૂર્નામેન્ટની ટ્રૉફી (ગોલ્ડ મેડલ) જીતવાની સાથે જુનિયર હૉકી વર્લ્ડ કપ માટેનું ક્વૉલિફિકેશન પણ મેળવી લીધું હતું.

ભારત-ચીનની મહિલા ખેલાડીઓ વચ્ચે આ નિર્ણાયક મુકાબલામાં જોરદાર રસાકસી થઈ હતી, પરંતુ બીજા ક્વૉર્ટરની શરૂઆતમાં જ સનિકા માનેએ જે ગોલ કર્યો એ ભારતીય ટીમ માટે વરદાન સાબિત થયો હતો અને આ ગોલ ચીનની ટીમને પરાજય સુધી દોરી ગયો હતો. ભારત ડિફેન્ડિંગ ચૅમ્પિયન હોવાથી આ વખતે જીતીને ટ્રૉફી જાળવી રાખી છે અને વિજેતાપદની હૅટ-ટ્રિક કરી છે. ભારતીય મહિલા ટીમ આખા એશિયા કપમાં અપરાજિત રહી હતી. હૉકી ઇન્ડિયાએ ચૅમ્પિયન ટીમની દરેક ખેલાડી માટે ત્રણ લાખ રૂપિયાના અને સપોર્ટ સ્ટાફના પ્રત્યેક મેમ્બર માટે દોઢ લાખ રૂપિયાના ઇનામની જાહેરાત કરી છે. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.


## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દંભી | ઠોઠ |
| દક્ષ | ઉત્તર |
| દક્ષિણ | ટેકીલું |
| દખલ | વિશ્વાસુ |
| દગાબાજ | અનુકૂળ |


### શબ્દલાલિત્ય -



### આડી ચાવી

૧. નસીબદાર (૪)
૩. રોકડા પૈસા (૩)
૫. મોટામોટ કે લાગલું જ (૪)
૬. કકડી (૩)
૮. ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો (૩)
૧૦. તુલસી! --- ગરીબકી કભી ન ખાલી જાય (૨)
૧૧. શ્રાદ્ધને દિવસે કાગડાને નખાતું રાંધેલું અન્ન (૪)
૧૩. કિનાર (૨)
૧૪. પાંદડું (૨)
૧૫. ટેક, નેમ (૨)
૧૬. ઈન્સાફ (૨)
૧૭. પક્ષીઓનો મધુર ધ્વનિ (૪)
૧૮. એક જાતનાં દરિયાઇ પ્રાણીનું કોટલું (૨)
૧૯. ધજા (૩)
૨૦. યુક્તિ, પ્રબંધ (૩)
૨૨. ટકટક, નકામી માથાફોડ (૪)
૨૪. શણગાર, ઉપરનો ભપકો (૪)
૨૫. શક્તિવાન, જોરવાળું (૪)

### ગયા વખતનો ઉકેલ



### ઊભી ચાવી

૧. આસ્થાળુ, શ્રદ્ધાળુ (૩)
૨. રાજ્યકર્તા કે અમલદારને લગતું (૪)
૩. રુઆબ, દબદબો (૨)
૪. કટુતા (૪)
૫. તન્મય, તદ્દ્રૂપ (૪)
૭. શાણપણ (૪)
૯. ટેવ, લત (૩)
૧૨. નાવી, હજામ (૩)
૧૩. કોયલનો નર (૩)
૧૪. જેમાં ઝાડના પાન ખરે તે ઋતુ (૪)
૧૫. દરકાર, કાળજી (૩)
૧૬. યુક્તિ પ્રયુક્તિ (૪)
૧૭. અણીનો --- બારીક સમય (૪)
૧૮. વહેમી (૪)
૨૧. --- તેવી અસર (૩)
૨૩. એકદમ, ચટ લઈને (૨)

### માતૃભાષાની મહેક

વિક્રમ સંવતનો અગિયારમો મહિનો ભાદરવો ભાદ્રપદ નામે પણ ઓળખાય છે. ભાદરવાનું ચર્યું લીલું જ ભાળે કહેવતનો ભાવાર્થ છે સમૃદ્ધ હોય એને કાયમ સુખ જ દેખાય. ભાદરવાનો ભીંડો એટલે જુવાનીનો નવલોહિયો તોર, થોડા વખતની મોટાઈથી છકી ગયેલી વ્યક્તિ. થોડા વખતની મોટાઈનો ગર્વ, ઉદ્ધતાઈ એવો ભાવાર્થ છે.

### ગુજરાત મોરી મોરી રે

ઓસ્ટ્રેલિયન ટેક્નોલોજીની મદદથી બનાવેલી ડિઝાઈનથી સુશોભિત દેશનું સૌથી મોટું ગણેશ મંદિર કયા શહેરમાં સ્થિત છે?

અ) કરમસદ બ) અમરેલી
ક) મહેમદાવાદ ડ) વાંકાનેર

### ઈર્શાદ

*સાધુ સમરણ શું કરે સમરણ કેમ થાય,*
*જેને જોવા ઇચ્છા કરે, તે પોતાની માંય.*
*- અભરામ બાવા*

### ઓળખાણ પડી?



વિશ્વના સૌથી વિશાળ બુદ્ધ મંદિર તરીકે ખ્યાતિ ધરાવતું બોરોબુદુર બૌદ્ધ મંદિર એશિયાના કયા દેશમાં છે એની ઓળખાણ પડી?

અ) નેપાળ બ) જાપાન ક) ઈન્ડોનેશિયા ડ) શ્રીલંકા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘દુનિયા ઘણાને અત્યંત સૂક્ષ્મ ભાસે છે’ પંક્તિમાં સૂક્ષ્મનો અર્થ શું થાય એ જણાવો.

અ) અણગમતી બ) નાની ક) દૂર ડ) જડ

### માઈન્ડ ગેમ

ભાદરવા મહિનામાં શ્રાદ્ધ અને પિંડ દાન કરવામાં આવે છે. આ વિધિ માટે ભારતનું સૌથી પ્રખ્યાત અને પવિત્ર સ્થળ કયું છે?

અ) અમરાવતી બ) ગયા ક) ઉજ્જૈન ડ) ત્રિવેન્દ્રમ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૪ | | ૮ | | | | ૭ |
| ૭ | | | | ૨ | | | ૮ | ૫ |
| | | | ૭ | | | ૧ | ૯ | |
| | | ૮ | | ૧ | ૭ | | ૨ | |
| | ૩ | | ૮ | | ૨ | | ૧ | |
| | ૭ | | ૪ | ૯ | | ૮ | | |
| | ૮ | ૯ | | | ૩ | | | |
| ૩ | ૫ | | | ૭ | | | | ૬ |
| ૬ | | | | ૪ | | ૫ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૪ | ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૮ |
| ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૪ |
| ૫ | ૩ | ૨ | ૪ | ૬ | ૮ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૫ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૪ | ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૯ | ૮ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૪ | ૨ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| થાક | સ્ફૂર્તિ |
| થાપણ | ધિરાણ |
| થીજવું | ઓગળવું |
| થોડાબોલું | બોલકણું |
| થોડુંઘણું | પારાવાર |

**ગુજરાત મોરી મોરી રેઃ** અમદાવાદ

**ઓળખાણ પડી?** ઉત્તર પ્રદેશ

**માઈન્ડ ગેમ :** અજા એકાદશી

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** પ્રાશ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર મુલરાજ (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) મીનળ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) મહેશ એન. સંઘવી (૧૮) નેહુલ એમ. સંઘવી (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) નંદલાલ અ. ગોઠી (૨૨) ભાવના કર્વે (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) કમલ માતલિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) શિલ્પા શ્રોફ (૩૦) અંજુ ટોલિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) વિજય આસર (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) નીતા દેસાઈ (૪૬) મહેશ દોશી

# ગુજરાતના ૨૦૦ તાલુકાઓમાં મેઘમહેરઃ કપરાડા અને બરવાળામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો

અમદાવાદઃ ગુજરાતમાં ૧૩ સ્ટેમ્બરે ૨૦૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી રાજ્યના વિવિધ તાલુકાઓમાં વ્યાપક વરસાદ નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે મેઘમહેર જોવા મળી હતી, જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૩.૩૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે બોટાદના બરવાળામાં ૩.૨૭ ઇંચ, નવસારીના વાંસદામાં ૩.૧૯ ઇંચ, વલસાડના ધરમપુરમાં ૩.૧૯ ઇંચ અને સુરતના અંબિકા વિસ્તારમાં ૨.૬ ઇંચ વરસાદ નોંધાયો હતો. વલસાડના નાનાપોંઢા ૨.૫૨ ઇંચ અને નર્મદાના ગરુડેશ્વરમાં ૨.૪૮ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ૨ ઇંચથી વધુ વરસાદ થયો હતો. જેમાં દાહોદમાં ૨.૩૨ ઇંચ, ખેડામાં ૨.૨૮ ઇંચ, મહેસાણાના બેચરાજીમાં ૨.૧૭ ઇંચ, વલસાડના વાપીમાં ૨.૧૭ ઇંચ, નર્મદાના ડેડિયાપાડામાં ૨.૧૩ ઇંચ અને નવસારીમાં ૨.૦૯ ઇંચ વરસાદ વરસ્યો હતો. આ સિવાય બોટાદના રાણપુરમાં ૨.૦૫ ઇંચ, સુરતના ઉમરપાડામાં ૧.૯૭ ઇંચ તથા અમદાવાદના ધંધુકામાં ૧.૯૩ ઇંચ અને ખેડાના માતરમાં ૧.૮૯ ઇંચ વરસાદ નોંધાયો હતો. આંકડા પ્રમાણે ગઈ કાલે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર વધું હતું, જ્યારે બપોર પછી ખેડા, બોટાદ, અમદાવાદ અને મહેસાણા સહિતના મધ્ય અને ઉત્તર ગુજરાતના તાલુકાઓમાં વરસાદી માહોલ જામ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં અત્યારે ૩,૧૩,૦૯૯ એમસીએફટી એટલે કે ૯૩.૭૨ ટકા પાણીનો સંગ્રહ છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં કુલ ક્ષમતાના ૬૫.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતના કુલ ૧૭ ડેમમાં ૧૦૦ ટકા પાણી સંગ્રહ, ૧ ડેમ ૭૦ ટકાથી વધુ પાણી સંગ્રહ અને ૨૫ ડેમમાં ૫૦ ટકા થી ૭૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે. અત્યારે ધાતરવડી, પિગુત, ઢોલી, કેલિયા, જૂજ , લાલપરી અને દોસવાડા સહિત રાજ્યના ૩૪ ડેમ માટે હાઈ અલર્ટ પર છે. આ સાથે ૧૧ ડેમ અલર્ટ પર છે, જ્યારે ૧૩ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદમાં પણ ગઈકાલે સારો એવો વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન અમદાવાદના ખાડિયા વિસ્તારમાં મકાન ધરાશાયી થવાની ઘટના પ્રકાશમાં આવી હતી. લાલાભાઈની બારી પોળમાં અચાનક એક મકાન ધરાશાયી થઈ ગયું હતું. જેમાં કેટલાક લોકો દટાયા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું.

# મોરબીના માથક ગામે વીજળી પડતા માતા-પુત્રનું મોત, પંથકમાં શોકની લાગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મોરબીઃ જિલ્લાના માથક ગામમાં વીજળી પડતા એક મહિલા અને તેના ચાર વર્ષના પુત્રનું મોત થયું હતું.

આ ઘટના વાડી વિસ્તારમાં બની હતી, જ્યાં માતા મગફળીના ખેતરમાં પાણી વાળી રહી હતી. હળવદ તાલુકા પોલીસ સ્ટેશનને આ બનાવની જાણ કરવામાં આવી હતી. બાદમાં બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, માથક ગામમાં માતા અને પુત્ર વાડીમાં કામ કરી રહ્યા હતા.

આ દરમિયાન સાંજના સમયે પંથકમાં કડાકાભડાકા સાથે વરસાદી ઝાપટાં શરૂ થયા હતા.

વરસાદી માહોલ વચ્ચે મગફળીના ખેતરમાં કામ કરી રહેલી મહિલા મનકુબેન નાયક (ઉંમર ૨૮) અને તેમનો ચાર વર્ષનો દીકરો શ્યામ પર અચાનક આકાશી વીજળી પડી હતી.

# ગીર સોમનાથના ઊનામાં વાડીમાં કામ કરતા આધેડ પર દીપડાનો હુમલો ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ જિલ્લાના ઊના તાલુકાના ઊંટવાળા અને લુહારીમૌલી ગામ વચ્ચે આવેલા વાડી વિસ્તારમાં રવિવારે બપોરના સમયે દીપડાએ ૫૦ વર્ષીય આધેડ પર હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. વાડીમાં કામ કરી રહેલા નારણભાઈ શાર્દુલ ભાઈ વાઘેલા પર અચાનક દીપડો ત્રાટક્યો હતો. દીપડાએ નારણભાઈનો હાથ પોતાના જડબામાં દબોચી લેતાં તેઓએ બચાવ માટે બૂમાબૂમ કરી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને હાકલા-પડકારા કરતાં દીપડો નારણભાઈને છોડીને ત્યાંથી નાસી છૂટ્યો હતો. ત્યારબાદ લોહીલુહાણ હાલતમાં નારણભાઈને તાત્કાલિક સારવાર માટે ઊના સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ પણ ઉના સરકારી હૉસ્પિટલ ખાતે પહોંચી હતી અને સમગ્ર બનાવ અંગે માહિતી મેળવી હતી. નારણભાઈને હાથમાં ગંભીર ઈજા થઈ હોવાથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

આ હુમલાની ઘટનાને પગલે વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા ઘટનાને ગંભીરતાથી લઈ આસપાસના વિસ્તારમાં દીપડાની હિલચાલનું સ્કેનિંગ શરૂ કરવામાં આવ્યું છે. દીપડાની પકડવા માટે વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

### RMPU બીલો ડક્ટનું રિપ્લેસમેન્ટ

ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ડબ્લ્યુ), વેસ્ટર્ન રેલવે કેરિયેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, મુંબઈ-૪૦૦૦૧૩ આમંત્રિત કરે છે. ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ **EL/WA/PL/2026-27/09R.** કાર્યનું નામઃ કાર્યના સ્કોપ અને રેટના શેડ્યુલ પ્રમાણે એલએચબી ઈકોનોમી એસી ઈકોનોમી કોચીસના આરએમપીયુ બીલો ડક્ટનું મેટા અરામિડ ફેબ્રિક બીલો ડક્ટ વડે રિપ્લેસમેન્ટ. સંખ્યાઃ ૧૫૦ કોચીસ (૩૦૦ સેટ). કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. ૧૯,૨૪,૯૧૧/-. ઈએમડીઃ રૂ. ૩૮,૫૦૦/-. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ અને સમયઃ ૨૫-૦૯-૨૦૨૬ના ૧૨:૦૦ કલાક સુધી. ટેન્ડર ખોલવાનો સમયઃ ૨૫-૦૯-૨૦૨૬ના ૧૨.૩૦ કલાકે. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0592

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# 30-31 ઓક્ટોબરના રોજ એકતા નગર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી થશે, વડા પ્રધાન મોદી ઉપસ્થિત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક તથા આધુનિક ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર ના રોજ એકતા નગર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ૨૦૨૬ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે તા. ૩૧ ઓક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરવામાં આવશે.

આ વર્ષે રાષ્ટ્રીય એકતા પરેડને વિશાળ ફલક પર આયોજિત કરવામાં આવી રહી છે. પરેડમાં દેશભરના પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો, વિવિધ રાજ્યોના પોલીસ દળો, કલાકારો તથા વિવિધ બેન્ડ દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે.પરેડના માધ્યમથી ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોકકલા, પરંપરા અને રાષ્ટ્રીય એકતાના વૈવિધ્યસભર રંગોનું ભવ્ય નિદર્શન કરવામાં આવશે.

આ વર્ષની રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ભવ્ય, આકર્ષક અને યાદગાર બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણી દરમિયાન ભારતની એકતા, શક્તિ, અખંડિતતા અને વિવિધતામાં એકતાની ભાવનાનું ભવ્ય પ્રદર્શન જોવા મળશે.

રાષ્ટ્રીય એકતા દિવસ૨૦૨૬ની ઉજવણીને જનભાગીદારી સાથે જોડવાના ઉદ્દેશ્યથી ગત વર્ષની જેમ આ વર્ષે નાગરિકોને પણ રાષ્ટ્રીય એકતા પરેડમાં ઉપસ્થિત રહીને આ ભવ્ય રાષ્ટ્રીય પર્વના સાક્ષી બનવાની અનમોલ તક મળી છે. આ માટે વિશેષ લોન્ચ કરવામાં આવી છે.

નાગરિકો વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી જરૂરી માહિતી તથા દસ્તાવેજો અપલોડ કરી શકશે. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓથોરિટી દ્વારા નોંધાયેલા ઈ-મેઈલ સરનામે કન્ફર્મેશન/એન્ટ્રી પાસ મોકલવામાં આવશે.રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને નોંધણી 'વહેલા તે પહેલાં'ના ધોરણે કરવામાં આવશે.

# સુરતમાં મોબાઈલ ન મળતાં ૧૧ વર્ષીય બાળકીનો આપઘાત, ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી

અમદાવાદઃ બાળકોમાં વધી રહેલા મોબાઈલના વળગણનો એક અત્યંત કરુણ કિસ્સો સામે આવ્યો છે. સુરતના વરાછા વિસ્તારમાં આવેલ સહજાનંદ સોસાયટીમાં રહેતી ધોરણ-૬ની ૧૧ વર્ષીય રોલી કુશ્વાહ નામની બાળકીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક તપાસ પ્રમાણે રોલીને મોબાઈલ જોવાની ભારે કૂટેવ હતી. ઘટનાના દિવસે બપોરે તેણે માતા પાસે મોબાઈલ માગ્યો હતો, પરંતુ માતાએ ફોન આપવાનો ઇનકાર કરી પોતાની સાથે કામ પર આવવા કહ્યું હતું. આ વાતનું મનમાં માઠું લાગી આવતાં તેણે પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.

મૂળ મધ્ય પ્રદેશના મુરેનાના વતની અને સુરતમાં કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા વિજયભાઈ કુશ્વાહની મોટી પુત્રી રોલીએ ઘરના અન્ય સભ્યોની ગેરહાજરીમાં આ પગલું ભર્યું હતું. બપોરના સમયે પત્ની પણ પરિવારને આર્થિક ટેકો આપવા માટે નાના પુત્રને સાથે લઈને મજૂરી કામે ગઈ હતી. તે સમયે રોલીની બંને નાની બહેનો ઘરની બહાર ઓટલા પર રમી રહી હતી ત્યારે રોલીએ અંદરથી ઘરનો દરવાજો બંધ કરી કપડાં સૂકવવાની દોરી અને દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો.

બહાર રમી રહેલી બહેનોને ભૂખ લાગતાં તેમણે દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ દરવાજો ન ખૂલતાં તેઓ રડવા લાગી હતી. આ દરમિયાન માતા કામ પરથી ઘરે પહોંચી હતી અને આસપાસના લોકોની મદદથી દરવાજો ખોલી અંદર જોતાં રોલી લટકતી હાલતમાં મળી આવી હતી. જેથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

## પબ્લિક નોટિસ

### AC ૨૫ કેવી ટ્રેકશન લાગુ કરવાની અનધિકૃત વ્યક્તિઓને ચેતવણી

પશ્ચિમ રેલવેના મુંબઈ વિભાગના પૂર્ણ વિભાગ પર સ્થિત રેલવે લાઈન અને પરિસરના તમામ વપરાશકર્તાઓને સૂચના આપવામાં આવે છે કે સેકશન સામે ઉલ્લેખિત તારીખે અથવા તે પછીની તારીખથી ૨૫૦૦૦ વોલ્ટ, ૫૦ સાઈકલ એસી ઓવરહેડ સેકશન લાઈનને હંમેશાં લાઈવ ગણવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિ ઉક્ત ઓવરહેડ લાઈનની નજીક અવલોકન અથવા કામ કરશે નહીં.

| સેકશન | તારીખ |
|---|---|
| મહાલક્ષ્મી ઈએમયુ વર્કશોપ અને લોઅર પરેલ ડીએનએલ વચ્ચે રેલ સ્ટેશન કિ.મી. ૭/૮ અને ૭/૧૧ડી વચ્ચે. | ૨૫.૦૯.૨૦૨૬ |

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
0593

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ X.com/WesternRly

## પબ્લિક નોટિસ

આથી તમામ જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, એડન હોલ, વરલી, મુંબઈ ૪૦૦૦૩૪ ખાતે સરનામું ધરાવતા **ખુશરો ફેદૂન મહેતા,** જેઓ સ્વર્ગસ્થ ડો. (કુમારી) કેતાયુન માંચેરશા ગિલ્ડરની એસ્ટેટના એકમાત્ર વહીવટકર્તા (એક્ઝિક્યુટર) અને ટ્રસ્ટી છે, તેમની મારફતે સદર એસ્ટેટની જમીન, બાંધકામો અને પરિસર તથા રાઈટ ઓફ વે, જેનું વધુ વિગતવાર વર્ણન નીચે દર્શાવેલ **પ્રથમ પરિશિષ્ટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય** ભાગમાં કરવામાં આવેલ છે (જેને હવે પછી સામૂહિક રીતે ''**સદર મિલકતો**'' તરીકે સંબોધવામાં આવશે), તેના માલિકી હક્ક (ટાઇટલ)ની અમે તપાસ કરી રહ્યા છીએ. સદર ખુશરો ફેદૂન મહેતાએ એવી રજૂઆત કરી છે કે તેઓ સદર મિલકતોનું વેચાણ કરવા, તબદીલ કરવા અને સોંપણી કરવા માટે સંપૂર્ણ સત્તા અને અધિકાર ધરાવે છે, તેમ જ સદર મિલકતો નીચે દર્શાવેલ પ્રથમ પરિશિષ્ટમાં **ચોથા ભાગ**માં દર્શાવેલા અને ઉલ્લેખિત વર્તમાન કબજા/ભાડુઆત હક્કોને આધીન રહીને, કોઈ પણ ત્રાહિત પક્ષના તમામ પ્રકારના હક્કો, દાવાઓ, બોજાઓ અને ચાર્જિસથી સંપૂર્ણપણે મુક્ત છે.

સદર ખુશરો ફેદૂન મહેતાએ એવી પણ રજૂઆત કરી છે કે સદર મિલકતોના અસલ માલિકી દસ્તાવેજો, જેની વધુ વિગતો નીચે દર્શાવેલ **બીજા પરિશિષ્ટ**માં આપવામાં આવી છે, તે તેમના કબજામાં નથી અને યોગ્ય તેમ જ ખંતપૂર્વકની તપાસ કરવા છતાં ખોવાઈ ગયેલ છે/અન્યત્ર મુકાઈ ગયેલ છે અને/અથવા મળી આવતા નથી (**''અસલ માલિકી દસ્તાવેજો''**), તેમ જ તે દસ્તાવેજો કોઈ પણ વ્યક્તિ/વ્યક્તિઓ કે સંસ્થા પાસે સમન્યાયિક સુરક્ષા (ઇક્વિટેબલ સિક્યોરિટી) તરીકે કે અન્ય કોઈપણ રીતે મિલકત પર બોજો ઊભો કરવા માટે જમા કરાવવામાં આવ્યા નથી.

તમામ સંસ્થાઓ/વ્યક્તિઓ, જેમાં કોઈ પણ બૅન્ક અને અથવા નાણાકીય સંસ્થા અથવા નિયમનકારી સત્તામંડળો અથવા ટ્રસ્ટો કે જાહેર જનતા શામેલ છે, જેઓ સદર મિલકતો અથવા તેના કોઈ પણ ભાગ/ભાગો અને અથવા સદર મિલકતો કે તેના કોઈ પણ ભાગના એફ.એસ.આઈ. / ટી.ડી.આર. પર નિયમન, વેચાણ, બદલી, લીઝ, સબ-લીઝ, એસાઈનમેન્ટ, ગીરો, ચાર્જ, લીયન, વારસાગત હક્ક, બક્ષિસ, ભરણપોષણ, ઇઝમેન્ટ, ટ્રસ્ટ, ભાડુઆત હક્ક, પેટા-ભાડુઆત હક્ક, લાઈસન્સ, ભોગવટો, કબજો, કેર-ટેકર આધાર, કૌટુંબિક વ્યવસ્થા/સમાધાન, અદાલત કે નિયમનકારી સત્તામંડળના હુકમનામા કે આદેશ, કરાર/સમજૂતી, ડેવલપમેન્ટ રાઈટ્સ, ભાગીદારી, કોઈ પણ લખાણ અને/અથવા વ્યવસ્થા કે અન્ય કોઈ પણ રીતે કોઈ પણ હક્ક, માલિકી હક્ક, લાભ, હિતસંબંધ, વાંધો, વિરોધ, ક્લેમ કે માગ ધરાવતા હોય, અને/અથવા અસલ માલિકી દસ્તાવેજોનો કબજો ધરાવતા હોય, તેઓએ આ નોટિસની તારીખથી ૨૧ (એકવીસ) દિવસની અંદર, પુરાવાના સમર્થનરૂપ દસ્તાવેજો સાથે, નીચે જણાવેલા સરનામે અને ઈમેઇલ આઇડી પર લેખિતમાં નીચે સહી કરનારને જાણ કરવી. જો તેમ નહીં કરવામાં આવે, તો તેવો કોઈ પણ હક્ક, વાંધો, વિરોધ, ટાઈટલ, લાભ, હિતસંબંધ, ક્લેમ અને/અથવા માગ, જો કોઈ હોય તો, તમામ હેતુઓ માટે જતો કરેલ છે અને/અથવા છોડી દીધેલ છે તેમ માની લેવામાં આવશે.

**ઉપર ઉલ્લેખિત પ્રથમ પરિશિષ્ટ**

(સદર મિલકતોનું વર્ણન)

**પ્રથમ**

(સદર જમીન અને તેના પરના બાંધકામનું વર્ણન)

રિડીમ્ડ પેન્શન અને ટેક્સવાળી તમામ જમીન કે ગ્રાઉન્ડનો ટુકડો અથવા પ્લોટ, તેના પર આવેલા બે મકાનો અથવા રહેણાંક ઘરો સહિત, જે ૬૭-એફ અને ૬૭-જી, **ગિલ્ડર હાઉસ** તરીકે ઓળખાય છે, જે બોમ્બે ટાપુમાં મુંબઈના રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટમાં ભુલાભાઈ દેસાઈ રોડની પૂર્વ બાજુએ આવેલ છે, જેનું માપ આશરે ૨૪૮૪.૭૨ ચોરસ વાર એટલે કે ૨૦૭૭ ચોરસ મીટર અથવા તેની આસપાસ છે અને અન્ય જમીન સાથે કલેક્ટર ઑફ લૅન્ડ રેવન્યુના ચોપડે જૂના નંબર ૩૩૧, ૬૬૧, ૬૭૬, ૭૭૭ અને ૧૭, નવા નંબર ૩૪૩૬ અને એ/૮૭, જૂના સર્વે નંબર ૭૦ અને ૮૩, નવો સર્વે નંબર ૧/૭૧૩૨ અને કેડેસ્ટ્રલ સર્વે નંબર ૬૯૬ (મુંબઈના કલેક્ટર દ્વારા જણાવ્યા મુજબ સાચો સી.એસ. નંબર ડિવિઝન મલબાર અને કમ્બાલા હિલ તારીખ ૧૭ જૂન ૧૯૩૭ મુજબ ૬/૬૯૬ છે) હેઠળ નોંધાયેલ છે અને કલેક્ટર મ્યુનિસિપલ રેટ્સ એન્ડ ટેક્સીસના ચોપડે ડી વોર્ડ નંબર ૩૫૧૨(૧)/જી સ્ટ્રીટ નંબર ૧ અને ડી વોર્ડ નંબર ૩૫૧૨(૨)/એફ સ્ટ્રીટ નંબર ૧એ હેઠળ નોંધાયેલ છે, જે મલબાર-કમ્બાલા ડિવિઝન વોર્ડ 'ડી', મુંબઈ ૪૦૦૦૨૬, મુંબઈ શહેર, ટાપુ અને રજિસ્ટ્રેશન જિલ્લામાં આવેલ છે, તેના પર આવેલાં બાંધકામો સહિત જે ''ગિલ્ડર હાઉસ'' છે, જેમાં ગ્રાઉન્ડ વત્તા ૪ (ચાર) ઉપલા માળ ધરાવતી ઈમારત નંબર ૬૭-એફ અને ગ્રાઉન્ડ વત્તા ૩ (ત્રણ) ઉપલા માળ ધરાવતી ઈમારત નંબર ૬૭-જીનો સમાવેશ થાય છે અને જેની બાંધણી નીચે મુજબ છેઃ

પૂર્વમાં અથવા તે તરફઃ તત્કાલીન સ્વર્ગસ્થ જસ્ટિસ બદરુદ્દીન તૈયબજીની મિલકત આવેલી છે.

પશ્ચિમમાં અથવા તે તરફઃ આંશિક રીતે એસ્ટેટનો પ્લોટ નંબર ૩ અને આંશિક રીતે ભુલાભાઈ દેસાઈ રોડથી ૨૦ ફૂટ પહોળો રસ્તો આવેલો છે.

ઉત્તરમાં અથવા તે તરફઃ વેસ્ટફિલ્ડ તરીકે ઓળખાતી નામદાર કાશ્મીરના મહારાજાની તત્કાલીન મિલકત આવેલી છે.

દક્ષિણમાં અથવા તે તરફઃ આંશિક રીતે શ્રી દારાબશા પી. દુબાશને લીઝ પેટે આપવા નક્કી થયેલ એસ્ટેટનો પ્લોટ નંબર ૫ અને આંશિક રીતે બી.ડી. પેટિટ પારસી જનરલ હોસ્પિટલ આવેલી છે.

**દ્વિતીય**

(ઉપરોક્ત ''ગિલ્ડર હાઉસ'' તરીકે ઓળખાતી ઈમારતમાં એસ્ટેટના કબજા હેઠળના પરિસર અને ગેરેજનું વર્ણન)

| અનુ. નં | ફ્લેટ નં. | માળ | ગેરેજ | કાર્પેટ એરિયા (ચોરસ મીટર) | ઈમારત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | પહેલો | ૮ | ૧૯૫.૬૯ | ૬૭-જી ગિલ્ડર હાઉસ |
| ૨ | ૩ | બીજો | ૬ | ૧૯૫.૬૯ | ૬૭-જી ગિલ્ડર હાઉસ |
| ૩ | ૪ | ત્રીજો | ૨ | ૧૯૫.૬૯ | ૬૭-જી ગિલ્ડર હાઉસ |
| ૪ | ૫ | ચોથો | ૩, ૫ | ૩૦૯.૪૨ | ૬૭-એફ ગિલ્ડર હાઉસ |

**તૃતીય**

(રાઈટ ઓફ વેનું વર્ણન)

પેન્શન અને ટેક્સ રિડીમ્ડ ખુલ્લી જમીન કે ગ્રાઉન્ડનો તમામ ટુકડો અથવા પ્લોટ જે રસ્તા તરીકે વપરાય છે, જે બોમ્બે ટાપુમાં બોમ્બેના રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટમાં ભુલાભાઈ દેસાઈ રોડની પૂર્વ બાજુએ આવેલ છે, જેનું માપ આશરે ૧૧૩૬ ચોરસ વાર એટલે કે ૯૪૯.૮૩ ચોરસ મીટર અથવા તેની આસપાસ છે અને અન્ય જમીન સાથે કલેક્ટર ઑફ લૅન્ડ રેવન્યુના ચોપડે જૂના નંબર ૩૩૧, ૬૬૧, ૬૭૬, ૭૭૭ અને ૧૭, નવા નંબર ૩૪૩૬ અને એ/૮૭૮, જૂના સર્વે નંબર ૭૦ અને ૮૩, નવો સર્વે નંબર ૧/૭૧૩૨ અને કેડેસ્ટ્રલ સર્વે નંબર ૬૯૬ (મુંબઈના કલેક્ટર દ્વારા જણાવ્યા મુજબ સાચો સી.એસ. નંબર ડિવિઝન મલબાર અને કમ્બાલા હિલ તારીખ ૧૭ જૂન, ૧૯૩૭ મુજબ ૩/૬૯૬ છે) હેઠળ નોંધાયેલ છે અને જેની બાંધણી નીચે મુજબ છે, એટલે કેઃ

પૂર્વમાં અથવા તે તરફઃ આંશિક રીતે પ્રથમ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકત અને આંશિક રીતે ક્લોક વિલા તરીકે ઓળખાતી મિલકત આવેલી છે.

પશ્ચિમમાં અથવા તે તરફઃ ભુલાભાઈ દેસાઈ રોડ આવેલો છે.

દક્ષિણમાં અથવા તે તરફઃ આંશિક રીતે પ્રથમ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકત આવેલી છે.

ઉત્તરમાં અથવા તે તરફઃ બ્રીચ કેન્ડી મેન્શન, વિલા સાયરા, વિલા ફાતિમા અને વિલા રૂખિયા તરીકે ઓળખાતી મિલકતો આવેલી છે.

**ચોથું**

(કબજેદારો / ભાડુઆતોની યાદી)

| અનુ. નં. | હાલના કબજેદાર | ફ્લેટ નં. | માળ | ગેરેજ | કાર્પેટ એરિયા (ચોરસ મીટર) | ઈમારત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડો. ગિરીશ લાડ (મિસિસ માણિક લાડ - મૃતક ભાડુઆત) | ૧ | ગ્રાઉન્ડ | ૭ | ૨૮૩.૬૮ | ૬૭-એફ ગિલ્ડર હાઉસ |
| ૨ | સુશ્રી દીના વાડિયા (શ્રી ખુશરો વાડિયા -- મૃતક ભાડુઆત) | ૨ | પહેલો | ૯ | ૨૮૩.૬૮ | ૬૭-એફ ગિલ્ડર હાઉસ |
| ૩ | લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ (દાવા હેઠળ / મુકદ્દમા હેઠળ) | ૩ | બીજો | ૪ | ૨૮૩.૬૮ | ૬૭-એફ ગિલ્ડર હાઉસ |
| ૪ | સ્વ. મિસિસ જેરી એસ. ડોક્ટરનો પરિવાર (મૃતક ભાડુઆત) | ૪ | ત્રીજો | ૧ | ૨૮૩.૬૮ | ૬૭-એફ ગિલ્ડર હાઉસ |
| ૫ | મિસિસ રોશન દારા સિનોર (મિસિસ શેરુ એફ. નાનાવટી- મૃતક ભાડુઆત) | ૧ | ગ્રાઉન્ડ | કંઈ નહીં | ૧૮૦.૬૯ | ૬૭-જી ગિલ્ડર હાઉસ |

**ઉપર ઉલ્લેખિત બીજું પરિશિષ્ટ**

(ખોવાયેલા અસલ માલિકી દસ્તાવેજોની યાદી)

૧. નેશનલ બૅન્ક ઑફ ઇન્ડિયા લિમિટેડ અને સુલેમાન હાજી અહેમદ ઉમર તથા બાઈ હીરાબાઈ માંચેરશા ગિલ્ડર અને અન્ય વચ્ચે તારીખ ૪ ફેબ્રુઆરી ૧૯૩૭નો કન્વેયન્સ દસ્તાવેજ, જે અનુક્રમ નંબર ૨૩૮૫/૧૯૩૭ હેઠળ નોંધાયેલ છે.
૨. નેશનલ બૅન્ક ઑફ ઇન્ડિયા લિમિટેડ અને સુલેમાન હાજી અહેમદ ઉમર તથા બાઈ હીરાબાઈ માંચેરશા ગિલ્ડર અને અન્ય વચ્ચે રાઇટ ઓફ વેઅંગેનો તારીખ ૪ ફેબ્રુઆરી ૧૯૩૭નો ઇન્ડેન્ચર દસ્તાવેજ.
૩. બાઈ હીરાબાઈ માંચેરશા ગિલ્ડરના તારીખ ૧ ઑગસ્ટ ૧૯૫૮ના છેલ્લા વસિયતનામાનું પ્રોબેટ, જે તારીખ ૯ ઑગસ્ટ ૧૯૭૩ના રોજ મંજૂર કરવામાં આવેલ છે.
૪. ડો. (કુમારી) કેતાયુન માંચેરશા ગિલ્ડર (વહીવટકર્તા તરીકે) અને ડો. (કુમારી) કેતાયુન માંચેરશા ગિલ્ડર (લાભાર્થી તરીકે) વચ્ચે થયેલ તારીખ ૨૭ જાન્યુઆરી ૧૯૭૭નો ટ્રાન્સફર દસ્તાવેજ (ઇન્ડેન્ચર ઑફ ટ્રાન્સફર).
૫. ડો. માંચેરશા ધનજીભાઈ દોરાબજી ગિલ્ડરના તારીખ ૨૭ સપ્ટેમ્બર ૧૯૭૪ના છેલ્લા વસિયતનામાનું પ્રોબેટ, જે તારીખ ૮ સપ્ટેમ્બર ૧૯૮૨ના રોજ મંજૂર કરવામાં આવેલ છે.

**તારીખઃ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬**

**જાની એન્ડ પરીખ** વતી,
**નીરવ સી. જાની,** પાર્ટનર
એડવોકેટ્સ એન્ડ સોલિસિટર,
૩૧૧, દલામલ ટાવર્સ, ૨૧૧, ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦ ૦૨૧.
ઈમેઈલઃ nirav@janiparikh.in

# સુરતની પી.પી. સવાણી ગર્લ્સ હૉસ્ટેલમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનિંગ, વાલીઓમાં ભારે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના અબ્રામા વિસ્તારમાં આવેલી પી.પી. સવાણી ગર્લ્સ હોસ્ટેલમાં શનિવારે રાત્રિના સમયે ભોજન લીધા બાદ અચાનક ૧૦૦થી વધુ વિદ્યાર્થિની તબિયત લથડી હતી. ભોજન કર્યા બાદ વિદ્યાર્થિનીઓને ઝાડા-ઊલટી જેવી તકલીફો શરૂ થતાં હોસ્ટેલ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પરિસ્થિતિ વણસતાં સારવાર અર્થે વિદ્યાર્થિનીઓને બસો અને અન્ય ખાનગી વાહનો મારફતે તાત્કાલિક શહેરની અલગ-અલગ હૉસ્પિટલોમાં ખસેડવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં જ વાલીઓ પણ મોડી રાત્રે જ હોસ્ટેલ પરિસરમાં દોડી આવ્યા હતા.

આ ઘટના અંગે વાલીઓએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. હૉસ્ટેલ તંત્ર તરફથી સ્પષ્ટતા આપવાને બદલે આ બાબતને ઢાંકવાનો પ્રયાસ કરાયો હોવાનો પણ વાલીઓએ આક્ષેપ કર્યો હતો. દીકરીઓના સ્વાસ્થ્ય અંગે કરવામાં આવેલી બેદરકારી અંગે વાલીઓએ પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં પરંતુ હોસ્ટેલના ભોજન વ્યવસ્થાપન સામે ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા હતા.

હૉસ્ટેલના ભોજન વ્યવસ્થાપન સામે ગંભીર આરોપ લગાવતાં વાલીઓએ જણાવ્યું હતું કે, અહીં લાંબા સમયથી બપોરનું વાસી ભોજન પીરસવામાં આવે છે. બપોરનું વધેલું ભોજન સાંજે આપી દેવું કે કેટલીકવાર માત્ર કોરા ભાત આપીને દિવસ પૂર્ણ કરાવી દેવાની ફરિયાદો અવારનવાર બાળકો કરતા હોય છે. વાર્ષિક રૂપિયા બે લાખ જેટલી માતબર ફી વસૂલવામાં આવતી હોવા છતાં બાળકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરવામાં આવી રહ્યો હોવાથી, રસોડા વિભાગ અને મેસ સંચાલકો સામે તાત્કાલિક કડક તપાસ કરી કાયદેસરના પગલાં ભરવાની માગણી કરવામાં આવી હતી.

# કચ્છમાં રાષ્ટ્રીય લોકઅદાલતમાં ૧૦,૪૯૧ કેસોનો નિકાલઃ ₹ ૨૬.૬૫ કરોડનું વળતર મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત હાઈ કોર્ટ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દિલીપ મહિડાની રાહબરી હેઠળ સમગ્ર કચ્છ જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોકઅદાલતમાં કુલ ૧૦,૪૯૧ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો. આ લોકઅદાલતમાં વિવિધ અકસ્માત અને દાવાની અરજીઓમાં કુલ રૂપિયા ૨૬.૬૫ કરોડનું વળતર મંજૂર કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ અને સિનિયર સિવિલ જજ એ.એમ. પાટડિયાના જણાવ્યા મુજબ, પ્રિ-લિટીગેશનના ૫,૭૫૧, સમાધાનલાયક ૧,૧૭૦ અને સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સીટિંગમાં ૩,૫૭૦ કેસો પતાવવામાં આવ્યા હતા. અકસ્માત વળતરના એક કિસ્સામાં એડવોકેટ જી.એન. ઝવેરી, અજય સાહેદાણી અને ઈન્સ્યોરન્સ અધિકારી દીપ દવેના પ્રયાસોથી અરજદારને ગો ડિજિટ કંપની તરફથી રૂ.૧.૩૦ કરોડ તથા અન્ય કેસમાં વકીલ એમ.બી. ખટાણા અને જિજ્ઞેશ રાવલની મધ્યસ્થીથી ટાટા એઆઈએજી કંપની તરફથી રૂ.૫૮ લાખનું વળતર ચૂકવવાનો સુખદ આદેશ થયો હતો.

બીજી તરફ, ફેમિલી કોર્ટમાં મૂકવામાં આવેલા ૨૧૯ કેસો પૈકી ૧૪૮ કેસોનો નિકાલ કરાયો હતો. ભુજ ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ જે.એ. ઠક્કર, એડવોકેટ એન.આર. સીજુ અને કાઉન્સિલર દીપ્તીબેન અજાણીના કાઉન્સેલિંગથી ૧૬ વર્ષનું લગ્નજીવન અને ત્રણ બાળકો ધરાવતા નોકરિયાત દંપતી સહિત ૧૧ પરિવારો વચ્ચેના મતભેદો ઉકેલી પુનઃસંસાર શરૂ કરાવાયો હતો. ન્યાયાધીશો, વકીલો અને સ્ટેક હોલ્ડર્સના સહિયારા પ્રયાસોથી આ લોકઅદાલત અભૂતપૂર્વ રીતે સફળ રહી હતી.

## વેપાર વાણિજ્ય

# ઈન્ફ્લેશનના ઉકળાટ, ફેડરલના ફફડાટ અને ક્રૂડના વલણ પર રહેશે બજારની દિશાનો આધાર

મુંબઇઃ બ્રિક્સ દેશોની પરિષદ ભલે રંગેચંગે યોજાઇ હોય, પરંતુ તેનાથી વૈશ્વિક પરિસ્થિતિ બદલાઈ નથી. ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને જીઓપોલિટિકલ પરિસ્થિતિ યથાવત ચિંતાજનક રહી હોવાને કારણે બજારમાં સાવચેતીનું માનસ પણ યથાવત જ રહેવાનું છે. આ ઉપરાંત બજારમાં પ્રવાહિતા ભરપૂર છે, એ ખરું પરંતુ તાજેતરમાં મૂડીબજારમાં જે આઇપીઓનું ઘોડાપૂર આવ્યું છે, તેની પણ સેકન્ડરી માર્કેટ પર અસર પડી શકે છે. જોકે, હાલ શેરબજારનું દૂરબીન ફરી અમેરિકા તરફ મંડાયું છે.

પાછલા સપ્તાહ દરમિયાન બજારો નોંધપાત્ર દબાણ હેઠળ રહ્યા હતા. મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો થવાને કારણે ફુગાવા, વૈશ્વિક વ્યાજ દરો અને આર્થિક વૃદ્ધિ અંગે ચિંતાઓ વધી ગઈ હોવાથી નિફ્ટી-૫૦ એ તેનો સાપ્તાહિક ઘટાડાનો સિલસિલો સતત પાંચ અઠવાડિયા સુધી લંબાવ્યો હતો. ગયા સપ્તાહમાં, બીએસઇનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૭૩૩.૬૭ પોઈન્ટ અથવા ૨.૨૬ ટકા ગગડ્યો હતો અને એનએસઇના બેન્ચમાર્ક નિફ્ટીમાં ૪૯૯.૬ પોઈન્ટ અથવા ૨ ટકાનો ઘટાડો થયો હતો.

ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને લાંબા ગાળાના ભૂરાજકીય તણાવને કારણે ઉર્જા-આધારિત ફુગાવાની ચિંતાઓ વધુ મજબૂત બની હોવાથી રોકાણકારો હવે વ્યાજદરના સંકેત માટે મુખ્ય યુએસ ફુગાવાના ડેટાની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, વધતી જતી વૈશ્વિક બોન્ડ યીલ્ડ, બેન્ક ઓફ જાપાનના રેટમાં વધારાની ધારણાં સાથે મજબૂત યેનની વચ્ચે સંભવિત યેન કેરી ટ્રેડ અંગેની ચિંતાઓ ઉપરાંત, ઉભરતા બજારોમાં મૂડી પ્રવાહને દબાણ હેઠળ રાખે એવી શક્યતા બજારમાં મોટી તેજી માટે અવકાશ નથી બતાવતી. રોકાણકારોનું ધ્યાન ક્રૂડ ઓઇલના ભાવમાં અસ્થિરતા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ઓગસ્ટના મજબૂત ઇક્વિટી ફંડ ફ્લો ડેટા અને એસઆઇપી સ્ટોપેજ રેશિયોમાં મધ્યસ્થતાએ બજારોને ટેકો આપ્યો હોવા છતાં, રૂપિયાના ઘટાડા અને સ્થાનિક બોન્ડ યીલ્ડમાં મજબૂતીથી સેન્ટિમેન્ટ ખરડાયેલું છે.

વિશ્લેશકોના મતે, ગણેશ ચતુર્થીની રજાને કારણે ટૂંકા ગાળાના આ સપ્તાહમાં યુએસ ફેડરલનો વ્યાજ દર અંગેનો નિર્ણય, ફુગાવાના આંકડા અને ઓઇલના ભાવ બજારની ગતિવિધિ નક્કી કરશે. આગામી સપ્તાહમાં શેરબજારની ચાલ માટે યુએસ ફેડરલ રિઝર્વનો વ્યાજ દર અંગેનો નિર્ણય, સ્થાનિક ફુગાવાના આંકડા, ક્રૂડ ઓઈલના ભાવ અને પશ્ચિમ એશિયામાં થતી ઘટનાઓ મુખ્ય પરિબળો રહેશે.

ગણેશ ચતુર્થી નિમિત્તે સોમવારે શેરબજાર બંધ રહેશે. વૈશ્વિક સ્તરે,

**ફોર કાસ્ટ**
**નિલેશ વાઘેલા**

યુએસ-ઈરાન સંઘર્ષમાં થતા ફેરફારો અને બ્રેન્ટ ક્રૂડના ભાવમાં થતી હિલચાલ બજાર માટે મહત્વપૂર્ણ પરિબળો બની રહેશે. આ સપ્તાહ દરમિયાન યુએસ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિ અંગેનો નિર્ણય અને વ્યાજ દરોની ભાવિ દિશા અંગેની ટિપ્પણીઓ મુખ્ય કેન્દ્રસ્થાને રહેશે. સ્થાનિક મોરચે, ઓગસ્ટ મહિનાના ડબલ્યુપીઆઇ (જથ્થાબંધ ભાવ સૂચકાંક) અને સીપીઆઇ (ગ્રાહક ભાવ સૂચકાંક) ફુગાવાના આંકડા તેમજ બેરોજગારી અને વેપાર સંતુલનના આંકડા પર નજર રહેશે. તાત્કાલિક ધ્યાન યુએસ ફુગાવા અને ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય પર રહેશે. ૧૧ સપ્ટેમ્બરના ફુગાવાના અહેવાલમાં હેડલાઇન સીપીઆઇમાં માસિક ધોરણે ૦.૪ ટકાનો વધારો અને વાર્ષિક ધોરણે તે ૩.૪ ટકા પર સ્થિર હોવાનું જણાયું હતું, જ્યારે કોર ફુગાવામાં અગાઉના મહિનાની સરખામણીએ ૦.૩ ટકાનો વધારો થયો હતો, પરંતુ વાર્ષિક ધોરણે તે ઘટીને ૨.૪ ટકા થયો હતો.

માસિક આંકડામાં મજબૂત ફુગાવાના જોખમોને મહત્વપૂર્ણ બનાવે છે અને ખાસ કરીને જો ફેડરલ રિઝર્વ કડક વલણ અપનાવે તો વૈશ્વિક બોન્ડ યીલ્ડ (વળતર) તેમજ ડોલર પર દબાણ વધારી શકે છે, તેથી, ૧૫-૧૬ સપ્ટેમ્બરની એફઓએમસી (ફેડરલ ઓપન માર્કેટ કમિટી)ની બેઠક આ સપ્તાહ માટે મુખ્ય વૈશ્વિક પરિબળ બની રહેશે. ભારત માટે ક્રૂડ ઓઈલના ભાવનો વધારો સૌથી મોટું તાત્કાલિક બાહ્ય જોખમ છે. ક્રૂડના ભાવમાં ફરીથી થતો વધારો, ખાસ કરીને જો મધ્ય પૂર્વમાંથી તેલના પુરવઠામાં અવરોધો વધે તો ફુગાવાના દબાણમાં વધારો કરી શકે છે, આયાત બિલ વધારી શકે છે, રૂપિયા પર દબાણ લાવી શકે છે અને કોર્પોરેટ માર્જિન ઘટાડી શકે છે.

અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, સીપીઆઇ ફુગાવા અને વેપારના આંકડા સહિતના સ્થાનિક ડેટા એ બાબત અંગે વધારાના સંકેતો પૂરા પાડશે કે આ દબાણની અર્થતંત્ર પર કેટલી અસર પડી રહી છે. આ સપ્તાહમાં વૈશ્વિક મેક્રોઇકોનોમિક અને ભૂરાજકીય જોખમો ભારતીય શેરબજારને ધાર પર રાખે તેવી શક્યતા છે, જેમાં ક્રૂડ ઓઇલના ભાવ, મધ્ય પૂર્વમાં વિકાસ અને યુએસ નાણાકીય નીતિ માટે બદલાતી અપેક્ષાઓ બજારના સેન્ટિમેન્ટના મુખ્ય ચાલકબળ તરીકે ઉભરી રહી છે.

આવનારા આઇપીઓમાં હીરો મોટર્સનો રૂ. ૧,૦૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. એસ એસ રિટેલનો રૂ. ૫૦૦.૭૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. સોનાસિલેક્શન ઇન્ડિયાનો રૂ. ૧૪૧.૫૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. જિંદાલ સુપ્રીમનો રૂ. ૧૨૪.૮૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

# મુંબઈમાં મેઘરાજાની જોરદાર એન્ટ્રી

## મહિના બાદ વરસાદે મુંબઈગરાને ભીંજવી નાખ્યા, મુંબઈના અનેક વિસ્તારોમાં ૧૦૦ મિ.મિ.થી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઑગસ્ટ મહિનો સૂકો રહ્યા બાદ લગભગ એક મહિનાના લાંબા વિરામ બાદ શનિવાર મોડી રાતથી મુંબઈમાં વરસાદે જોરદાર એન્ટ્રી કરી હતી. મુંબઈના અનેક વિસ્તારોમાં ત્રણ આંકડામાં એટલે કે ૧૦૦ મિલીમીટરથી પણ વધુ વરસાદ નોંધાયો હતો. તેથી ભારતીય હવામાન વિભાગ ૧૩ સપ્ટેમ્બર માટે મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવાની ફરજ પડી હતી. મુંબઈમાં સૌથી વધુ વરસાદ બીકેસીમાં ૧૪૭ મિ.મી. જેટલો નોંધાયો હતો.

આ વર્ષે નબળા ચોમાસાની આગાહી મુજબ જ જૂનમાં મોડેથી

(જુઓ પાનું ૪) ▶▶

### ચોમાસાની વિદાય નજીક

દેશમાં નૈર્ઋત્યનું ચોમાસું ૧૭-૧૮ સપ્ટેમ્બરની આસપાસ પશ્ચિમ રાજસ્થાનથી ચોમાસું પાછું ખેંચાવાનું શરૂ થશે. તેથી આ સિઝનમાં મુંબઈ માટે આ છેલ્લો નોંધપાત્ર વરસાદી રાઉન્ડ હોઈ શકે છે.

મુંબઈમાં ચોમાસાની વિદાય વખતે થતા ગાજવીજ સાથેના વરસાદનો દોર સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયાથી શરૂ થઈ શકે છે. મુંબઈમાં ચોમાસાની વિદાયની સામાન્ય તારીખ આઠ ઑક્ટોબર છે. જોકે ગયા વર્ષે ૧૫ ઑક્ટોબરે વિદાયની જાહેરાત કરવામાં આવી હતી.

### એકાદ દિવસમાં વરસાદનું જોર ઘટશે

હવામાન નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ૧૮ ઓગસ્ટ પછી વરસાદનું પ્રમાણ ઘટીને સિંગલ આંકડામાં આવી ગયું હતું અને ઘણા દિવસો સુધી બિલકુલ વરસાદ પડ્યો ન હતો. ૧૫ ઑગસ્ટ પછી મુંબઈમાં અનુભવાયેલો

(જુઓ પાનું ૪) ▶▶

### સૌથી વધુ વરસાદ બીકેસીમાં

સોમવાર, ૧૪ સપ્ટેમ્બર સુધીમાં વરસાદનું જોર ઘટવાની શક્યતા છે, જોકે સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં મધ્યમ વરસાદની ચેતવણી આપવામાં આવી છે. મુંબઈમાં પાંચ સ્થળે ૧૦૦ મિ.મી. થી વધુ વરસાદ પડયો હતો, જેમાં સૌથી વધુ બીકેસીમાં ૧૪૭ મિ.મી., માગાઠાણેમાં ૧૨૭ મિ.મી., ચેમ્બુરમાં ૧૨૭ મિ.મી., ગોવંડીમાં ૧૨૧ મિ.મી. અને શિવડીમાં ૧૦૬ મિ.મી. અને દાદરમાં ૯૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો.




# ગણેશોત્સવનો આજથી શુભારંભ

### ૧૬,૮૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારી ખડેપગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાનું સોમવારે વાજતે-ગાજતે આગમન થવાનું હોવાથી મુંબઈ પોલીસે મહાનગરમાં બંદોબસ્ત માટેની તૈયારી કરી લીધી છે. મુંબઈમાં નાગરિકો સુરક્ષિત રીતે અને નિર્ભયતાથી ગણેશોત્વની ઉજવણી કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે તેમ જ તહેવારના સમયગાળા દરમિયાન કાયદો-વ્યવસ્થાનો પ્રશ્ન નિર્માણ ન થાય એ માટે ૧૬,૮૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓને બંદોબસ્ત માટે તહેનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ બાપ્પાના

(જુઓ પાનું ૪) ▶▶

### વિઘ્નહર્તાના આગમન અને વિસર્જન માટે બીએમસીની ભવ્ય તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજથી ગણેશોત્સવનો આરંભ થયો છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ તેમના આગમનથી લઈને વિસર્જન માટે ભવ્ય તૈયારીઓ કરી છે. ગણપતિબાપ્પાના આગમન પહેલા જ રસ્તા પરના ખાડા દૂર કરીને રસ્તા સમથળ બનાવવાની સાથે જ વિસર્જન માટે કૃત્રિમ તળાવોની સંખ્યા વધારવા અને મૂર્તિના વિસર્જન માટે ચોપાટીઓ પર રેતીમાં સ્ટીલ પ્લેટ બેસાડવા અને મફતમાં ક્રેનની સુવિધા ઉપલબ્ધ કરી આપી છે.

પાલિકા દ્વારા મહિના અગાઉથી ગણેશમૂર્તિના આગમન અને

(જુઓ પાનું ૪) ▶▶

### જાહેરાત લગાવનારા માટે બીએમસીની ગાઈડલાઈન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગણેશોત્સવ અને એ બાદ નવરાત્રી દરમ્યાન સાર્વજનિક સ્થળો સહિત ફૂટપાથ પર કમર્શિયલ હૉર્ડિંગ્સ લગાવનારાઓ માટે મુંબઈ મહાનગરપાલિકાએ ગાઈડલાઈન બહાર પાડી છે. પાલિકાના નિયમ વિરુદ્ધ તહેવારો દરમ્યાન કોઈ પણ સ્થળે હૉર્ડિંગ્સ લગાડેલા દેખાયા તો તેમની સામે આકરા પગલાં લેવાની ચેતવણી આપવામાં આવી છે. એ દરમ્યાન જ પાલિકાએ તેની 'પેડિસ્ટ્રયન ફર્સ્ટ' પૉલિસીનો પણ અમલ કરવા પર ભાર આપ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના

(જુઓ પાનું ૪) ▶▶

### આ ૧૦ બ્રિજ પર આ વર્ષે પણ ધ્યાન રાખવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજથી શરૂ થઈ રહેલા ગણેશોત્સવ દરમ્યાન ગણેશ ભક્તો અને સાર્વજનિક ગણેશોત્સવ મંડળોને મુંબઈના ઘાટકોપર સહિતના ૧૦ બ્રિજ પર ખાસ ધ્યાન આપવાની ચેતવણી પાલિકા પ્રશાસન દ્વારા આપવામાં આવી છે, જેમાં આ બ્રિજ પરથી પસાર થતા સમયે વધુ ભીડ કરવી નહીં અને નાચતા-ગાતા અને જોરથી ડીજે વગાડવો નહીં અને બ્રિજ પર લાંબા સમય સુધી ઊભા રહેવું નહીં એવું ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યું છે.

મુંબઈ મહાનગરપાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટ દ્વારા ગણેશોત્સવના

(જુઓ પાનું ૪) ▶▶

### હજી સુધી ફક્ત ૨,૭૦૨ ગણેશમંડળને બીએમસીની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળમાં ગણેશમૂર્તિનું આગમન લગભગ મહિના પહેલાથી શરૂ થઈ ગયું હતું અને આજથી ગણેશોત્સવનો આરંભ થઈ ચૂક્યો છે. છતાં રવિવાર સવાર સુધીમાં મુંબઈમાં કુલ ૨,૭૦૨ ગણપતિ મંડળને જ મુંબઈ મહાનગરપાલિકા તરફથી મંજૂરી મળી હતી.

મુંબઈ મહાનગરપાલિકા તરફથી ગણેશમંડળોને મંજૂરી આપવા માટે સિંગલ વિન્ડો સિસ્ટમ રાખવામાં આવી છે, છતાં રવિવાર સવાર સુધીમાં માત્ર ૨,૭૦૨ મંડળને

(જુઓ પાનું ૪) ▶▶

# વસાહતી માનસિકતામાંથી મુક્તિ એટલે અધિકૃત ઈતિહાસ રજૂ કરવોઃ અમિત શાહ

મુંબઈ : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું કે દેશના ઇતિહાસ અને જ્ઞાનને વસાહતી પ્રભાવમાંથી મુક્ત કરવાનો અર્થ ભૂતકાળને ભૂંસી નાખવો નથી, પરંતુ ''ભારતીય દ્રષ્ટિકોણથી અધિકૃત રીતે વિશ્વ સમક્ષ ઐતિહાસિક સત્ય રજૂ કરવું'' છે.

મુંબઈની એશિયાટિક સોસાયટી ખાતે હસ્તપ્રતોના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ તેમણે કહ્યું કે ભારતીય જ્ઞાન, ઇતિહાસ, પરંપરાઓ, ભાષાઓ, હસ્તપ્રતો અને અભિલેખાગારોનું જતન કરવું જોઈએ અને તેને દેશ તથા વિશ્વભરના લોકો સુધી પહોંચાડવા જોઈએ. શાહે કહ્યું, કે વસાહતી માનસિકતામાંથી મુક્તિનો અર્થ ઇતિહાસને ભૂંસી નાખવો નથી. આપણા દ્રષ્ટિકોણથી, તેનો અર્થ ભારતીય દ્રષ્ટિકોણથી અને અધિકૃત રીતે

(જુઓ પાનું ૪) ▶▶

### લેબ-ગ્રોન ડાયમંડ ઈકોસિસ્ટમ પર ભારતીયોનું નિયંત્રણ હોવું જોઈએ

મુંબઈ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કહ્યું હતું કે લેબ-ગ્રોન ડાયમંડની ઇકોસિસ્ટમ પર ભારતીયોનું નિયંત્રણ હોવું જોઈએ; તેમણે ઉમેર્યું કે દેશ પાસે આ માટે જરૂરી માળખાગત સુવિધાઓ અને ક્ષમતાઓ ઉપલબ્ધ છે.

મુંબઈમાં બાવનમાં 'ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી અવોર્ડ્સ' અર્પણ કર્યા બાદ સંબોધન કરતા શાહે કહ્યું, ''જથ્થાની દ્રષ્ટિએ જોઈએ તો, લેબ-ગ્રોન ડાયમંડનું બજાર વર્તમાન હીરાના બજાર કરતાં લગભગ ૫૦ ગણું મોટું થવાની સંભાવના છે. આ

(જુઓ પાનું ૪) ▶▶




# મુંબઈ કૂચ દરમિયાન મારી હત્યાનું કાવતરુંઃ જરાંગે

જાલના (મહારાષ્ટ્ર): મનોજ જરાંગે પાટીલે રવિવારે આરોપ કર્યો હતો કે, મુંબઈ સુધી યોજાનારી પોતાની 'શાંતિપૂર્ણ' કૂચ દરમિયાન મુશ્કેલી ઊભી કરવા અને પોતાની હત્યા કરવાનું કાવતરું રચવામાં આવી રહ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તેઓ કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં.

મહારાષ્ટ્રના જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામમાં વિરોધ સ્થળ પર સમર્થકો અને મીડિયાકર્મીઓને સંબોધિત કરતી વખતે જરાંગેએ દાવો કર્યો હતો કે અરાજકતા ફેલાવવા અને તેમને નિશાન બનાવવા માટે સત્તાધારી પક્ષો સાથે સંકળાયેલા લોકોને આ કૂચમાં મોકલવામાં આવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે મુંબઈમાં પ્રસ્તાવિત આંદોલન પહેલાં આ મુદ્દાનો ઉકેલ લાવવા માટે સરકાર પાસે હજુ આઠ દિવસનો સમય છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર નિશાન સાધતા તેમણે આરોપ લગાવ્યો હતો કે સત્તામાં બેઠેલા લોકો તેમની વિરુદ્ધ કાવતરું રચી રહ્યા છે. વધુમાં તેમણે દાવો કર્યો હતો કે, ભાજપ અને એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના કેટલાક મરાઠા ધારાસભ્યો તેમના સમર્થકોને ફોન કરી રહ્યા છે અને કૂચમાં ભાગ ન લેવા માટે કહી રહ્યા છે. હું મરવા તૈયાર છું, પણ ઝૂકવા તૈયાર નથી, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

### ચેમ્બુરમાં બેસ્ટની બસમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના કાફલામાં એક મહિના પહેલા દાખલ થયેલી નવી કૉન્ટ્રેક્ટ પર લીધેલી બસમાં રવિવારે વહેલી સવારના આગ લાગી હતી. જોકે બસ ડ્રાઇવરની સાવચેતીથી મોટી દુર્ઘટના ટળી હતી અને કોઈ જાનહાનિ થઈ નહોતી.


(જુઓ પાનું ૪) ▶▶

### નાલાસોપારામાં મૂર્તિ ઊંધી પડતા ચકચાર

મુંબઈ/નાલાસોપારાઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થી પહેલાં મોટી ગણેશમૂર્તિઓ પડવાનો અને ખંડિત થવાની ઘટનાઓનો સિલસિલો યથાવત્ રહ્યો છે, પરંતુ વધતા બનાવો અંગે સોશ્યલ મીડિયા પર પણ લોકોએ શુકન-અપશુકનની અટકળો વ્યક્ત કરી હતી.

નાલાસોપારાના યશવંત ગૌરવ વિસ્તારમાં શનિવારે

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**